રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા-મણાર સંયુક્ત વાર્ષિકોત્સવ

વક્તા : શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની

વિષય : 'શ્રી દક્ષિણામૂર્તિ સ્તોત્ર : આજની અને સનાતન કેળવણીના સંદર્ભમાં'




તારીખ : ૦૯-૦૧-૨૦૨૩, સોમવાર

સ્થળ : આંબલા

"મોજ- પ્રસન્નતા- આનંદ એ માનવજીવનનું અંતિમ લક્ષ્ય છે."

વર્ષ: ૭૬ અંક : ૦૭ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૩

# ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા-મણાર સંયુક્ત વાર્ષિકોત્સવ



વાર્ષિકોત્સવ સમારંભ




સભા સંચાલન
શ્રી નરેન્દ્રભાઈ મકવાણા




આવકાર ભૂમિકા
શ્રી સુરસંગભાઈ ચૌહાણ




સંદેશાવાચન
શ્રી રાજુભાઈ વાળા



પ્રાસંગિક
શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ



મણાર વાર્ષિક અહેવાલ રજૂઆત
શ્રી ડાયાભાઈ ડાંગર



દીપ પ્રાગટ્ય




આંબલા વાર્ષિક અહેવાલ રજૂઆત
શ્રી વાઘજીભાઈ કરમટિયા

# કોડિયું

વર્ષ : ૭૬ | ફેબ્રુઆરી : ૨૦૨૩ | અંક : ૦૭

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા - વાર્ષિક અહેવાલ**<br>વાઘજીભાઈ કરમટિયા | ...૨૯૦ |
| ૦૨ | **ગ્રામદક્ષિણામૂર્તિ, મણાર- વાર્ષિક અહેવાલ**<br>ડાયાભાઈ ડાંગર | ...૨૯૫ |
| ૦૩ | **શિક્ષકનો અભિગમ**<br>ભાણદેવજી | ...૩૦૧ |
| ૦૪ | **માતૃત્વનું સરનામું : વિજયામાડી**<br>મહેશ પઢારિયા | ...૩૦૩ |
| ૦૫ | **માતૃભાષાના સંવર્ધનમાં શિક્ષકનું દાયિત્વ**<br>ડૉ. સંજય આર. તલસાણીયા | ...૩૦૭ |
| ૦૬ | **લોકભારતીનું ગૌરવ : રવજી ગાબાણી**<br>પ્રવીણચંદ્ર ઠક્કર | ...૩૧૧ |
| ૦૭ | **કદી નહીં ભુલાય સત્યનો એ અંતિમ પ્રયોગ**<br>સોનલ પરીખ | ...૩૧૪ |
| ૦૮ | **ગીતાનો કર્મયોગ**<br>ડૉ. બી. એમ. શેલડિયા | ...૩૧૬ |
| ૦૯ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૩૨૧ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા


**◆ સૂચના ◆**

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆**

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**◆ લવાજમ ◆**

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

### ...આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) સમજીએ...

માનવજીવનની ઉત્ક્રાંતિમાં પરિવર્તનો આવતાં રહ્યાં છે અને આવતાં રહેશે. પરિવર્તનોને જ માનવ-અસ્તિત્વનાં રહસ્ય તરીકે ગણાવાય છે. એક ગણતરી પ્રમાણે ત્રણ અબજ વર્ષ પહેલાં જન્મેલા જીવબિંદુમાંથી હજુ હમણાં એકાદ લાખ વર્ષ પહેલા જ માણસ ઊભો રહેતો થયો. ૮૮ હજાર વર્ષ અન્ય પશુ-પંખીની જેમ ભટકતું પ્રાકૃતિક-જીવન જીવતો માણસ બારેક હજાર વર્ષથી સ્થિર થયો છે અને કૃષિ-ક્રાંતિએ તેના ભટકુ જીવનને નવો ઘાટ આપ્યો છે. મનુષ્યનાં શરીરબળ અને પશુઊર્જાથી ખેતીપ્રધાન સંસ્કૃતિના શ્રીગણેશ થયા. ગાડાનું પૈડું અને કુંભારનો ચાકડો આ નવી સંસ્કૃતિની આધારશિલા બન્યા. એક માનવીય અભિગમ ધરાવતી સંસ્કૃતિનો ઉદય થયો.

અભ્યાસ એવું કહે છે કે કાળક્રમે માનવીની બુદ્ધિમત્તાનો આંક વધતો જાય છે. માનવી પોતાનું જીવન વધારેને વધારે સરળ, સલામત અને આનંદાયક કરવા પ્રયત્નશીલ રહ્યો હોવાથી અનેક પ્રકારનાં કૌશલ્યોનો ઉદ્ભવ થયો છે. માનવ જીવનમાં અને પ્રકૃતિમાં બનતી ઘટનાઓનાં કારણો તપાસવાની જિજ્ઞાસામાંથી વિજ્ઞાનનો જન્મ થયો. માણસે વિજ્ઞાનના આધારે ટેકનોલોજીને વિકસાવી. પ્રાકૃતિક સંસાધનો આધારિત જીવતાં માણસ યંત્રો બનાવતો-વાપરતો થયો. આ યંત્રોએ માણસની જીવનશૈલી બદલી નાખી અને એક પુશબટન ટેકનોલોજી માનવજીવનમાં છવાઈ ગઈ. આ યંત્રોએ માણસની શક્તિને સંવર્ધિત કરી પણ માણસનું સ્થાન લઈ શકી નહીં. અલબત્ત, એક બજારુ સંસ્કૃતિનો જન્મ થયો.

સત્તરમી સદીમાં કમ્પ્યુટર નામના એક નવા જ પ્રકારના યંત્રનો ઉદય થયો. આ યંત્રના બેશુમાર વેગે મોટા ઓરડા જેવડા વિસ્તારમાં હજારો ટન વજન ધરાવતાં આ મશીનો પચાસેક વર્ષમાં તો આપણી આંગળીના ટેરવે રમતા થઈ ગયાં. માણસ સહિતના પશુ-પંખીઓના વ્યવહાર અને શરીરરચના પરથી વૈજ્ઞાનિકોએ કલ્પનાતીત યાંત્રિક રચનાઓ સર્જીને વિશ્વને અચંબામાં પાડી દીધું છે. માનવશરીરનું વર્તન તેને મળતા જ્ઞાનેન્દ્રિયોના સંકેતો આધારિત છે. આ સંકેતોનું નિયમન મગજ દ્વારા થાય છે. મગજમાં અબજો જ્ઞાનતંતુઓથી જોડાએલી 'ન્યુરોન' નામની ૮૬ અબજ જેટલી જ્ઞાનકોશિકાઓ આવેલી છે! આવા આ અતિ જટિલ માનવીય ચેતાતંત્રનો અભ્યાસ કરીને વૈજ્ઞાનિકો 'કૃત્રિમ બુદ્ધિમત્તા'- AI વિકસાવવામાં સફળ રહ્યા છે. આ AI પૃથ્વીલોકની સમસ્યાઓની તારણહાર બનશે કે સર્વનાશ નોતરશે તેનો આધાર આપણા સૌના વિવેક પર નિર્ભર કરે છે.

ઈન્ટરનેટ ક્રાંતિએ દુનિયાભરનાં કમ્પ્યુટર્સને અને એમના દ્વારા આપણા વ્યાપાર, શિક્ષણ, આરોગ્ય અને સંબંધો વગેરેને એવા જોડ્યા કે હવે ઈન્ટરનેટ જાણે કે માનવ-જીવન વ્યવહારનું અભિન્ન અંગ બન્યું છે.

ગૂગલ કંપનીએ તમામ ક્ષેત્રની માહિતી અને જ્ઞાનનું એકત્રીકરણ કરીને સૌ કોઈ માટે ક્ષણભરમાં નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવીને જ્ઞાનનું સાર્વત્રીકરણ કર્યું. આમ, આજે ગૂગલ એક વિશ્વજ્ઞાનસ્રોત બની રહ્યું છે. ગૂગલની પાયાની કંપની આલ્ફાબેટની સહાયક કંપની ડીપ માઈન્ડ એ વિશ્વની સૌથી વધારે સક્ષમ અને સક્રિય AI લેબ ગણાય છે. તેના સી.ઈ.ઓ. ડેવિસ હસાબીસના કહેવા પ્રમાણે માનવતાને કેન્દ્રમાં રાખીને માનવ સામે ઊભી થયેલી વિકરાળ રાક્ષસી સમસ્યાનો ઉકેલ અમે AI દ્વારા ઉકેલવા માંગીએ છીએ. અલબત્ત આ એવી અજોડ અને અમાપ શક્તિ ધરાવતી ટેકનોલોજી જન્મી છે કે તે સમગ્ર માનવજાતની સંસ્કૃતિ અને માનસિકતાને સાવ પલટાવી નાંખશે.

તાજેતરમાં શોધાયેલું 'ચૅટ જીપીટી' નામનું સોફ્ટવેર એ કોઈ પણ સવાલના સ્વતંત્ર જવાબ આપવા સક્ષમ છે. સાહિત્યનિર્માણ, સંપાદન, ભાષાંતર, કાલ્પનિક શક્યતાઓ અને સંશોધનપત્રોના ક્ષેત્રે એક નિપુણતાની ગરજ સારતું અત્યંત સક્ષમ સાધન તૈયાર થઈ રહ્યું છે. આ આવી રહેલી નવી ટેકનોલોજી માનવ અને બ્રહ્માંડ સાથેની સુસંવાદી નવી સંસ્કૃતિની આધારશિલા બનશે કે સર્વનાશ નોતરશે એ તો સમય જ કહી શકે પણ અત્યારે તો આ અભ્યાસ કરવો આપણા માટે અનિવાર્ય બની ગયો છે.

— (signature)

## ૦૧. ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા
## વાર્ષિક અહેવાલ
## (જાન્યુઆરી-૨૦૨૧ થી ડિસેમ્બર-૨૦૨૨)

**વાઘજીભાઈ કરમટિયા**

---

ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા અને મણાર સંસ્થાના વાર્ષિકોત્સવ-૨૦૨૩ના મહેમાનશ્રી, શ્રધ્ધેય દેવપ્રસાદજી મહારાજ. આપણી સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી આ. અરુણભાઈ, કાર્યવાહક ટ્રસ્ટીશ્રી પ્રશાંતભાઈ, નિયામકશ્રી અન્ય ટ્રસ્ટીશ્રી અમારા આમંત્રણને, સાદર સ્વીકારી પધારેલ મુરબ્બીઓ, શુભેચ્છકો,મિત્રો,ગ્રામજનો, વાલીગણ આંબલા-મણાર સંસ્થાના કાર્યકર પરિવાર તથા વિદ્યાર્થી ભાઈ, બહેનો આપ સૌને મારા હ્રદયપૂર્વકના નમસ્કાર.

**શ્રધ્ધાંજલિ**

ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા સંસ્થાનો વાર્ષિક અહેવાલ આપ સમક્ષ રજૂ કરતા પહેલા આ વર્ષ દરમિયાન અનંતની વાટે સીધાવ્યા છે તેવા દિવંગત આત્માઓને સ્મરણ કરી નમન કરી લઈએ.

આપણા પૂર્વકાર્યકર આચાર્યશ્રી ભીખાભાઈ કોરાટના ધર્મ પત્ની સ્વ મુકતાબહેન, પૂ.મૂળશંકરભાઈ ભટ્ટના દીકરી સ્વ ઊર્મિલાબેન.નાનાબહેન, સ્વ મીનાબહેન. પૂર્વ કાર્યકર શ્રીયશવંતભાઈ ત્રિવેદીના ધર્મપત્ની સ્વ રમાબહેન. મોરારજીભાઈ દેસાઈ સહિત ત્રણ વડાપ્રધાનના સચિવ અને આપણા શુભેચ્છક મોભી એવા શ્રીહસમુખભાઈ શાહ,આંબલા સંસ્થાના કાર્યકર શ્રીનરેન્દ્રભાઈ મકવાણાના દાદાશ્રી હરિલાલભાઈ ,લોકભારતીના પૂર્વ કાર્યકર શ્રી ત્રંબકભાઈ વ્યાસ,લોકભારતીના પૂર્વ રસોડા વ્યવસ્થાપક શ્રીકાંતિકાકાના ધર્મ પત્ની ,લોકદક્ષિણામૂર્તિના વડીલ,માર્ગદર્શક શ્રીમનુભાઈ મહેતા.આપણા પૂર્વ વિદ્યાર્થી શ્રી યોગરાજસિંહે ટૂંકી બીમારીમાં વિદાય લીધી. પૂર્વ વિદ્યાર્થી અને દાતા-શુભેચ્છકશ્રી બાબુભાઈ જાસોળીયાના ભાભી સ્વ સવિતાબહેન,લોકભારતી અધ્યાપન મંદિરના પૂર્વ કાર્યકર સ્વ ચંપકભાઈ સોની,બાલાભાઈ કોસિયા ,તેમજ આપણા પૂર્વ વિદ્યાર્થી અને લોકશાળા ધજાળા સંસ્થાના સ્થાપકશ્રી વિનોદભાઈ મકવાણા મહાપ્રસ્થાન કરી ગયા છે. આપણે-બૃહદ પરિવાર દિવંગત આત્માઓને શ્રધ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

**નવનિયુક્તોને આવકાર**

આંબલા સંસ્થામાં ધો-૧૧-૧૨ના ગૃહપતિ તરીકે ભેરુભાઈ,પ્રવાસી શિક્ષક તરીકે શ્રી હેતલબહેન, મોજીલા શિક્ષણમાં શ્રી અજયભાઈ મકવાણા તથા કૃષિવિકાસ કેન્દ્રમાં કનુભાઈ ચૌહાણ કાર્યકર તરીકે જોડાયા

**સેવા નિવૃત્તિ**

આંબલા સંસ્થામાં મુખ્ય ગૃહપતિ તરીકે ફરજ બજાવતા શ્રી રામદેવભાઈ ગોહિલ લોકભારતી યુનિવર્સિટીમાં જોડતા અહીથી સેવા નિવૃત્ત થયેલ છે તથા શ્રી મહમ્મદભાઈ, શ્રી આશીષભાઈ વેગડ તથા શ્રી કૈલાસબહેન પ્રવાસી શિક્ષકમાંથી મુક્ત થયેલ છે.

**સંસ્થાના વિભાગનો વિગતવાર અહેવાલ આપું તે પહેલા કેટલાક ખુશીના સમાચારની એક ઝલક**

- ગત વર્ષે તા. ૦૯/૦૧/૨૦૨૨ ના રોજ ઉજવાયેલ વાર્ષિકોત્સવ આદરણીયશ્રી અરુણભાઈ દવેની અધ્યક્ષતામાં ઉજવવામાં આવેલ. કોરોનાને કારણે કાર્યક્રમ ટૂંકાવવામાં આવેલ.

- તા.૧૪ માર્ચ ૨૦૨૨ ના રોજ આંબલા લોકશાળા કેમ્પસ પર માતૃશ્રી કાશીબા હરિભાઈ ગોટી - સંસ્થા સુરતના '૨૦૮-સરસ્વતી ધામ અભિયાન' તળે તથા પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીજ-મુંબઈના સહયોગથી મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી પુસ્તકાલયનું લોકાર્પણ શ્રી રઘુવીરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને થયું. વિશાળ સંખ્યામાં ભૂતપૂર્વ કાર્યકર, વિદ્યાર્થીઓ અને હિતેચ્છુઓ ઉપસ્થિત હતા.
- તા.૨૦ માર્ચ-૨૦૨૨ ના રોજ ધોરણ-૧૦-૧૨ના વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને ઉજ્જવળ ભવિષ્યની શુભકામના પાઠવાતો કાર્યક્રમ ભારતના સૌથી નાની ઉંમરના આઈ. પી. એસ. અધિકારીશ્રી સાફિન હસીન સાહેબની અધ્યક્ષતામાં આયોજન કરવામાં આવેલ .
- તા.૨૬ માર્ચ-૨૦૨૨ ના રોજ સ્પિપાના જોઇન્ટ ડાયરેક્ટર અને મોટીવેશનલ સ્પીકર શ્રી શૈલેશભાઈ સાગપરિયાએ પ્રાર્થના અનુસંધાને વક્તવ્ય આપેલ.
- વિશ્વગ્રામ-મહેસાણા સંસ્થા સાથે મળી 'સ્કૂલ સે મિલે સ્કૂલ' પ્રોજેક્ટ અંતર્ગત કાશ્મીર ઉરી વિસ્તારમાં આચાર્યશ્રી વાઘજીભાઈ તથા શ્રી ગૌરાંગભાઈ જઈ આવ્યા.
- આપણી સંસ્થાના ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થી શ્રી રમેશભાઈ સંઘવીને ચિત્રકૂટ- તલગાજરડા ખાતે પૂજ્ય મોરારીબાપુના હસ્તે શાલ-સુતરની માળા- સન્માન પત્ર અને એક લાખ પચીસ હજારની ધનરાશિ આપી સદ્ભાવના એવોર્ડથી નવાજવામાં આવેલ.
- રાજ્ય પરીક્ષા બોર્ડ- ગાંધીનગર દ્વારા લેવાતી ધોરણ -૯ માધ્યમિક શિષ્યવૃતિ પરીક્ષા વર્ષ-૨૦૨૨માં આંબલા લોકશાળાના વિદ્યાર્થીઓ પ્રથમ ક્રમે જાડેજા આર્યરાજસિંહ, ઇંદ્રજીતસિંહ તથા દ્વિતીય ક્રમે કાલિયા ઉમેશભાઈ રાજુભાઈની પસંદગી થયેલ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ ધોરણ-૧૦-૧૨નું ૧૦૦% પરિણામ લાવનારી, સમગ્ર જિલ્લાની એક માત્ર ગ્રાન્ટેડ શાળા તરીકે ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા આંબલા રહી હતી, આ નિમિત્તે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શાળાનું સન્માન કરવામાં આવેલ.
- શિહોર તાલુકા શિક્ષક મંડળીમાં આંબલા સંસ્થાના આચાર્યશ્રી વાઘજીભાઈ બિન-હરીફ ડિરેક્ટર તરીકે વરણી થયેલ છે.
- આંબલા ખાતે શિહોર તાલુકાના કૃષિવિકાસ કેન્દ્રનું આદરણીય અરુણભાઈ દવેના અધ્યક્ષ સ્થાને ઉદઘાટન કરવામાં આવેલ.
- સંસ્થામાં વ્યક્તિત્વ વિકાસ શિબિર કરવામાં આવી હતી.

**હવે ગત વર્ષના કેટલાક સમૂહના કાર્યક્રમ ઉપર એક નજર નાખી લઈએ**

- મકરસંક્રાંતિ નિમિતે ગોપૂજન, ગોશાળા સફાઇ અને ગાય મહિમાનો કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં શ્રીધરભાઈ ગજ્જર મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા.
- ૨૬ જાન્યુઆરી-પ્રજાસત્તાક દિવસનો ધ્વજ-વંદન કાર્યક્રમ જિલ્લા પંચાયતના સદસ્યશ્રી મુકેશભાઈ રાઠોડના વરદ હસ્તે ગોઠવવામાં આવેલ.
- ગાંધી-નિર્વાણ દિન નિમિત્તે શ્રી ગૌરાંગભાઈએ વિદ્યાર્થીઓને ગાંધીજી અને તેમના પ્રબોધેલા અગિયાર વ્રતો વિશે વક્તવ્ય આપેલ.

- સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ —રાજકોટના સહયોગથી આંબલા ખાતે છાશ કેન્દ્ર ચલાવવામાં આવેલ.
- એન.એસ.એસ.ની ખાસ વાર્ષિક શિબિર ઘોઘા તાલુકાના ત્રાંબક મુકામે યોજવામાં આવેલ જેમાં સર્વ રોગ નિદાન કેમ્પ,વિજ્ઞાન સર્વત્ર પૂજયતે વિજ્ઞાન કાર્યક્રમ તથા શિબિરના રાબેતા મુજબના કાર્યક્રમો રાખવામાં આવેલ.
- અંધજન દિન નિમિત્તે આસપાસના ગામોમાં જઈને ફંડ-ફાળો એકઠો કરવામાં આવેલ.
- ધોરણ -૧૦-૧૧-૧૨ના કુલ ૧૦૪ ભાઈઓ —બહેનો અને ૭ કાર્યકરો ઉત્તર ભારતનો ટ્રેનમાં શૈક્ષણિક પ્રવાસ કરી આવ્યા. ૧૨ દિવસના વ્યક્તિદીઠ કુલ રૂપિયા ૪૮૫૦ ખર્ચે પ્રવાસમાં થયો હતો.
- તાઉતે વાવાજોડાના નુકસાનને પહોંચી વળવા માટે આ વખતે કેમ્પસ પર ફળ ઝાડના રોપા રોપવામાં આવેલ.
- આંબલા તથા વિશ્વગ્રામ સંસ્થાના સહયોગથી કોરોના કીટનું વિતરણ કરવામાં આવેલ.
- મોજીલા શિક્ષણ આંબલા ખાતે બાળકો સાથે ત્રણ શિબિર કરી અને વિજ્ઞાન સપ્તાહ દરમિયાન વિજ્ઞાન સર્વત્ર પૂજયતે અંતર્ગત ૧૫ શાળાઓમાં જઈને વિજ્ઞાન પ્રદર્શન અને વિજ્ઞાનના પ્રયોગો કરવામાં આવેલ જેમાં શ્રી મહર્ષિભાઈ તથા શ્રી કેતનભાઈએ માર્ગદર્શન આપેલ.
- જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. પરવેજભાઈ પઠાણે વ્યાસનમુક્તિ અંગે પી. પી. ટી. સાથે વ્યાખ્યાન આપ્યું અને સાથો સાથ વિદ્યાર્થીઓમાં વ્યસનમુકિત જાગૃતિ માટે મિત્ર સ્પર્ધાનું આયોજન કર્યું. દરેક વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા.
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સોનગઢના ડૉક્ટર મિલનભાઈ તથા તેમની ટીમે દરેક વિદ્યાર્થી ભાઈઓ બહેનોના બ્લડગ્રુપ અને હિમોગ્લોબિનની તપાસ કરી હતી. તેમજ ઘરે ભોજન લેતા અને સંસ્થાના રસોડે ભોજન લેતા વિદ્યાર્થીઓનો તુલનાત્મક અભ્યાસ કર્યો.
- કોરોનાના સમયમાં કોરોનાના દર્દીઓ માટે સોનગઢ પી.એચ.સી. અને ગ્રામપંચાયતના સહયોગથી આઈસોલેશન વોર્ડ હાયર સેકન્ડરી કેમ્પસ પર ઊભો કર્યો હતો.
- તા. ૨૪ના રોજ આનંદશાળાના ૪૩ શિક્ષક ભાઈઓ અને બહેનો શાળાની મુલાકાતે પધાર્યા હતા.
- તા.૨ના રોજ ભાણવડથી પુરુષાર્થ તપોવનમાંથી પૂજ્ય શ્રવણપ્રિય દર્શનસ્વામી તથા શિક્ષકગણ અને ૧૦ વિદ્યાર્થીઓ સંસ્થાની દિનચર્યામાં જોડાયા અને સાંજની પ્રાર્થનાના અનુસંધાને પ્રેરણાત્મક વાતો કરી.
- તા.૧૫ થી ૨૬ દરમિયાન આંબલા કેમ્પસ પર ધોરણ-૧૨ ના હિન્દી-સંસ્કૃત વિષયના પેપર જોવાનું મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર આપવામાં આવેલ. આ દરમિયાન મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રની મુલાકાતે માધ્યમિક પરીક્ષા બોર્ડ ગાંધીનગરના નિયામકશ્રી અવનીબા મોરી તેમજ શ્રી ઝલકબહેન સંસ્થા મુલાકાત માટે આવેલ.
- તા.૨૨ ના રોજ જોધપુર નિવાસી શ્રી સોહનલાલજી વડેરા સંસ્થા મુલાકાતે આવેલ વિદ્યાર્થીઓને ખીર-પૂરીનું ભોજન કરાવેલ.
- તા. ૨૯ ના રોજ સૌરાષ્ટ્ર લોકશાળા સંઘની બેઠક આંબલા મુકામે શ્રી નાનુભાઈ શિરોયાના પ્રમુખ સ્થાને યોજાઈ ગઈ.
- તા. ૬ ના રોજ નેવલ એન. સી. સી. કમાન્ડિંગ ઓફિસર લેફ્ટનલ કર્નલ શ્રી નીતિનભાઈ શાહ તથા તેમનો સ્ટાફ વાર્ષિક ટ્રેનિંગ કેમ્પના આયોજન માટે સંસ્થાની મુલાકાતે આવેલ.
- તા. ૨૬ ના રોજ રણછોડદાસજી ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ અને નેચર ક્યોર સેન્ટર ભાવનગરના સહયોગથી

વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ અને આરોગ્ય તપાસણી કેમ્પ૩ ગુજરાત નેવલ એન. સી. સી.ના લેફ્ટેન્ડ કમાન્ડરશ્રી નીતિનભાઈ શાહના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયેલ. જેમાં આસપાસના ગામોના ૧૩૫ દર્દીઓએ લાભ લીધેલ, જેમાંથી ૨૫ દર્દીઓને ઓપરેશન માટે રાજકોટ લઈ ગયા હતા. આ કેમ્પમાં સાંધાના ૬૦ દર્દીઓએ પણ લાભ લીધો હતો.

- તા. ૨૮ ના રોજ ભાવનગર જિલ્લા શિક્ષણ સંઘના પ્રમુખશ્રી સુરેશભાઈ પટેલે પ્રાર્થનાના અનુસંધાને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપેલ અને વિદ્યાર્થીઓને ચોપડાનું વિતરણ કરેલ.
- તા. ૧૦ થી ૩૧ દરમિયાન અલગ અલગ જિલ્લાઓમાંથી ૨૫૦ કેડેટનો ૩ ગુજરાત નેવલ એન.સી. સી.નો વાર્ષિક તાલીમ કેમ્પ યોજાઈ ગયેલ તેમાં ફાયરિંગ, વ્યક્તિત્વ વિકાસ, વેપન વગેરેની તાલીમ અપાઈ.
- 'હર ઘર તિરંગા' કાર્યક્રમ અંતર્ગત આંબલા ગામમાં રેલીનું આયોજન કરવામાં આવેલ.
- ગુરુપૂર્ણિમાના મહિમાનો કાર્યક્રમ શ્રી વિશાલભાઈ ભાદાણીના વક્તવ્યથી આયોજન કરવામાં આવેલ.
- રક્ષાબંધન પર્વની ઉજવણી સોનગઢ પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ.ના અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી.
- ૧૫ મી ઓગસ્ટના રોજ જલધારા ખોડીયાર મંદિરના મહંતના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન થયું હતું.
- હાર્ટફુલનેસ કાર્યક્રમ અંતર્ગત બે વિદ્યાથિની બહેનો ૩ દિવસ તાલીમમાં શ્રી રામભાઈ સાથે હૈદરાબાદ જઈ આવી.
- સરકાર તરફથી ગામની વિદ્યાર્થિની બહેનોને સાયકલ વિતરણ કાર્યક્રમ યોજાઈ ગયો.
- શ્રી રાણા સાહેબ દ્વારા વર્કશોપ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્ટ રોબોટિક્સ ડ્રોન ટેકનોલોજી પર વિદ્યાર્થીઓને સમજૂતી આપી પ્રેક્ટીકલ વર્ક કરાવેલ.
- અંધશાળા- ભાવનગર તરફથી વન-ડે પ્રવાસમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી જવા માટે આપણી સંસ્થાના પાંચ વિદ્યાર્થી તથા એક કાર્યકર પસંદ થયેલ. તેઓ પ્રવાસનો અનુભવ લઈ આવ્યા.
- પીડીલાઈટની ટીમ લવીના મેડમ સાથે સંસ્થા મુલાકાતે આવી ગયા.
- આનંદ મિત્ર મંડળની પ્રવૃત્તિ દ્વારા સંસ્થાના વિચારોને ઉજાગર કરતો કાર્યક્રમ દર માસે કરવામાં આવે છે.
- શ્રી હસિતભાઈ મહેતા વિદ્યાર્થીઓને વાર્તા કહેવા માટે આવી ગયા.
- લોકભારતીના નિયામકશ્રી હસમુખભાઈ દેવમુરારિ અને ધરતીબેન જોગરાણા આકાશ-દર્શન કાર્યક્રમ માટે આવી ગયા.
- ઉત્તર ભારત પ્રવાસમાં ન ગયેલ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને શેત્રુંજય પર્વત, માયધર સંસ્થા, શેત્રુંજય ડેમ, હસ્તગીરી રોહીશાળા વગેરે સ્થળોએ કાર્યકરો સાથે પ્રવાસ કરાવ્યો હતો.
- તા.૨૭ થી ભાવનગર વિવેકાનંદ કન્યાકુમારી તરફથી વ્યક્તિત્વ વિકાસ શિબિર કરવામાં આવેલ જેમાં રાજેન્દ્રસિંહ રાણા,શિશિરભાઈ ત્રિવેદી મહાનગરપાલિકા શિક્ષણ સમિતિના ચેરમેન. કચ્છથી હેલ્લારો ફિલ્મના ગાયક કલાકાર શ્રી મુરાલાલ તેમજ તેમના સાથીદારો દ્વારા સાંજના સુ-મધુર કચ્છી ગીતોનો યાદગાર કાર્યક્રમ યોજાઇ ગયો.
- શબદશાળા અંતર્ગત જુદા જુદા સંગીતના કાર્યક્રમ યોજવામાં આવેલ.
- આ સિવાય રેગ્યુલર દર વર્ષે યોજાતા કાર્યક્રમ જેવા કે આનંદ બજાર, સ્વયંપાક, શિક્ષણદિન, રમતોત્સવ, બોર ખાવા જવું, ખજાનાની શોધ,વર્ષાસ્નાન, ફિલ્મદર્શન,ગરબી,લોકસંગીત,સાંસ્કૃતિક કાર્યક્રમ, હોળી,ધુળેટી, મકરસંક્રાંતિ, સમૂહભોજન, મહાભોજન, છાત્રાલયની રાત્રિપ્રવૃત્તિઓ વગેરે નિયમિત રીતે યોજવામાં આવેલ.

### દાન

- આ વર્ષે પુસ્તકાલયના પુસ્તક રીપેરીંગ માટે છાયાબહેન મુકેશભાઈ પારેખની પ્રેરણાથી શ્રી નરેન્દ્રભાઈ તથા શ્રી દીપિકાબહેન દેપાલા તરફથી આપણા પુસ્તકાલયને ૧૦,૦૦૦ + ૧૦,૦૦૦ના ચેક અર્પણ કરવામાં આવેલ.
- પાણીના પરબ માટે જોધપુર નિવાસી શ્રી સોહનલાલજી વડેરા તરફથી૧.૫ લાખ ભેટ આપવામાં આવેલ.
- નવા વર્ગખંડ તથા છાત્રાલયના બાંધકામ માટે ૧૧લાખ જેરામભાઇ ભગવાન જાસોલીયા તરફથી ★ ૧૧ લાખ રૂપિયા સ્વ.સવજીભાઈ આંબાભાઈ તરફથી ★ ૭ લાખ રૂપિયા બાબુભાઇ ધરમસીભાઈ તરફથી મળેલ છે.
- ૨૫ લાખ રૂપિયા સી.એસ.આર. સિરમ કંપની મનસુખભાઈ માંડવિયા તરફથી આવેલ છે.
- શ્રી કૃષ્ણકુમારસિંહજી પુસ્તકાલયના બાંધકામ માટે કસીબાચેરીટેબલ ટ્રસ્ટ કેસુભાઈ ગોટી તરફથી ૨૦ લાખ મળેલ છે.

વિદ્યાર્થીઓની સંખ્યા

| ધોરણ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| ૯ | ૩૪ | ૧૭ | ૫૧ |
| ૧૦ | ૩૦ | ૨૮ | ૫૮ |
| ૧૧ | ૩૭ | ૧૬ | ૫૩ |
| ૧૨ | ૩૦ | ૨૪ | ૫૪ |
| ૧૩૧ | ૮૫ | ૨૧૬ | |

### કૃષિ વિભાગ

- પ્રાયોગિક ખેતીમાં આ વર્ષે કપાસનું વાવેતર કરવામાં આવેલ.
- ખેતીવાડીએ કપાસનો ઉતારો ખૂબ જ સારો રહેલ. આ ઉપરાંત લીંબુ-જામફળનો પણ ઉતારો સારો રહેલ.
- દર વર્ષની જેમ આ વર્ષે પણ નર્સરી વિભાગના આંબા-ચીકુનો ઈજારો આપવામાં આવેલ.
- ગત વર્ષે ખેતીની જમીનમાં ઘઉ, બાજરો, ચણાનું પણ વાવેતર કરવામાં આવેલ.
- આ વર્ષે કપાસ, ચણા, ઘઉં જેવા પાકો તથા નર્સરી વિભાગમાં આંબા ચીકુ, જામફળ,લીંબુ જેવા ફળ-ઝાડ પ્રમાણમાં સારા છે.

### ગૌશાળા

- આંબલા ગૌશાળાનું સરાસરી ઉત્પાદન ૬ લિટર આવે છે. હાલમાં નીચે પ્રમાણે પશુઓ છે.

| ક્રમ | પશુઓની વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧ | દૂઝણી ગાય | ૦૫ |
| ૨ | ગાભણી ગાય | ૦૫ |
| ૩ | વોડકા | ૧૬ |
| ૪ | વાછરું | ૦૪ |
| ૫ | ખૂંટ | ૦૧ |
| | કુલ | ૩૧ |

## ૦૨. ગ્રામદક્ષિણામૂર્તિ, મણાર
## વાર્ષિક અહેવાલ
## (જાન્યુઆરી-૨૦૨૧ થી ડિસેમ્બર-૨૦૨૨)

**ડાયાભાઈ ડાંગર**

---

કોરોના કાળ અને લોકડાઉનને કારણે આપણે ઘણા લાંબા સમયથી મળી શક્યા નથી. ત્યારે આજે જયારે વાર્ષિકદિન નિમિત્તે એકત્રિત્ત થયા છીએ. ત્યારે હું અમારી લોકશાળા મણારનો અહેવાલ આપની સમક્ષ રજૂ કરું છું.

**વર્ષ દરમિયાનની વિવિધ પ્રવૃત્તિઓ**

- ૨૧ જૂનના રોજ સંસ્થાના NCC અને NSS વિભાગ અંતર્ગત "વિશ્વ યોગ દિવસ"ની ઉજવણી કરવામાં આવી જેમાં વિદ્યાર્થીઓ સહીત બધાજ કાર્યકરો જોડાયા.
- "વંદે ગુજરાત વિકાસ રથયાત્રા" તા. ૦૮/૦૭/૨૦૨૨ના રોજ સંસ્થામાં આવેલ. જેમાં આજુબાજુના વિવિધ લાભાર્થીઓને મામલતદાર, નાયબ કલેકટર તથા અન્ય ઉપસ્થિત અધિકારીઓ, પદાધિકારીઓના હસ્તે સહાય વિતરણ કરેલ તેમજ તળાજા તાલુકાના આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવેલ.
- તા. ૧૧ના રોજ શ્રી અરુણભાઈ દવેના અધ્યક્ષ સ્થાને તમામ કાર્યકરોની મિટિંગ યોજાઈ ગઈ.
- તા. ૧૩/૦૭/૨૦૨૨ના રોજ ગુરુપૂર્ણિમા દિવસની ઉજવણી ગુલાબરાય સંઘવી બી.એડ કૉલેજના નિવૃત આચાર્ય શ્રી મનહરભાઈ ઠાકરના અતિથિ વિશેષ પદે કરવામાં આવી હતી.
- તા. ૧૦/૦૮/૨૦૨૨ના રોજ રક્ષાબંધન પર્વ અને વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી.
- તા. ૧૧/૦૮/૨૦૨૨ ના રોજ સ્વ. મૃદુલાબહેન વ્યાખ્યાન માળાનો ૩૦મો મણકો ઊજવાઈ ગયો. જેમાં મુખ્ય વક્તા તરીકે લોકભારતી સણોસરા યુનિ. ના કુલપતિ શ્રી ભદ્રાયુ વછરાજાનીએ " વ્યક્તિગત પ્રસન્નતાનું પગેરું સમૂહજીવન" વિષય પર વ્યાખ્યાન આપ્યું.
- જિલ્લાકક્ષાનો ૭૩મો વનમહોત્સવ તા.૧૨/૦૮/૨૦૨૨ ના રોજ યોજાઈ ગયો જેમાં મંત્રીશ્રી આર.સી.મકવાણા ઉપસ્થિત રહયા હતા.
- તા. ૧૨/૦૮/૨૦૨૨ના રોજ નશામુક્તિ કાર્યક્રમની ઊજવણી કરવામાં આવી. જેમાં વિદ્યાર્થી સહીત બધા કાર્યકરોએ નશો ન કરવાની પ્રતિજ્ઞા લીધી અને નશાથી થતા નુકશાનથી બધાને અવગત કરાયા.
- તા. ૦૫/૦૯/૨૦૨૨ના રોજ સ્વયં શિક્ષકદિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓએ ભાગ લઈ લોકશાળાના દરેક વિષયના શિક્ષક તથા અન્ય કાર્યકરોનો રોલ ભજવીને તેમની પ્રવૃત્તિથી માહિતગાર થયા. આ પ્રસંગે વિદ્યાર્થી અને શિક્ષકોએ રૂ. ૨,૫૭૦ નો ફાળો એકત્રિત કરી DEO ઓફીસમાં જમા કરાવેલ
- આ દિવસે ભાવનગર વહીવટી તંત્ર દ્વારા આયોજિત અભિવાદન સમારોહમાં માર્ચ ૨૦૨૨ ધોરણ-૧૨માં ૧૦૦ ટકા પરિણામ લાવવા બદલ આચાર્યશ્રીનું શિલ્ડ અને પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું.
- તા. ૦૨/૧૦/૨૦૨૨ના રોજ ગાંધીજયંતીની ઊજવણી કરવામાં આવી. જેમાં પ્રભાતફેરી, સમૂહપ્રાર્થના, સફાઈ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. અંધઉધોગ શાળામાંથી શ્રી લાભુભાઈ સોનાણી તથા શ્રી હસમુખભાઈ અને શ્રી ઘનશ્યામભાઈની પ્રેરક હાજરી હતી.
- ગુજરાત રાજયના વન વિભાગ દ્વારા "વન્ય જીવન સપ્તાહ" ની ઊજવણીના ભાગરૂપે અધિકારી શ્રી વેગડ

સાહેબ અને શ્રી બારૈયાસાહેબ ઉપસ્થિત રહી વન્યજીવસૃષ્ટિ અને પર્યાવરણ જાળવણી અંગે માહિતી આપી.

- મુંબઈ નિવાસી શ્રી અજીતભાઈ દોશીએ દરવર્ષની જેમ આ વર્ષે પણ સંસ્થામાં આવી જરૂરિયાત મંદ છાત્રાઓના ભોજન લવાજમ માટે રૂ.૨૫,૦૦૦ની આર્થિક સહાય આપેલ છે.
- આપણી સંસ્થાના પૂર્વ વિધાર્થી અને હાલ ફાયર સેફટીમાં ફરજ બજાવતા શ્રી ભરતભાઈ જોષીએ ફાયરસેફટી કામનું નિદર્શન વિધાર્થી સમક્ષ રજૂ કર્યું.
- નવનિર્મિત કન્યા છાત્રાલયના લોકાર્પણનો કાર્યક્રમ સાહિત્યકાર શ્રી રઘુવીરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાયો તેમાં દાતાશ્રી કેશુભાઈ ગોટી અને પીડીલાઈટ વતી શ્રી વિરેન્દ્રસિંહ ચૌહાણ, શ્રી રમેશભાઈ દવે, શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી દિલીપભાઈ સેંટા, શ્રી પોપટભાઈ બાથાણી, શ્રી મનુભાઈ ઈટાલીયા અને શ્રી સવજીભાઈ ગાંગાણી વગેરે ઉપસ્થિત રહયા હતા.
- શિશુવિહાર ભાવનગર સંચાલિત હીરાબેન માનભાઈ ભટ્ટ મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અંતર્ગત સૌરાષ્ટ્ર વિસ્તારની કુલ ૧૦૦ બહેનોને રૂ.૨,૫૦,૦૦૦ ની આર્થિક સહાય આપવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં સૌરાષ્ટ્રની ૧૦, લોકશાળાની ૧૦ બહેનોને સહાય આપવામાં આવી જેમાં આપણી લોકશાળાનો પણ સમાવેશ થાય છે.
- GMB નેવી કેપ્ટન રાકેશકુમાર મિશ્રા પોર્ટ ઓફિસર અલંગ, કે.પી.વસાવા કાર્યપાલક ઈજનેર ભાવનગર, જે. એચ. સોલંકી સેફટી ઓફિસર અલંગ અને હિરેન પી. સોદરવા આસિસ્ટન્ટ પોર્ટ ઓફિસર અને ભૂતપૂર્વ વિદ્યાર્થી ગોવિંદભાઈ વેકરીયાએ સંસ્થામાં આવી મેરીટાઈમ સેક્ટરમાં ઉજ્વળ ભવિષ્ય તેમજ નોકરીની તકો માટે એક દિવસ આવીને સરસ માર્ગદર્શન આપ્યું.
- વિજ્ઞાન સર્વત્ર પૂજયતે ઉત્સવ સપ્તાહ અંતર્ગત માઈધાર મુકામે યોજવામાં આવેલ વિજ્ઞાન મેળામાં બે વૈજ્ઞાનિકકૃતિ સાથે ધો.૯ થી ૧૨ ના ભાઈઓ-બહેનો અને કાર્યકર્તાઓ એક દિવસ વિજ્ઞાનમેળામાં જોડાયા.
- ''વિજ્ઞાન સપ્તાહ''ની ઉજવણી અંતર્ગત બ્રહ્માંડ અંગેની જાણકારીનો કાર્યક્રમ અને રાત્રિ-આકાશદર્શન લોક્ભારતીના નિયામક શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબહેન જોગરાણા દ્વારા યોજવામાં આવ્યો.
- ધો-૧૦ અને ધો-૧૨નો ઇનામ વિતરણ અને શુભેચ્છા વિદાય સમારંભ ગ.હ.સંઘવી કૉલેજના નિવૃત આચાર્યશ્રી મનહરભાઈ ઠાકરની ઉપસ્થિતિમાં ઊજવાઈ ગયો.
- આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત તા.-૩૧/૦૧/૨૨ ના રોજ ''મહિલાઓની સુરક્ષા'' અંગેનો સેમિનાર ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા અલંગ શીપયાર્ડ ખાતે યોજાયો તેમાં સંસ્થાના મહિલા કાર્યકરગણ તથા બહેનો જોડાયા.
- શામળદાસ કૉલેજ ભાવનગરની NSS ટીમની વાર્ષિક શિબિર આપણી સંસ્થામાં યોજાઈ ગઈ.
- કેન્દ્રિય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયાની ગ્રાન્ટમાંથી વિજ્ઞાન પ્રયોગશાળાનું મકાન તૈયાર થયેલ છે.
- કોરોના વેક્સીન બનાવનાર સીરમ ઈન્સ્ટીટ્યુટના આદરણીય પુનાવાલા તરફથી આ વર્ષે રૂ.૨૫,૦૦,૦૦૦ નું દાન વર્ગખંડ બાંધકામ માટે મળેલ છે.
- તાલુકા જિલ્લા અને રાજ્યકક્ષાના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ પસંદગી સમિતિમાં આચાર્યશ્રી ડાહ્યાભાઈ ડાંગરની પસંદગી કરવામાં આવી.
- સંસ્થાના નવનિયુક્ત માધ્યમિક અને ઉ.મા. વિભાગના શિક્ષકો આંબલા મુકામે ઉત્તરબુનિયાદીની તાલીમ લઈ

આવ્યા.

- સંસ્થામાં દર શુક્રવારે સમૂહપ્રાર્થનાનું આયોજન કરવામાં આવે છે જેમાં બધાજ વિદ્યાર્થીઓ તથા કાર્યકરો દ્વારા ''સર્વોદય પાત્ર'' માં ફાળો આપવામાં આવે છે. તેમજ વિદ્યાર્થીમાં રહેલી વિવિધ આંતરિક શક્તિઓને બહાર લાવવા માટે વિવિધ કાર્યક્રમો જેવા કે સામાન્ય જ્ઞાન સ્પર્ધા, શોર્ટ ફિલ્મ શો, વિવિધ રમતો વગેરેનું આયોજન કરવામાં આવે છે.
- કોરોના વેક્સીનનું બુસ્ટરડોઝ સાથેનું ૧૦૦% રસીકરણ સંસ્થાના દરેક વિદ્યાર્થીઓ અને કાર્યકરોનું સમ્પન્ન થયું છે.
- દર વર્ષે બંને સત્રમાં લોકશાહી ઢબે મંત્રીમંડળની રચના કરવામાં આવે છે.
- વર્ષ દરમિયાન લોકભારતી સણોસરા, ગૂજરાત વિદ્યાપીઠ, ગ્રામભારતી અમરાપુર બી.એડ કૉલેજ ડુમીયાણીના તાલીમાર્થીઓ શિક્ષણ નિવાસ માટે આવે છે.
- દર વર્ષે સ્વયંપાકનું આયોજન કરવામાં આવે છે જેમાં વિવિધ ટુકડીઓમાં વિદ્યાર્થી અને કાર્યકરો જોડાઈને વિદ્યાર્થીઓને રસોઈ મેનેજમેન્ટ વિશેની માહિતગાર કરવામાં આવે છે. જેમાં સવારથી સાંજ સુધી ત્રણેય ટાઈમ જાતે ભોજન બનાવીને આનંદ મેળવે છે.
- વર્ષ ૨૦૨૧-૨૨નું ધોરણ-૧૦નું પરિણામ ૮૭% અને ધોરણ-૧૨નું સતત પાંચમાં વર્ષે ૧૦૦% પરિણામ આવ્યું.
- દર વર્ષે બન્ને વેકેશનમાં વિદ્યાર્થીઓને ખેતીવાડી અને ગૌશાળામાં કામ આપીને આર્થિક સહાય માટે મદદરૂપ થવામાં આવે છે. જેમાં ઉનાળામાં૧૫ અને દિવાળીમાં ૮ વિદ્યાર્થીઓએ યોજનાનો લાભ લીધેલ છે.

**સંસ્થાની મુલાકાતે આવેલ મહાનુભાવો**

વર્ષ દરમિયાન નીચેના મહાનુભાવોએ સંસ્થાની મુલાકાત લીધી છે.

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એન.જી.વ્યાસ સાહેબે વર્ષ દરમિયાન બે વખત સંસ્થાની મુલાકાત લીધી જેમાં બીજી વખત પરિવાર સાથે રોકાઈને સંસ્થાની મહેમાનગતી માણી.
- શ્રી અતુલભાઈ પંડ્યા અમદાવાદ સાબરમતી આશ્રમથી સંસ્થાની મુલાકાતે આવી ગયા.
- ગૂજરાત વિદ્યાપીઠના પ્રાધ્યાપક શ્રી રવીન્દ્રભાઈ પંચોળી પણ સંસ્થામાં આવી ગયા.
- લોકભારતી સણોસરાના પૂર્વ નિયામકશ્રી પ્રવીણચંદ્ર ઠક્કર અને તેમના જમાઈ ડૉ. હિમાંશુ મહેતા પરિવાર સાથે સંસ્થાની મુલાકાતે આવી ગયા.
- GIET (અમદાવાદ) ના ડેપ્યુ. ડાયરેક્ટર શ્રી બી.આર.જરહોલા પણ સંસ્થામાં આવી ગયેલ છે.
- પારલે કંપનીના શ્રી સુનિલભાઈ દલાલ પીડીલાઈટના શ્રી નરેન્દ્રભાઈ પારેખ તેમના ધર્મપત્ની સાથે કૃષિ બાગાયત કેન્દ્ર અને સંસ્થાની મુલાકાતે આવી ગયા.
- આપણી સંસ્થાના ટ્રસ્ટીશ્રી મધુકરભાઈ પારેખ તેમની પૌત્રી સાથે સંસ્થાની મુલાકાતે આવી ગયેલ છે. જેમાં સંસ્થાના ટ્રસ્ટીશ્રી અરુણભાઈ દવે પણ હાજર રહેલ.
- સંસ્થાના ટ્રસ્ટીશ્રી કપિલભાઈ શાહ સંસ્થાની બે દિવસની મુલાકાતે આવી યોગ્ય માર્ગદર્શન આપેલ તેમના તરફથી તમામ કાર્યકરો અને વિદ્યાર્થીઓને સમૂહભોજન કરાવેલ.
- ગ્લોબલ કચ્છ સંસ્થાના વડાશ્રી વિશાલભાઈ ગડા અને તેમના સાથીઓ બુનિયાદી શિક્ષણમાં થતી પ્રવૃત્તિઓ અને

તેની વિદ્યાર્થીઓ ઉપર થતી હકારાત્મક અસરને પ્રત્યક્ષ સમજવા માટે સંસ્થામાં આવી ગયા.

- સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના શ્રી હિમ્મતભાઈ ગડા તથા તેમના પરિવાર સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયેલ.
- આપણા વિદ્યાર્થીમંડળના સભ્ય શ્રી નલિનભાઈ પંડિત તથા ચાંપરડા શિક્ષણ સંકુલના નિયામકશ્રી બુનિયાદી શિક્ષણમાં હાલમાં થતી પ્રવૃત્તિઓ પ્રત્યક્ષ નિહાળવા માટે આવી ગયા.
- ભાવનગરના જાણીતા ડૉ. તેજસભાઈ તથા તેમના ડૉક્ટર મિત્રોની ટીમ સંસ્થાદર્શને આવી ખુશી વ્યક્ત કરેલ.
- આપણા ટ્રસ્ટીશ્રી પ્રશાંતભાઈ ભટ્ટ વર્ષ દરમિયાન છ વખત સંસ્થાની મુલાકાતે આવી યોગ્ય માર્ગદર્શન આપેલ છે.
- ગુજરાત યુનિ.ના ૨૦ વિદ્યાર્થીઓ તાલીમ લેવા માટે સંસ્થા મુલાકાતે આવી ગયેલ.
- પીડીલાઈટના ડૉ. પી.કે.શુક્લ સાહેબ, શ્રી લવીના મેડમ તથા મુંબઈ ઓફિસનો અન્ય સ્ટાફ બે-ત્રણ વખત સંસ્થા અને કૃષિ બાગાયત કેન્દ્રની મુલાકાતે આવેલ અને એકવખત શુક્રવારની સમૂહપ્રાર્થનાની પ્રવૃત્તિ જોઈ ખુશ થઈને આર્થિક યોગદાન આપેલ.
- કૌશલ્યવર્ધન કેન્દ્રનો હવાલો સંભાળનાર શ્રી અરુણભાઈ ઉપાધ્યાય સંસ્થાની મુલાકાતે આવી ગયેલ છે.
- ગૂજરાત વિદ્યાપીઠના કાર્યકરશ્રી અબ્દુલચાચા અને મનોજભાઈ પરમાર પરિવાર સાથે સંસ્થાદર્શન માટે આવી ગયા.
- લોકભારતી યુનિ.ના ઉપકુલપતિ શ્રી વિશાલભાઈ ભાદાણી, શ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયા અને શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા સંસ્થા મુલાકાતે આવી ગયેલ છે.
- સૌરાષ્ટ્ર ગાંધી ગ્રામોદ્ધાર ટ્રસ્ટના કાર્યકરોએ ત્રિ-દિવસીય કાર્યકર સજ્જતા શિબિર સંસ્થામાં યોજેલ જેમાં ૪૦ જેટલા કાર્યકર જોડાયેલ અને શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી કિરણભાઈ ચાવડા, શ્રી પી.કે.લહેરી સાહેબ અને શ્રી અરુણભાઈ દવેએ ઉપયોગી મનનીય વ્યાખ્યાનો આપેલ.
- આપણા ટ્રસ્ટી શ્રી પ્રશાંતભાઈ ભટ્ટના બહેન શ્રી સરલાબહેન તેમના પરિવાર સાથે સંસ્થાની મુલાકાતે આવી ગયેલ.
- આંબલાથી શ્રી રાજુભાઈ વાળા, શ્રી રાજુભાઈ દવે તથા શ્રી પાર્થેશભાઈ પંડ્યા મકાન બાંધકામ માર્ગદર્શન માટે આવેલ.
- CMCRIના વૈજ્ઞાનિક શ્રી વૈભવભાઈ મંત્રી તથા તેમની ટીમ અહીંના કૃષિબાગાયત વિકાસ કેન્દ્રમાં દરિયાઈ શેવાળની ખેતી માટે સીવીદનું બિયારણ લઈને આવી ગયેલ.
- અમદાવાદથી ભૂતપૂર્વ કાર્યકર શ્રી નિખિલભાઈ ત્રિવેદીએ કરાટે કેમ્પનું આયોજન કરેલ
- અમારી સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને ધોળકા કોર્ટમાં ફરજ બજાવતા કામ્બડ વિમલ કોન બનેગા કરોડપતિમાં હોટસીટ પર બેસી રૂ. ૨૫,૦૦,૦૦૦(પચ્ચીસ લાખ) જીતતા સંસ્થાની મુલાકાતે આવી વિદ્યાર્થીઓને આ અંગે જાણકારી આપી પ્રોત્સાહિત કરી મોઢું મીઠું કરાવ્યું.

**વર્ષ દરમિયાન પ્રવાસ**

- એકદિવસીય પ્રવાસનું આયોજન તારીખ ૨/૮/૨૦૨૨નારોજ કરવામાં આવેલ જેમાં બે બસ દ્વારા અયોધ્યાપુરમ,

કુંડળધામ, સાળંગપુર, સર્વોત્તમ ડેરી, રાજપરા ખોડિયાર જઈ પ્રવાસ અનુભવ લીધો.

- વર્ષ દરમિયાન બે પગપાળા પ્રવાસનું આયોજન કરેલ જેમાં એક મીઠીવીરડી મુકામે તથા બીજો પોહરીઆઈ મુકામે કરેલ.
- સંસ્થાના પાંચ વિદ્યાર્થીઓ કાર્યકરશ્રી વિપુલભાઈ સરવૈયા સાથે અંધ ઉદ્યોગ શાળા પ્રેરિત સ્ટેચ્યુ ઓફ યુનિટી અને પોઈચાના બે દિવસીય પ્રવાસમાં જઈ આવ્યા. જેમાં અંધ બાળકોના સહાયક તરીકે તેમની બધી સમજ આપી.
- તા. ૨૨/૧૨/૨૨ થી ૨૬/૧૨/૨૦૨૨ સુધી ગુજરાત-રાજસ્થાન પાંચ દિવસના પ્રવાસનું આયોજન કરેલ જેમાં ઉ.માં વિભાગના ૫૩ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો અને ૩ શિક્ષકો જોડાયા હતા. જેમાં શામળાજી- ઉદયપુર-શ્રીનાથજી-હલ્દીઘાટી-કાંકરોલી- ચિતોડગઢ-માઉન્ટઆબુ-અંબાજી-કોટેશ્વર-બહુચરાજી થઈ મણાર પરત આવેલ.

**વર્ષ દરમિયાન રમત ગમત પ્રવૃત્તિઓઃ**

- ગુજરાત સરકાર દ્વારા આયોજિત કલા મહાકુંભમાં અમારી શાળાની સંગીત ટુકડી સમૂહગીતમાં જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી સૌરાષ્ટ્ર જોનમાં રાજકોટ મુકામે જઈ આવી.
- તળાજા તાલુકાના કલા મહોત્સવમાં ગરબા સ્પર્ધામાં અને ૦૬ થી ૧૪ વર્ષની વયજૂથના સમૂહગીતમાં ભાગ લઈ પ્રથમ નંબર મેળવેલ.
- હર ઘર તિરંગા, ઘરઘર તિરંગા તથા કલા ઉત્સવ અંતર્ગત શાળામાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ. જેમાં વિજેતા ઉમેદવારોને રૂ.૨૮૦૦ રોકડ પુરસ્કાર પ્રાપ્ત થયેલ.
- રાજ્ય કક્ષાની ખો-ખો સ્પર્ધામાં સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી મુકામે યોજાઈ જેમાં આપણી સંસ્થાની બે બહેનોએ ભાગ લીધો હતો.
- ૩૬ માં નેશનલ ગેમ્સ કાર્યક્રમ અંતર્ગત વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું. જેનું ઉદ્‌ઘાટન તળાજાના ટી.ડી.ઓ.શ્રી પરમાર સાહેબના હસ્તે થયું.
- NCC અને NSS ની પ્રવૃત્તિઓ
- આપણી સંસ્થાના NSS પ્રોગ્રામ ઓફિસર શ્રી કંચનબહેન થડોદાને શ્રેષ્ઠ પ્રોગ્રામ ઓફિસરનો એવોર્ડ શિક્ષણ મંત્રીશ્રી જિતુભાઈ વાઘાણીના હસ્તે એનાયત થયો તેમજ મહુવા ખાતે શ્રી મોરારિબાપુના હસ્તે તેમનું અભિવાદન પણ કરવામાં આવેલ.
- દર વર્ષે NSS યુનિટ દ્વારા શિબિરનું આયોજન કરવામાં આવે છે. ગયા વર્ષે જશપરા મુકામે શિબિરનું આયોજન થયેલ તા-૨૭/૧૨/૨૦૨૧ થી ૦૨/૦૧/૨૦૨૨ સુધી.
- ચાલુ વર્ષે તા-૦૧/૦૧/૨૦૨૩ થી ૦૭/૦૧/૨૦૨૩ સુધી લાખણકા મુકામે આયોજન કરેલ હતું જેમાં ધોરણ-૧૧ NSSના વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો જોડાયેલા હતા. પ્રોગ્રામ ઓફિસર તથા ઉ.મા.વિભાગના શિક્ષકોએ પણ ભાગ લીધો હતો.
- NSS પ્રવૃત્તિ અંતર્ગત દરવર્ષે અખિલ હિન્દ અંધજનદિન નિમિત્તે ફાળો એકત્રિત કરવામાં આવે છે.જે ગયા વર્ષે રૂ.૫૦,૦૦૦ અને આ વર્ષે રૂ.૧,૧૪,૦૦૦ હજાર એકત્રિત કરી સમગ્ર ભાવનગર જિલ્લામાં પ્રથમ સ્થાન

મેળવેલ છે.

- ગયા વર્ષ રૂ.૫૦,૦૦૦ જેટલી માતબર ફાળાની રકમ એકત્રિત કરવા બદલ અંધ-ઉદ્યોગ શાળા ભાવનગર દ્વારા વિશ્વવિકલાંગદિને શાળાના આચાર્યશ્રી ડાહ્યાભાઈ ડાંગરને સન્માનિત કરવામાં આવ્યા હતા.
- ઇન્ડિયન રેડક્રોસ હોસ્પિટલ અલંગ આયોજિત આરોગ્ય જાગૃતતાની રેલીમાં NSSના સ્વયંસેવકો જોડાયા હતા.
- આપણી સંસ્થાના NCCના બીજા વર્ષના ક્રેડેટ્સ લોકશાળા આંબલા ખાતે ૧૦ દિવસ CATC કેમ્પમાં જઈ આવ્યા.
- NCC અને NSSના ક્રેડેટ્સ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાઈ ગયો.
- સરકારના પરિપત્ર મુજબ ''સ્વચ્છ સાગર અભિયાન'' અંતર્ગત સંસ્થાના NCC,NSSના વિદ્યાર્થીઓ તથા અન્ય વિદ્યાર્થીઓ કાર્યકરો દ્વારા સોસિયા શિપયાર્ડના દરિયે તથા મીઠીવીરડી પહોચી ત્યાં સફાઈકાર્ય કરવામાં આવ્યું.
- મતદાર જાગૃતિ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી તે અંગેની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી.
- NSSના વિદ્યાર્થીઓ દ્વારા પ્રોગ્રામ ઓફિસરની સાથે રહીને ''સ્વચ્છતા પખવાડિયા'' ની ઊજવણી કરવામાં આવી.

**કાંચળી**

પિકાસોની ગર્લફ્રેન્ડ ફ્રેકોઇ ગિલોએ એક વાર પિકાસોને પૂછયું હતુંઃ 'કલાકો સુધી ચિત્રકામ માટે ઊભા રહેવાને કારણે તમારા પગ દુઃખતા નથી?'

પિકાસોએ જવાબ આપેલઃ 'જરાય નહીં, ચિત્રકારો લાંબુ જીવે છે એનું આ જ ખરું કારણ છે. હું જયારે કામ શરૂ કરું છું ત્યારે મુસલમાનો મસ્જિદની બહાર પગરખાં ઉતારે તેમ મારા શરીરને ઓરડાના બારણા આગળ મૂકી દઉં છું.'

-------------

**ઓળખ**

આલ્બર્ટ આઇન્સ્ટાઇન પોતાના સિદ્ધાંતો ઉપર પ્રવર્ચન કરવા દેશવિદેશોમાં જાય ત્યારે ઘણી જગ્યાએ એની પત્ની પણ સાથે જાય અને પછી પ્રવર્ચન પૂરું થાય એટલે બધા પત્રકારો આઇન્સ્ટઇનને ઘેરી વળે એમાંથી ઘણાં આઇન્સ્ટાઇનની પત્ની પાસે જાય અને પૂછેઃ 'આ તમારા પતિદેવ જે સિદ્ધાંત રજૂ કરે છે એ સિદ્ધાંત તમને સમજાય છે?'

ત્યારે આઇન્સ્ટાઇનની પત્ની જવાબ આપે છે :

'સિદ્ધાંત નથી સમજાતો, પણ સિદ્ધાંતનો સર્જક જે છે એને ઓળખું છું, એ મને સમજાય છે.'

## ૦૩. શિક્ષકનો અભિગમ

**ભાણદેવજી**

---

એ દિવસોમાં હું શ્રી અરવિંદ આશ્રમ, પોંડીચેરીમાં રહેતો હતો. નિત્યના ક્રમ પ્રમાણે સાંજના ભોજન પછી સમુદ્રકિનારે ફરવા ગયો હતો. એકલો જ કિનારે કિનારે ટહેલતો હતો. રાત્રિના પ્રારંભનો સમય હતો. અંધારું થઈ ગયું હતું. આકાશમાં તારાઓ ટમટમી રહ્યા હતા. મોજાંઓનો ગંભીર નાદ સંભળાતો હતો. આહ્‌લાદક વાતાવરણ હતું. અચાનક મારી નજર એક બાળક પર પડી. એણે લીલી ચડ્ડી પહેરી હતી. હું સમજી ગયો : આશ્રમની શાળાનો વિદ્યાર્થી છે. આશ્રમની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ લીલી ચડ્ડી પહેરે છે. તેમનું 'ગ્રીન ગ્રુપ' કહેવાય છે. બાળકની ઉંમર દશેક વર્ષની હશે. બાળક સમુદ્રના મોજાં સાથે રમવામાં મશગૂલ છે. થોડીવાર સમુદ્રના પાણીની અંદર જાય છે. મોજું આવતાં દોડીને બહાર નિકળે છે. ફરી અંદર જાય છે. બાળકની આ જોખમી રમત જોઈને મને ધ્રાસ્કો પડ્યો. અરે ! આ બાળક શું કરી રહ્યો છે ! પોંડીચેરીનો દરિયો જોખમી ગણાય છે. અંધારું છે. બાળક નાનો છે. મોજાં સાથેની આ રમત જોખમી છે. મારો શિક્ષકનો જીવ! હું બૂમ પાડી ઊઠ્યો, "અરે, બેટા! આ તું શું કરી રહ્યો છે? મોજું ખેંચી જશે તો? ભહાર નીકળી જા. એકલો દરિયાકિનારે ફરી કદી આવીશ નહિ."

આ બાળક સાથે મારે કશો પ્રત્યક્ષ પરિચય નથી પણ મને બધા વિદ્યાર્થીઓ મારા વિદ્યાર્થીઓ લાગે છે! એક પ્રેમાળ માતાને બધાં બાળકો પોતાના પુત્રો લાગે છે!

બાળક ખસિયાણો પડી ગયો. તુરત પાણીમાંથી બહાર નીકળી આવ્યો. તેના બંને પગ લગભગ આખા જ ભીના હતા. તેની લીલી ચડ્ડીનો થોડો ભાગ પણ ભીનો થયો હતો. બાળકની નજીક જઈને હું ફરીથી બોલ્યો, "બેટા! આ રીતે મોજાં સાથે આવી રમત ન કરાય. મોજું અંદર ખેંચી જાય તો શું થાય? રમવા માટે અહીં બીજી રમતો ઓછી છે કે તું આવી રમત રમે છે? ફરીથી ક્યારેય અહીં દરિયાકિનારે એકલો ન આવતો" બાળક કંઈ બોલિયો નહિ. ચૂપચાપ છાત્રાલય તરફ ચાલ્યો ગયો.

મને લાગ્યું કે પ્રકરણ અહીં પૂરું થયું. પણ પ્રકરણ હવે શરૂ થાય છે. બાળકના ગયા પછી તુરત અંધારામાંથી એક વ્યક્તિ મારી પાસે આવી. તે આશ્રમની શાળાના શિક્ષક અને ગૃહપતિ હતા. શાંત અને સ્વસ્થ-ભાવે મારી પાસે ઊભા રહ્યા. અંધારામાં પણ અમારી આંખો મળી. થોડા વધુ નજીક આવીને બોલ્યા, "આપે જે કર્યું તે ઠીક કર્યું છે અને સદ્‌ભાવથી કર્યું છે, પણ આપ એવી છાપ લઈને ન જશો કે એ બાળકની સંભાળ લેનાર અહી કોઈ નથી. હું એ બાળકનો શિક્ષક છું અને બાળકની રમત છુપાઈને જોઈ રહ્યો હતો. માત્ર સલામતીની દૃષ્ટિએ જોઈએ તો તમારું વલણ બરાબર છે, પરંતુ જીવનમાં સલામતી જ સર્વસ્વ નથી. સલામતી આવશ્યક છે પણ સલામતી સિવાય પણ જીવનમાં બીજુ ઘણું છે અને તે મૂલ્યવાન છે, ઘણું અધિક મૂલ્યવાન છે. જો આપણે માત્ર સલામતીનો જ વિચાર કરતા રહીએ તો જીવનનાં ઘણા મૂલ્યવાન તત્ત્વોથી વંચિત રહી જઈશું."

સલામતી જ જોઈએ તો પીંજરાનો પોપટ મુક્ત પંખી કરતાં વધુ સલામત છે, પણ તેની પાસે ઉડ્ડયનની સ્વતંત્રતા નથી અને લાંબે ગાળે તે ઉડ્ડનની ક્ષમતા પણ ગુમાવી બેસશે! અને જ્યાં ઉડ્ડયનની સ્વતંત્રતા નથી ત્યાં વિકાસ ક્યાં છે? અને વિકાસહીન જીવનમાં જીવન જ ક્યાં છે? વિકાસ માટે આપણે જોખમ ઉઠાવવું પડશે. એ બાળક જે અનુભવી રહ્યો હતો તેનું પણ મૂલ્ય છે. જુઓ આ અંધકાર! આ આકાશ! આ તારાઓ! આ સમુદ્ર! આ મોજાંઓ! આ રેતી! અને તેમની સાથે બાળકની મુક્ત અને નિર્ભય રમત! એક બાળક માટે આ એક અનેરો અનુભવ છે. બાળક આવા રોમાંચક

અનુભવોમાંથી તૃપ્ત થઈને બહાર આવે તે એના જીવનવિકાસનો ભાગ છે. બાળકની સંવેદનશીલતાના વિકાસની પ્રક્રિયાનો એ ભાગ છે. બાળકની જ્ઞાનેન્દ્રિયો, તેના ચિત્તની સંવેદન-ક્ષમતા, તેનો સૌંદર્યબોધ- આ બધાનો સમુચિત અને સમતોલ વિકાસ થવો જોઈએ. આમ, બૌદ્ધિક વિકાસ પર્યાપ્ત નથી, હૃદયનો વિકાસ પણ થવો જોઈએ.

બાળક છાત્રાલયમાંથી સમુદ્ર તરફ દોડતો આવ્યો એટલે તુરત હું તેની પાછળ-પાછળ દોડતો આવ્યો છું. મેં તેને આ જોખમી પણ રોમાંચક રમતમાંથી રોક્યો નહિ, કારણ કે મારે તેને આ અનુભવમાંથી પસાર થવા દેવો હતો. હું પોતે સારો તરવૈયો છું અને આ જોખમ વિશે જાગૃત છું. મુશ્કેલી ઊભી થાત તો જાનના જોખમે પણ હું તેને બચાવી લેત. મારી હાજરીને લીધે તે સલામત હતો. છાત્રાલયમાં ગયા પછી, હું તેને આ રીતે એકલા ન રમવા સમજાવીશ પણ ખરો, પણ આ વખતે તો મારે તેને આ મૂલ્યવાન અનુભવમાંથી પસાર થવા દેવો હતો અને એટલે જ મેં તેને રોક્યો નહિ. છતાં આપના સદ્‌ભાવ માટે આભારી છું.''

મારા ચિત્તમાં જાણે પ્રકાશ ફેલાઈ ગયો. મન જાણે થોડીવાર સ્તબ્ધ બની ગયું! મારું મસ્તક મનોમન એક શિક્ષકના, સાચા શિક્ષકનાં ચરણોમાં ઢળી પડ્યું. મનમાં ને મનમાં 'ધન્ય! ધન્ય!' ના ઉદ્‌ગારો નીકળી પડ્યા.

તે શિક્ષક શાંત અને તટસ્થ-ભાવે છાત્રાલય તરફ ગયા અને હું એ મુગ્ધાવસ્થામાં જ મારા નિવાસસ્થાને પાછો ફર્યો.

એક બીજો પ્રસંગ છે. વિદ્યાર્થીઓ અને મિત્રો સાથે વારંવાર હિમાલય જવાનું બને. એકવાર એક મિત્રને કહ્યું, ''આ વખતે તમે હિમાલય આવો.''

''આવવાની ઈચ્છા તો ખૂબ છે પણ બા રજા ન આપે.

મિત્ર શિક્ષક છે. ઉંમર ૨૮ વર્ષ છે. શરીર સારું છે. આર્થિક મુશ્કેલી નથી. પણ હિમાલય જવાની બા 'ના' કહે છે. શા માટે ? એક જ દીકરો છે. હિમાલય જવાનું જોખમ કેમ લેવાય? એકલા જવાનું નથી. અમે દશબાર જણ સાથે છીએ પણ બાનો જીવ ચાલતો નથી.

તો શું સલામતીના કોચલામાં પુરાઈને જ જીવવું? સલામતીનો વિચાર જ ન કરવો એમ નહિ. એક વર્ષનો બાળક છરીથી રમતો હોય, તો તેના હાથમાંથી છરી ન લઈ લેવી એમ નહિ, પણ જે સલામતી જીવનના વિકાસને જ રુંધી નાખે તે સલામતી આપણને ક્યાં લઈ જશે? આપણે સૌ બાળક માટે, વિદ્યાર્થી માટે કે આપણા પોતાના માટે સતત સલામતી જ શોધતા રહીએ તો આપણે પીંજરાના પોપટ જેવા પંગુ ન બની જઈએ? ડૂબી જવાની બીકે તરતાં જ ન શીખવું, આ કેવી મનોદશા? એવાં ડઝનબંધ માતાપિતાને હું ઓળખું છું, તેઓ સંતાન ડૂબી જશે તેવી બીકથી એમને તરતાં શીખવા જ જવા દેતાં નથી. તરતાં શીખવું એ તો એક દૃષ્ટાંતરૂપ ઘટના તરીકે છે, પરંતુ માતાપિતા અને શિક્ષકોનો આ અભિગમ બાળકના સમગ્ર જીવનવિકાસ પર અસર કરે જ છે. માતાપિતા પણ બાળકોના શિક્ષકો જ છે, આદ્યશિક્ષકો છે.

શું વિદ્યાર્થીઓને પરીક્ષા માટે તૈયાર કરી દેવા એટલામાં જ શિક્ષકની જવાબદારી પૂરી થઈ જાય છે? અને સંતાનોને સારાં કપડાં સિવડાવી દેવાં, તેમના માટે ટ્યુશનની વ્યવસ્થા ગોઠવી દેવી અને ઘરમાં રંગીન ટી.વી. વસાવી દેવું, એટલાથી જ માતાપિતાની જવાબદારી પૂરી થઈ જાય છે?

જે સલામતી આપણા અને આપણાં સંતાનો-વિદ્યાર્થીઓના જીવનવિકાસને રુંધે, તે સલામતીના કોચલાને ભેદવાની જરૂર નથી?

વનમાં વિહરતા વનરાજ કરતાં પ્રાણીઘરના પીંજરામાં બેઠેલું સસલું વધારે સલામત છે, પણ તે સલામતીનું મૂલ્ય બે કોડીથી વધારે નથી.

સ્પાર્ટામાં નવજાત શિશુને પહાડ પરથી ગબડાવવામાં આવતું. ગબડતાં-ગબડતાં નીચે આવ્યા પછી પણ જો તે જીવતું હોય તો જ તે જીવવાને પાત્ર ગણાતું અને મૃત્યુ પામે તો તેવા માયકાંગલા બાળક વિના અમે ચલાવી લેશું, એમ માની કોઈ તેના મૃત્યુનો શોક પણ ન કરતું!

## ૦૪. માતૃત્વનું સરનામું : વિજયામાડી

**મહેશ પટારિયા**

---

કસ્તુરબાએ એક આશ્રમવાસી કન્યાને ઠપકાના સૂરમાં, ધ્યાન દોરતા કહ્યું; "વધારે દૂધ પીરસવાની કોઈની હિંમત જ નહીં, બાપુ તને વઢતા નથી એટલે તું એનો લાભ ઉઠાવે છે."

ગાંધીજી પોતાના આહાર-વિહાર અને વ્રત-નિયમમાં ખૂબ ચોક્કસ ! એમાં જરા જેટલો પણ ફેરફાર થવા ન દે. આશ્રમવાસીઓ પણ આ બાબતે સાવધાનીપૂર્વક વર્તે. એટલે આ આશ્રમવાસી કન્યાનાં આવા સાહસ અને ખાસ તો બાપુઆ સાહસને ચલાવી લે, એના આશ્ચર્ય સાથે બાએ બાપુની હાજરીમાં આ કન્યાનું માતૃસહજ ધ્યાન દોરેલું. ત્યારે બાપુએ કસ્તુરબાને આશ્રમ કન્યાની વકીલાત કરતા કહ્યું હતું;

"વિજયા મને પીરસે ત્યારે મને મારી મા યાદ આવે છે. એ પીરસે ત્યારે મને મારી મા પીરસતી હોય એવું લાગે છે."

આ આશ્રમવાસી કન્યા એટલે કેળવણીકાર, શીલભદ્ર સાહિત્યકાર મનુભાઈ પંચોળી 'દર્શક'ના ધર્મપત્ની અને લોકદક્ષિણામૂર્તિ પરિવારના વહાલસોયા વિજયામાડી. માત્ર આટલી ઓળખ એ એમની અલ્પ ઓળખ ગણાય. આ સિવાય પણ એ ઘણું બધું હતાં. વિજયામા બારડોલી પંથકના વરાડ ગામના દાદુપંથી પાટીદાર ખેડૂત આગેવાન નારણભાઈ અને અંબાબહેનનું સંતાન. પંથકમાં નારણભાઈ ખેડૂતો અને વંચિતોના હામી તરીકે પંકાયેલા. ગામના શેઢા-ખેતરના વિવાદ નારણભાઈની હાજરીમાં ઉકેલાય જાય.માતા અંબાબહેન ઘરરખ્ખું, પ્રેમાળ અને આધ્યાત્મિક.વિજયાબહેન આવા સ્નેહાળ પરિવારનું લાડકું સંતાન એટલે પહેલેથીજ ધાર્યું કરવાની ટેવ ખરી.

દાદુપંથી સંતોના સત્સંગમાં રામકૃષ્ણની કથાઓ સાંભળતા તરુણી વિજયાને અફસોસ થતો કે આપણે કેમ રામકૃષ્ણના જમાનામાં ન જન્મ્યા? બસ આ ગાળામાં મડદાને પણ બેઠા કરે એવી બારડોલીની નાકરની રણભેરી વાગી. વરાડગામમાં છાવણી નખાણી. પ્રાતઃસ્મરણીય મોહનલાલ પંડ્યા છાવણીમાં આવીને રહ્યા. એમની નજર સાધુ-સંતોની મંડળીમાં એક તેજસ્વી કન્યા વિજયા પર પડી. બીજા દિવસે પંડ્યાજી વિજયાબહેનને ઘેર ગયા અને બાપુની આત્મકથા વાંચવા આપી. વાંચીને વિજયાનું અંતર પ્રકાશથી ઝળહળી ઉઠ્યું. આ પ્રકાશપૂંજમાં જપેલો રામકૃષ્ણના સમયમાં ન જન્મવાના અફસોસનું બાષ્પીભવન થયું. સાથે જ મનમાં ગાંઠવાળી કે છ-બાર મહિના તો આ મહાપુરુષ સાથે રહેવું જ. તરત જ બાપાને કહીને ખાદીની સાડી મંગાવી લીધી, કાંતવા-પીંજવાનું શરૂ કર્યું. સોના-ચાંદીના દાગીના છોડી દીધા અને કોઈ દિવસ નહીં પહેરવાનું વ્રત લીધું.

બારડોલીની લડત સરકાર અને ખેડૂતો વચ્ચે સમાધાન થતાં બંધ થઈ અને ૧૯૩૦ની નમક સત્યાગ્રહની દેશવ્યાપી લડતના મંડાણ થયા.બાપુએ દાંડીના દરિયા કિનારેથી બહેનોને દારૂના પીઠા પર પીકેટીંગ કરવાનો આદેશ આપ્યો. આદેશને ઝીલીને વિજયાબહેન સુરત આવ્યા. મીઠુબહેનની આગેવાનીમાં કામે લાગ્યા. અહીં કસ્તુરબા પણ મીઠુબહેનની મદદમાં હતા. બાના સહવાસથી બાપુ પાસે રહેવાની અગાઉની ગાંઠ ઉપર બીજી ગાંઠ વળી.

ગામડામાં છ,સાત બહેનોની ટોળીમાં વિજયા દારૂ

મુદ્દે જનજાગૃતિ માટે ફરે છે. સરકારનો ખૌફ પ્રજામાં એટલો કે આ બહેનો પ્રત્યે પૂરેપૂરો આદર હોવા છતાં કોઈ ઉતારો ન આપે. રોટલો આપવાની વાત તો દૂર રહી, જાહેરમાં કોઈ વાત પણ ન કરે. રાત્રે ઝાડ નીચે માગશર મહિનાની ઠંડી રાતો આ બહેનોએ વિતાવેલી. આવું થોડા દિવસ ચાલ્યું ને સરકારે આ ટુકડીને પકડી. બે મહિનાની કેદ અને ૨૦૦ નો દંડ કર્યો. વિજયાબહેનનો દંડ તો એમના પિતાના ઘેર જપ્તી લાવીને સરકારે વસૂલ્યો.

બે મહિને છૂટીને ઘેર ગયા ત્યારે એમની સાથે કોઈ ભાઈ કે બહેન બોલવાની હિંમત ન કરે. વરાડની બીજી બહેનો પણ વિજયા સાથે હતી એટલે એમના પરિવારના રોષનો ભોગ પણ વિજયા જ બને છે. વિજયા પિતા નારણભાઈની લાડકી દીકરી છતાં સરકારના ડરથી એમણે પણ સાફ શબ્દોમાં કહી દીધું :

"તારી પાછળ મારે ભિખારી બનવું નથી. મારે બીજાં સાત બાળકો છે. એમનું પણ મારે જોવું જોઈએ. એટલે તારે હવે લડાઈમાં જવાનું નથી અને જો તારે લડાઈમાં જવું હોય તો પછી અમારી સાથે તારો સંબંધ પૂરો થયો સમજવો."

લડતમાં જવા બાબતે વિજયા પિતાને સમજાવતા રહ્યા કે દેશ એકલા મહાત્મા ગાંધીનો કે સરદાર પટેલનો નથી આપણા બધાનો છે, તો આપણા બધાનો ધર્મ દેશ માટે મરી ફીટવાનો છે. હું દરરોજ ભગવાનને પ્રાર્થના કરીશ કે તમને કોઈ મુશ્કેલી ન પડે છતાં મુશ્કેલી પડે તો દેશ ખાતર સહન કરજો. હું તો લડાઈમાં જઈશ. અને સાચે જ માત્ર બે જોડી કપડાં લઈને મા-બાપને પગે લાગીને એક દિવસ વિજયાબહેન મક્કમતાથી ચાલી નીકળ્યા. ઘરના બારણાં હવે તો એમના માટે બંધ જ હતા એ જોતા વિજયાબહેનનું આ પ્રયાણ "મીની-મહાભિનિષ્ક્રમણ" જ હતું. ૧૫,૧૬ વર્ષ સુધી રડવાની ખબર જ નહોતી એવા વિજયાબહેન વરાડથી છેક બારડોલી સુધી રડતા રહ્યા. બારડોલીથી આણંદ સુધીની ટિકિટ એમના કાકાના દીકરાએ કઢાવી આપેલી.આણંદ પાસેના મોગર ગામમાં કાશીબા સાથે ગામડાનું કાર્ય સંભાળ્યું. થોડા દિવસો આ કામ કર્યું એટલામાં ડાકોર પાસેના ઓડગામથી વિજયાની ધરપકડ થઈ.આ વખતે છ માસની સજા થઈ, દંડ ન થયો. સજા તો એકલાને ભોગવવાની હતી જ્યારે દંડ પૂરા પરિવારને. અમદાવાદ જેલમાં છ માસની સજા ભોગવી. એમના બા - બાપા મળવા પણ આવે. વિજયાના છ માસના જેલવાસ દરમિયાન વરાડના ઘેર તહેવારોમાં પણ મીઠાઈ ન બની. એવો પરિવારનો બહેન તરફનો ભાવ. પણ સરકારના ડર સામે સૌ લાચાર! વિજયાને મન તો જેલ એ મહેલ હતો. જેલવાસ દરમિયાન એમનો માંહ્યલો કોળી ઉઠ્યો.

છ મહિના પછી સરકારે છોડ્યા. વિજયાને છૂટવું જરાય ન ગમ્યું. છૂટીને થોડો સમય ઘેર નિવાસ કરે છે. દરમિયાન 'ગાંધી - ઈર્વીન' કરાર થતા બાપુ એ લડત સંકેલીને કાર્યકરોને ગામડામાં રચનાત્મકકાર્યો કરવાનો આદેશ આપ્યો.

આપણા વિજયાબહેન પણ સ્વયંસેવકો સાથે ગામડાઓમાં ફરતા-રોકાતા અને શિક્ષણ, ખાદી, કાંતણ અને દારૂબંધી વગેરેનું કામ કરતા. ગામડામાં કામ કરવાના અનુભવે એમને લાગ્યું કે થોડો અભ્યાસ કરું તો ગામડામાં કામ કરવાની શક્તિ આવે ને સારું કામ કરી શકું એટલે વિજયાબહેન ભાવનગર દક્ષિણામૂર્તિમાં અભ્યાસ કરવાનું નક્કી કરે છે. અભ્યાસ તો થયો પણ સાથે સાથે એમના જીવનની દિશા પણ બદલાઈ. અહીં જ એમને મનુભાઈ પંચોળી 'દર્શક' સાથે પરિચય થયો. પરિચય પ્રણયમાં તબદિલ થયો. 'સદ્‌ભિસંગ' માં મનુભાઈ લખે છે "સાદાઈથી શોભતા રૂપમાં હું મુગ્ધ બન્યો." યુવાવસ્થાની મુગ્ધાવસ્થા વચ્ચે પણ વિજયાબહેનએ મનુભાઈને કહેલું;

'મારા મા - બાપની સંમતિ મળશે પછી જ લગ્ન

કરશું.'

ભાવનગરથી વરાડ જઈને વિજયાબહેન બા-બાપાને મનુભાઈવાળી વાત કરી, સાથે સાથે વચન આપતા કહ્યું :

'લડાઈમાં ગઈ ત્યારે તમારી ના ઉપર ગઈ હતી કેમ કે ત્યાં દેશનો પ્રશ્ન હતો. આ મારા અંગત જીવનનો પ્રશ્ન છે અને એમાં તમારા આશીર્વાદ વિના હું આગળ નહીં વધુ.'

પરજ્ઞાતિ - પરપ્રાંત એટલે બાપા એ લગ્નની સંમતિ ન આપી. વિજયાબહેન તો સ્પષ્ટ જ હતા કે બા-બાપાની સંમતિ મળે તો લગ્ન કરવા, નહીં તો આજીવન લગ્ન ન કરવાનું વ્રત પાળવું.

વરાડ રહીને જ બાપુ સાથે આશ્રમમાં રહેવા પત્ર વ્યવહાર કર્યો. બાપુ અમદાવાદ આવતા એમને મળવા વિજયાબહેન ગૂજરાત વિદ્યાપીઠમાં ગયા. વિજયાબહેનનું વ્યક્તિગત રીતે બાપુ સાથેનું આ પ્રથમ મિલન હતું. બાપુ કહે : "તું મને જરાય અજાણી લાગતી નથી. જુગજુગથી તને ઓળખતો હોઉં એવું લાગે છે."

આશ્રમમાં કોઈ બહેનને રાખવા બાબતે બાપુ બાનો અભિપ્રાય છેવટનો ગણતા. વરાડની છાવણી વખતથી કસ્તુરબા વિજયાબહેનને ઓળખતા એટલે બાએ પણ રાજીપો વ્યક્ત કર્યો અને વિજયા સેવાગ્રામ આશ્રમમાં રહેવા આવી ગયા,એક અર્થમાં તેઓ ગાંધીજીની દીકરી બન્યા.

બાપુ સાથેના અંતેવાસ દરમિયાનના ગાંધીજી સાથેના પ્રસંગો અને પત્રો આપણને વિજયા માડીએ "બાપુનો પ્રસાદ" પુસ્તકમાં આપ્યા છે. આ પુસ્તકમાં શૈલી, રજૂઆતની બાબતે તેઓ લેખિકા તરીકે પ્રગટ થયા છે. મનુભાઈ સાથેના સંબંધ અને બા-બાપાના વિરોધની વાત જાણીને ગાંધીજીએ વિજયાને મનુભાઈ સાથેનો સંબંધ છોડવા સમજાવ્યા ત્યારે ગાંધીજીની પ્રતિભાથી અંજાયા વગર નિર્ભયતાથી તેઓ બાપુને કહી શક્યા :

'મારા માતા-પિતાનો વિરોધ છે એટલે કદાચ લગ્નને મોડું થાય અથવા ન પણ થઈ શકે પણ મારા અંતરમાંથી મનુભાઈને કોઈ દૂર કરી શકે એમ નથી.'

બાપુએ, વિજયાબહેનને 'મનુભાઈના આવતા પત્રો મને વંચાવવા' એમ કહ્યું ત્યારથી વિજયા મનુભાઈના આવતા પત્રો અને પોતે મનુભાઈને લખતા એ પત્રો પણ વંચાવતા. બાપુએ એક વર્ષ સુધી આવી રીતે આ સંબંધને નાણ્યા પછી પોતાની મોહર મારતા કહ્યું: 'તને સાધુપુરુષ મળ્યો છે.'

પછી તો બાપુએ, સરદાર પટેલે પણ નારણભાઈને સમજાવ્યા. આ સમજાવટ અને મનુભાઈ-વિજયાના પવિત્ર,શુદ્ધ વર્તનથી નારણભાઈ પીગળ્યા અને તેમણે બાપુને કહ્યું : 'અમે વિજયાને અમારે ઘેર તો મનુભાઈ સાથે નહીં પરણાવી એ પણ તમે જ આશ્રમમાં એનું કન્યાદાન કરો, એમા અમારી સંમતિ અને રાજીપો છે. વરઘોડિયાને અમારા આશીર્વાદ છે.

પ્રખર કેળવણીકાર ઋષિવર્ય નાનાભાઈ ભટ્ટ ગોરપદે હોય, ગાંધીજી અને કસ્તુરબા કન્યાદાન દેતા હોય અને વિજયા-મનુભાઈ જેવું યુગલ પરણતું હોય! કેવું અદ્‌ભુત "ન ભૂતો ન ભવિષ્યતિ " દ્રશ્ય સેવાગ્રામ આશ્રમમાં ખડું થયું હશે !! સમયને પણ ઘડીભર થંભીને માણવાનું મન થઈ આવે એ રીતે મનુભાઈ-વિજયા તારીખ ૭ ફેબ્રુઆરી ૧૯૩૯ ના રોજ પરણી ઉતર્યા.

લગ્ન પછી મનુભાઈ સેવાગ્રામમાં જ રહે અને કામ કરે એવી ગાંધીજીએ ઈચ્છા વ્યક્ત કરી એટલું જ નહીં વિજયાને સમજાવવા પ્રયાસ પણ કર્યા ત્યારે પણ વિજયાએ બાપુની ઈચ્છા વિરુદ્ધનો પોતાનો અભિપ્રાય આપતા કહ્યું:

'સેવાગ્રામમાં રહેવું મને તો ગમે પણ મનુભાઈ માટે એ બરાબર નહીં, એમણે અહીં જમાઈ થઈને રહેવું પડે એ હું પસંદ ન કરું. એમનું હીર હણાય એમને પસંદ નથી.

આમ પણ મનુભાઈને નાનાભાઈ પાસે જ સ્થિર થઈને નાનાભાઈ સાથે જ કામ કરવું છે. મને પણ પૂજ્ય નાનાભાઈ સાથે રહીને કામ કરવાની હોંશ છે એટલે અમે નાનાભાઈ સાથે આંબલા જ રહીશું.'

એક અર્વાચીન કણ્વઋષિએ પોતાની આશ્રમવાસી દીકરીનું કન્યાદાન કરીને વળાવી. કન્યા વિદાયની બે કલાકમાંજ ગાંધીજી વિજયાને લખે છેઃ

'તારા વિના અત્યારથી જ સૂનું લાગે છે. પ્રાર્થનામાં તારો અવાજ ક્યાં ?'

બાપુની આ સ્થિતિ બતાવે છે કે વિજયાબહેનએ પોતાના આચાર વિચારથી આશ્રમ અને બાપુના હૃદયમાં કેવું મજબૂત, અચળ સ્થાન જમાવી દીધું હતું!

વિજયાને લગ્ન પહેલા ગાંધીજી, વિનોબા, સરદાર જેવા રાષ્ટ્રીય કક્ષાના નેતાઓનો સહવાસ મળ્યો. લગ્ન પછી નાનાભાઈ, સ્વામી આનંદ, 'દર્શક' જેવા મહાનુભાવોનો અંતેવાસ મળ્યો. આ બધા વચ્ચે વિજયાબહેનને મળતા સૌને અહેસાસ થાય કે વિજયાબહેનની એક અચલ, સ્વતંત્ર પ્રતિભા હતી, જે આ મહાનુભાવો વચ્ચે પણ અસ્તિત્વ ટકાવી રહી હતી. આ બધા મહાનુભાવોને પણ વિજયાબહેન પોતાનો, બધાથી અલગ પડતો અભિપ્રાય-નિર્ણય જણાવતા અચકાતા નહીં.

લગ્ન પછી આ ગાંધીજીની દીકરી પૂજ્ય નાનાભાઈની પુત્રી બની. નાનાભાઈની આંબલા સ્થિત ગ્રામદક્ષિણામૂર્તિ એટલે કોઈ અર્વાચીન ઋષિનો આશ્રમ જ જોઈ લ્યો! વિજયાબહેન આ ગુરુકુળના કુળમાતા બન્યા.

સંસ્થાનાં ખેતી વિભાગમાં ગોધરા બાજુનો એક પરિવાર મજૂરી કામે આવેલો. સમયાંતરે સંસ્થામાં રહેતા પરિવારની ખબર લેવાની વિજયાબહેનની ટેવ. આવી એક મુલાકાતમાં મજૂર પરિવારની એક મડી નામની દીકરી પર એમની નજર પડી.આ મડી પણ યથા નામ જ હતી! વિજયાબહેનની વૈદ નજર દીકરીની સમસ્યાને જોઈ ગઈ. નિદાન કરાવ્યું તો હૃદયમાં છેદ છે એવું નિદાન થયું. આ ઓપરેશન કરાવવાનો ખર્ચ એ જમાનામાં ૭૫,૦૦૦ જેટલો હતો. વિજયા બહેન પોતાના પરિચિતો સામે દીકરીવતી હાથ ફેલાવ્યો અને છેક મુંબઈ જઈને ઓપરેશન કરાવ્યું. પછી તો મડીનો કાયાકલ્પ થયો. બુચદાદાએ એનું નવું નામ 'લલિતા' પાડ્યું. નાનાભાઈ પણ કહેતા કે મનુભાઈ– વિજયાબહેન ન હોત તો મેં આંબલાની લોકશાળા શરૂ જ ન કરી હોત! નાનાભાઈનો આવો વિશ્વાસ કસોટીએ પણ ચડ્યો.. ૪૨ની હિંદછોડો ચળવળ વખતે મનુભાઈ, નાનાભાઈ બંને જેલમાં. વિજયાબહેન હજુ પ્રથમ પ્રસૂતિમાંથી ઊભા જ થયેલા, છતાં પણ તેમણે મનુભાઈને લડતમાં જતા રોક્યા નહીં. શિશુ રામચંદ્રની સાથે સમગ્ર સંસ્થાની જવાબદારી વિજયાબહેન પર આવી પડી. એમણે સરસ પાર પાડી.

પિતા નારણભાઈને ત્યાં કાયમ દસ,બાર નોકર કામ કરનારા હોય. આવા સુખી, મોભાદાર પરિવારમાં

લાડકોડથી ઉછરેલ વિજયાએ લગ્ન પછી અકીંચન મનુભાઈનું ઘર અજવાળ્યું. સેવાગ્રામમાં લગ્નના માંડવે જતા મનુભાઈના ફાટેલા ખમીસ તરફ મિત્રોએ ધ્યાન દોરેલું. એવા એ દિવસોમાં પણ મનુભાઈના ઘરમાં નિજાનંદથી જીવ્યાં.મનુદાદાના વિરાટકાર્યમાં પૂજ્ય વિજયામાડીનો આવો જ મૂક ટેકો રહ્યો છે. એનો સ્વીકાર પણ ખુદ મનુદાદાએ અનેક વાર જાહેરમાં કર્યો છે. વિજયામાડીના અવસાનનું વર્ષ એ મારું પણ લોકભારતીમાં અભ્યાસનું છેલ્લું વર્ષ. એમના અંતિમ દર્શન કરી શક્યો એને હું મારું અહો ભાગ્ય સમજુ છું અને આ લખાણ દ્વારા એમની ભાવવંદના કરી ઊંડો પરિતોષ અનુભવુ છું...જયજગત.

મોબાઈલઃ ૯૪૨૮૨૯૧૯૪૭

## ૦૫. ૨૧ ફેબ્રુઆરી- વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે : માતૃભાષાના સંવર્ધનમાં શિક્ષકનું દાયીત્વ

ડૉ. સંજય આર. તલસાણીયા

બાળકોને પ્રાથમિક તબક્કે માતૃભાષા પ્રત્યે અનુરાગ જાગે અને તેનો ભાષા વિકાસ તદ્દન સાહજિક અને પ્રાકૃતિક થાય એ પ્રત્યેક શિક્ષકનું પ્રથમ દાયિત્વ છે.ભાષા સંસ્કાર અને સંસ્કૃતિની વાહક છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી કહેતાઃ "જે વિદ્યાર્થી બે વર્ષમાં શીખી શકે તે પારકી ભાષામાં સાત વર્ષમાં શીખે છે. પારકી ભાષા ભણાવીએ એટલે વિદ્યાર્થી પર ભણવાનો અસહ્ય બોજો નાખવો." આટલી સીધી વાત સમજવામાં કેટલું મોડું થયું છે એ આપણે સમજી રહ્યા છીએ. જેનું પરિણામ આપણા બાળકો ભોગવી રહ્યા છે. એક સર્વે મુજબ ધોરણ ૧૦ના ગુજરાતી વિષયમાં ૪૦ % કરતા પણ વધુ બાળકો નાપાસ થાય છે. અને તેથી જ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦માં પ્રાથમિક કક્ષાએ માતૃભાષાના શિક્ષણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.જગતના તમામ વિદ્વાનો માતૃભાષા દ્વારા શિક્ષણનાં હિમાયતી છે. કેમકે માતૃભાષા સંવેદનાની ભાષા છે, મનની ભાષા છે. ભાષા દ્વારા આપણું THINKING વિકસે છે એટલું જ નહિ વિદ્યાર્થીના,બાળકના સમગ્ર જીવનનો દારોમદાર માતૃભાષા પર નિર્ભર છે વળી, આપણી જાતને પણ ભાષા દ્વારા સમજીએ છીએ.એમ કહેવાય છે કે જેવી જેની ભાષા એવું તેનું ભાવજગત ! એ દૃષ્ટિએ જોતા બાળકોનો પ્રારંભિક શિક્ષણનો પાયો માતૃભાષામાં નંખાય તો તેના સમગ્ર શિક્ષણજીવનની ઈમારત ઉત્તમ બની શકે છે.

પ્રારંભિક ધોરણમાં જો ભાષાનો સમ્યક અને વિધેયક વિકાસ થાય તો બાળકની ભાષા વધુ પ્રબળ અને અસરકારક બની શકે છે. આજે અંગ્રેજી ભાષા ગુજરાતીને ગળી રહી છે. અંગ્રેજી ભાષાનું લોકોને એટલું તો ઘેલુ લાગ્યું છે કે ગામડાગામનાં વાલીવર્ગ પણ પોતાના બાળકોને પ્રારંભિક શિક્ષણ ગુજરાતી માતૃભાષાના માધ્યમથી આપવાને બદલે અંગ્રેજીમાં જ અપાય તેવી ઘેલછા સેવે છે જે તેમની ભયંકર ભૂલ છે, જેને પરિણામે બાળકનો જે ભાષિક વિકાસ થવો જોઈએએ થતો નથી. ભાષા સમૃદ્ધ અને સબળ બનવી જોઈએ એ પણ બનતી નથી.એ માટે શિક્ષિત વર્ગ એટલો જ જવાબદાર ગણી શકાય છે. ગુજરાતી ભાષા એ દૂધ ભાષા છે એના તોલે બીજી કોઈ ભાષા ન આવે. ગાંધીજી કહેતાઃ

"આજે આપણે માતાને છોડી દાસીને વળગ્યાં છીએ તો પછી થઈ રહ્યું બાળકની ભાષાનું કલ્યાણ !"

બાળક ગમે એટલું ઇંગ્લિશ જાણતું કેમ ન હોય, પરંતુ માતૃભાષામાં તેની જે મુખરતા કેળવાય છે તે ઇંગ્લિશમાં શક્ય જ નથી.

ગુજરાતી ભાષાની શબ્દ-સમૃદ્ધિ પણ સમજવા જેવી છે, ગુજરાતીમાં સ્નેહ, વાત્સલ્ય,પ્રેમ અને મમત્વ વગેરે શબ્દોમાં પાતળી ભેદરેખા રહેલી છે, જ્યારે અંગ્રેજીમાં એના માટે એક જ શબ્દ છે LOVE.જ્યારે ગુજરાતીમાં માતાના પ્રેમને વાત્સલ્ય !ગુરુ - શિષ્યના પ્રેમને સ્નેહ !વગેરે શબ્દોની અર્થછાયાઓ નિરાળી છે.

એમ કહેવાય છે કે, જ્યારે બાળક ધોરણ -૧માં ભણવા આવે છે ત્યારે તેના વ્યવહાર જગતમાં ૧૫૦૦ શબ્દોની સમજ વિકસી ચૂકી હોય છે. જ્યારે એ શાળામાં દાખલ થયા પછી બાળકમાં બૃહદ ભાષા ભંડોળ વિકસે એની નૈતિક જવાબદારી શિક્ષકની હોય છે. વળી ભાષાનું ક્યુ રૂપ સારું એ પણ સમજવા જેવું છે!જેમકે -સાંભળવું, બોલવું,કહેવું, લખવું કે પછી વાંચવું ?આ પૈકી શું કરવાથી બાળકોનો ભાષા વિકાસ સમૃદ્ધ બને એ શિક્ષકના રસ,રુચિ

પર નિર્ભર છે.

શિક્ષક પાસે એ માટે બાળકોને સમજાવવાની ધીરજ,અભ્યાસ હોય એ ઈચ્છનીય છે.જો તે નાના બાળકોન ેભણાવે છે તો શું તેની પાસે ઉખાણા, બાલગીત, બાલ વાર્તા, અભિનય, નૃત્યનાટિકા જેવો રસથાળ છે ? એમાં પણ જો શિક્ષકનું સુરીલું ગળું હોય અથવા સરસ વાર્તા કહેવાની આવડત હોય તો તો સોનામાં સુગંધ ભળે !

અર્થાત શિક્ષક પાસે બાળકને મજા પડે એવી પદ્ધતિ, એ શૈલી હસ્તગત થયેલી છે ખરી ?આવા શિક્ષક પાસે તૈયાર થયેલું બાળક મૌખિક હોય કે પછી લેખિત અભિવ્યક્તિ!કોઈ જગ્યાએ કાચો-પોચો રહેતો નથી.

વર્ગખંડમાં શિક્ષક એવી કઈ-કઈ પ્રવૃત્તિ-પદ્ધતિ,પ્રવિધિઓ અમલમાં મૂકે કે જેથી બાળકોમાં માતૃભાષા પ્રત્યે અનુરાગ જાગે અને તેનો ભાષીય વિકાસ સંભવી શકે એ સમજીએ -

- નાના ધોરણમાં એટલે કે ધોરણ ૧-૨માં બાળકોના ભાષા વિકાસના પ્રારંભિક તબક્કામાં સામાન્ય પ્રશ્નો પૂછવા જેમ કે, તમારું નામ શું છે ?તમારા પાપા-મમ્મીનું નામ શું છે ? આ પ્રશ્નોથી ફાયદો એ થશે કે નાના બાળકો તમારી સાથે ખુલશે,તમે એને આદરથી બોલાવો છો, તેની એક અલગ જ છાપ બાળકના મનોજગત પર પડશે. કેમેકે, પ્રત્યેક બાળકને પોતાનું આગવું વ્યક્તિત્વ હોય છે. જેમ મોટાને માન- સન્માન ગમે છે એમ બાળકને પણ સન્માન ગમે છે.
- બાળકોને સરળ ઉખાણાં-જોડકા અને કોયડા પૂછો, જેનાથી તેનામાં આત્મવિશ્વાસ વધશે, શિક્ષક સાથે આત્મીયતા કેળવાશે, જેથી તે વાતચીત કરવા પ્રેરાશે.બાળકો સાથે ઘરોબો કેળવી માતૃભાષા સંગ ગોઠડી કરવાની આ ઉત્તમ રીત છે.
- હા યાદ રહે, બાળકોને એમ કદીયે ન કહો કે આનો સાચો જ જવાબ આપો, એમ કરવાથી બાળકો ડર,ક્ષોભ કે ભય અનુભવશે અને આપને જે માતૃભાષા પ્રત્યે મમત્વ જગાવવું છે એ અશકય બને.
- ધોરણ-૩/૪ના બાળકોને એવા પ્રશ્નો પૂછો કે જે મુક્ત જવાબી હોય !જેમ કે આપણી શાળામાં તમને શું - શું કાર્ય કરવું ગમે ? વેકેશનમાં તમે શું- શું કરશો ?આ ઉપરાંત ચિત્રનું વર્ણન કરવા અને લખવા માટે પણ પ્રેરી શકાય.
- હા, અહી ખાસ એ જોવાનું કે, એ સમયે બાળકની ભાષામાં પ્રાદેશિકતા દોષ જણાય અથવા વ્યાકરણ ભૂલ જણાય તો શરૂઆતના ધોરણમાં વિશેષ ધ્યાન ન આપવું. એ સમયે આપણો હેતુ બાળકને ભાષાનો નિષ્ણાંત બનાવવાનો નથી પરંતુ તેની ભાષા સમૃધ્ધ થાય એ જરૂરી છે. એ સમયે શિક્ષક તરીકે આપણો વ્યવહાર સોહાર્દ અને મૃદુતાભર્યો હોય ખૂબ ઇચ્છનીય છે.
- ક્યારેક બાળકોને પૂછો, આજે આપણે કઈ રમત રમવી છે ? અંતાક્ષરી, શબ્દ અંતાક્ષરી કે સુડોગ બનાવવા છે ? આ બધી રમતો હકીકતમાં તેના ભાષા વિકાસને વધુ પ્રબળ બનાવે છે.
- સ્થાનિક બોલીનો હસ્તલિખિત અંક પણ વિદ્યાર્થીની મદદથી બનાવી શકાય.આમ કરવાથી તેની પોતીકી બોલીને સમજવાની તક મળશે અને તેની બોલીમાં આવતા દેશજ (પ્રાંતિય શબ્દો) પ્રત્યે સભાન બનશે.
- સહઅભ્યાસીક કાર્ય જેમકે નિબંધ,વાર્તા કથન, વકતૃત્વ સ્પર્ધા ગોઠવીએ, જેમાં શરૂઆતમાં વર્ગખંડમાં પછી પ્રાર્થના સભા અને ત્યાર બાદ ૧૫મી ઓગષ્ટ અને ૨૬મી જાન્યુઆરી જેવા

જાહેર કાર્યક્રમોમાં બાળકોને બોલવા માટે તૈયાર કરીએ. એટલે કે તેને તબક્કાવાર આગળ વધારવા શિક્ષક સતત માર્ગદર્શન આપવું જોઈએ. તેને પ્રોત્સાહિત કરવા જોઈએ.

- ભાષા એકાંતમાં કે માત્ર વર્ગખંડમાં જ શીખી શકાય એ વાતમાં તથ્ય નથી. બાળકોને વર્ષમાં ત્રણ-ચાર વખત ગામમાં જુદા જુદા વ્યવસાયકારોની મુલાકાત કરાવો. એને માટે પ્રશ્નો રચવા તેને જ કહો. પોસ્ટઑફિસર, બેંક, આરોગ્ય કેન્દ્ર, ડેરી વગેરેની મુલાકાતો કરાવો. એમાથી જે ભાષા વિકાસ થશે તેની તમે કલ્પના પણ નહીં કરી શકો.
- ગામમાં કોઈ વ્યક્તિ સરસ મજાની વાર્તા કહેતું હોય એ વ્યક્તિ ચાહે તે દાદા હોય કે દાદી તેને બોલાવી વાર્તાકથન કરાવવું જોઈએ?આ ઉપરાંત દિન વિશેષ નિમિત્તે સારા વક્તા બોલાવી તેનું વક્તવ્ય ગોઠવીએ. જેની મોટી અસર બાળકોના ભાષાવિકાસ પર પડે છે.
- શુદ્ધ ઉચ્ચારણ માટે આદર્શ નમૂનારૂપ વ્યાખ્યાન ગોઠવીએ જેથી બાળકોની શબ્દાવલી સુધારવામાં ઉપકારક નીવડે છે.
- જુદા-જુદા શબ્દો શીખવા માટે ગુજરાતી, અંગ્રેજી, હિન્દી અને સંસ્કૃત ભાષાના શબ્દકોશો વિદ્યાર્થીઓ સમક્ષ મૂકવા જોઈએ.શાળાના પુસ્તકાલયને વધુ સમૃદ્ધ કરવામાં ભાષાશિક્ષકે પોતાનું કૌવત બતાવવું જોઈએ.
- શિક્ષક પોતના વક્તવ્ય કે ભાષાવ્યવહાર યોગ્ય હાવભાવ સાથે વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સમક્ષ પ્રસ્તુત થાય તો તેની અસર વિદ્યાર્થીઓ પર ચિરસ્મરણીય રહે છે કેમકે  વિદ્યાર્થી શિક્ષકને પોતાના આદર્શ માનતા હોય છે અને તેની અસર પણ વિદ્યાર્થી પર વિશેષ જોવા મળતી હોય છે.
- ભાષા એકલા-એકલા કે એકાંતમાં શીખી શકાતી નથી. તેના માટે વાદ-વિવાદ,ચર્ચા-સંવાદ કરાવવા જોઈએ.વિદ્યાર્થીઓ પ્રશ્ન પૂછવાની અને પ્રશ્ન રચવાની તક આપવી જોઈએ ખાસ કરીને એવા ચર્ચાના વિષયો પણ વિદ્યાર્થી સમક્ષ મૂકવા જોઈએ.
- જૂથચર્ચા, પ્રોજેક્ટવર્ક વગેરે પ્રવૃત્તિઓ આપીએ, જેના કારણે બાળકોને વધારેમાં વધારે બોલવું પડે, ચર્ચા કરવી પડે જેથી તેના ભાષા વિકાસ સરળ અને સહજ બને.
- અભિપ્રાયો આપવા માટે પણ બાળકોને પ્રેરિત કરવા જોઈએ. જેમાં ખાસ કરીને પ્રવાસ-પર્યટન ગોઠવ્યા પછી તેને આ સંદર્ભે પોતાના અભિપ્રાયો આપવા પ્રેરવા જોઈએ.
- ૧૫મી ઓગષ્ટ અને ૨૬ મી જાન્યુઆરી જેવા રાષ્ટ્રીય તહેવારો ઉજવ્યા બાદ આ અંગે વિદ્યાર્થીઓને પોતાના વિચારો વ્યક્ત કરવાની તક આપવી જોઈએ. તેનું પરિણામ એ આવશે કે તેની  વૈચારિકશક્તિ અને મૌખિક અભિવ્યક્તિ પણ વિકસે છે.
- અમુક કાર્ય કરવા માટે બાળકને મોકળું મેદાન આપવું જોઈએ ખાસ કરીને કાવ્ય લેખન, સંકલન કરાવવું, સમાચાર શોધવા,સુડોગ શોધવા વગેરે માટે વિદ્યાર્થીઓને ગૃપમાં વિભાજિત કરી પ્રસ્તુત કરવા કહો અને પછી જુઓ,  તેનું કેટલું સરસ પરિણામ આવે છે !
- અહીં ખાસ નોંધીએ કે ભાષા સંદર્ભે કોઈ બાળકની મર્યાદા જોવી, કોઈ સારું કે ઉત્તમ કાર્ય કરે છે એ ન જોતાં એક સાચા શિક્ષક તરીકે આપણે હકારાત્મક અભિગમ રાખી વિદ્યાર્થીઓને સતત પ્રોત્સાહિત કરતા રહેવું જોઈએ.

- ઘણી વખત વિદ્યાર્થીઓસમક્ષ જુદી-જુદી પરિસ્થિતિ ઉભી કરી આપીએ, અથવા એવા વિષયો લેખન વિકાસ થાય એ માટે આપવા જોઈએ જેમકે જો એક વર્ષ સુધી વરસાદ ન આવે તો....જો આપણું ગામ દરિયાને કાંઠે હોય તો.....વગેરે દ્વારા વિદ્યાર્થીઓની તર્કશક્તિ, વિચારશક્તિ અને કલ્પનાશક્તિ ખીલે એવા શિક્ષકના પ્રત્યેક પ્રયત્નો બાળકના ભાષા વિકાસને પોષક બનાવે છે.
- વર્ગખંડ અને શાળામાં નાટક યોજવા જોઈએ. ભાષાને સમજવા મોનોએક્ટિંગ,મિમિક્રી પણ બાળકોના ભાષા વિકાસ માટે એટલા જ અસરકારક છે અને તેને માતૃભાષા સાથે મૈત્રી બંધાય છે.
- ગુજરાતી કાવ્ય અથવા વાર્તાનું અધ્યયન થયા પછી શું-શું કરી શકાય કે જેને કારણે બાળકનો ભાષા વિકાસ સરળ બને. જેમકે - વાર્તાનું નાટ્યિકરણ,પ્રશ્નોત્તરી,એક વાક્ય ,બે વાક્ય,વિસ્તૃત જવાબી પ્રશ્નોનું નિર્માણ વિદ્યાર્થી પાસે કરાવી,વાર્તાનું કાવ્યમાં રૂપાંતરણ-એકમમાં આવતા મુહાવરા,કહેવતો,જોડાક્ષરો,સંધિ વિચ્છેદ,વિશેષણો તારવવા,પાત્રોનું ચરિત્રચિત્રણ કરવું,ઉદેશ શોધવો,એ જ ઉદેશવાળી અન્ય વાર્તા શોધવી,લેખક પરિચય,બુલેટિન બોર્ડમાં પર્યાય શબ્દો લખીને મુકવા,વાર્તાના ચિત્રો દોરવા વગેરે પ્રવૃત્તિ કરાવી માતૃભાષાને રસપ્રદ બનાવી શકાય છે અને વર્ગખંડ શિક્ષણને અસરકારક બનાવી શકાય છે.
- નાના ધોરણમાં ચાંદો સુરજ રમતા તા.... જયપુરના રાજાની રાણીની... ચાલી ઉંદર ભાઈની જાન..જેવા રુચિકર બાળગીતો તેમજ ઋતુગીતો-અંધારા વાદળાં..અને ગરબા,ઉત્સવ-ગીતો, દેશભક્તિ ગીતોમાં આવતા નવા-નવા શબ્દો, શબ્દપ્રાસ, શબ્દસમુચ્ચો, શબ્દલાલિત્ય પણ બાળકોના ભાષા વિકાસને બળવત્ત બનાવવા એટલા જ સહાયક બને છે એ ન ભૂલીએ.
- મોબાઈલ પણ માતૃભાષા વિકાસને સમૃદ્ધ બનાવવાનું ઉપકારક ઉપકરણ છે. જેના માધ્યમથી બાળકોના પ્રાદેશિકતા દોષ ટાળી શકાય છે, તેની સ્પીચ સુધારી શકાય છે.
- વર્ગખંડમાં જુદા-જુદા ચાર્ટ બનાવીને લગાવી શકાય જેમકે-જોડણી,સંધિવિચ્છેદ, કહેવતો, રૂઢિપ્રયોગો,જુદી-જુદી સંજ્ઞાઓ વગેરે બાળકોના ભાષા વિકાસને ઘડવામાં સહાયભૂત બને છે.

આ ઉપરાંત પણ શિક્ષક જો ધારે તો, વિદ્યાર્થીઓની માતૃભાષાને સમૃદ્ધ કરવા અનેક પદ્ધતિ—પ્રયુક્તિનો ઉપયોગ કરી તેના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. હા, આ કાર્ય શિક્ષક જ સરસ રીતે કરી શકે છે અને એ એક નૈતિક જવાબદારી શિક્ષિતોની છે કેમકે ગાંધીજીએ ૧૯૧૭ બીજી ગોળમેજી કેળવણી પરિષદમાં કહ્યું હતુંઃ

"માતૃભાષાનો જે અનાદર આપણે કરી રહ્યા છીએ તેનું ભારે પ્રાયશ્ચિત આપણે કરવું પડશે. તેથી પ્રજાએ ઘણું સહ્યું છે. તેમાંથી પ્રજાને છોડાવવી એ શિક્ષિત વર્ગની પહેલી ફરજ સમજુ છું.''

તો ચાલો આપણે સહુ શિક્ષિતો માતૃભાષા વિકાસમાં આપણું જ્ઞાન, આવડત,કૌશલ દ્વારા વિદ્યાર્થીઓના ભાષા વિકાસને સમૃધ્ધ બનાવીએ.

(શ્રેયાન વ્યાખ્યાતા,ભાવનગર
મો.૭૯૯૦૫૦૯૨૯૩)

## ૦૬. લોકભારતીનું ગૌરવ : રવજી ગાબાણી

**પ્રવીણચંદ્ર ઠક્કર**

---

કોડિયુંના આ અંકમાં ભાવનગર જિલ્લામાં વલ્લભીપુર પાસે પીપરીયા નામક નાનકડા ભૌતિક સુવિધાવિહિન ગામડામાં જન્મેલા—ઉછરેલા, અપાર અગવડો વચ્ચે ભણેલા, પ્રાથમિક શાળાથી સચિવાલય સુધીની જીવનયાત્રા કરવા છતાં મૂળ ભોંય પર રહેલા, લોકભારતી પ્રાથમિક શિક્ષક અધ્યાપન મંદિરના વિદ્યાર્થી ૧૯૯૦ રવજીભાઈ ગાબાણી (જન્મ : ૧/૨/૧૯૭૨)ની રોમાંચકારી કથા આલેખવી છે.

નાનાભાઈ ભટ્ટ અને મનુભાઈ પંચોળીના આદર્શોને મૂર્તિમંત કરનાર, રવજીભાઈના પિતાશ્રી નરસિંહભાઈ સીમાંત ખેડૂત. આર્થિક સમૃદ્ધિ ઓછી પણ સ્વભાવે સરળ, સત્યનિષ્ઠ, ઋજુ અને અજાતશત્રુ. તેમના બા ની કાબેલિયત દરેક ક્ષેત્રમાં. જે કંઈ કામ કરે તે પૂરી લગન અને હોંશથી. તેમના ઘરની ઓસરીની દીવાલે હારબદ્ધ દેવ—દેવીઓના ફોટા ટીંગાડેલા. દસ અવતાર, સત્યનારાયણ ભગવાન, રામ—લક્ષ્મણ—જાનકી સાથે હનુમાનજી અને શ્રવણનો કાવડ સાથેનો માતા—પિતાને યાત્રા કરાવતા ફોટા. બાળક રવજીભાઈ ધારી ધારીને આ ફોટા જોયા કરે. તેમને શ્રવણનો કાવડવાળો ફોટો સૌથી વધુ સ્પર્શી ગયેલો. જયારે તેઓ શાળાએ જવા લાગ્યા ત્યારે ત્યાં ગવાતા શ્રવણ કાવડ લઈને ચાલ્યો, સેવા માત—પિતાની કરવા.. ગીત સાંભળી ઝૂમી ઊઠતા અને રિસેસમાં ઘરે જાય ત્યારે ફરી એ છબીને ટગર ટગર જોઈ લેતા. આ દૃશ્યમાંથી જ ઘડાયું તેમના વ્યકિતત્વ વિકાસનું સાત્વિક પોત.

તેઓ નાનકડી શાળામાં પાંચેક કલાક અભ્યાસ કરતાં. વાચન—લેખન—લેસન, શાળાના વૃક્ષોને પાદરના અવેડામાંથી ડોલ ભરી પાણી લાવવું, વૃક્ષને ઉછેરવા., મીઠી માથે ભાત કે જળકમળ છાંડી જાને બાળા કવિતાના ગાન, પંચતંત્ર, ઈસપની કથાઓના આસ્વાદ, દરેક પ્રવૃત્તિમાં તેમને મજા આવતી. સાતમાં ધોરણમાં ૬૦ % મેળવી બીજા નંબરે ઉત્તીર્ણ થયા. આસપાસના ૫૦ ગામોમાં ઉત્તર બુનિયાદી વિદ્યાલય રતનપુર (ગાયકવાડી) પ્રખ્યાત. સવારે ૮:૦૦ વાગે સાયકલ ઉપર ટિફીન લઈ શાળાએ પહોંચી જવાનું. નવમાં ધોરણમાં ૮૦ % સાથે તેમની ગણતરી હોશિયાર વિદ્યાર્થીઓમાં થવા લાગી. બોર્ડની પરીક્ષા આપવા પહેલી વખત ૫૬ કિ.મી. દૂર આવેલા ભાવનગર જવાની ઉત્સુકતા અને સાથે તણાવ. પરિણામ આવ્યું. ૭૧ % માર્કસ. ગામમાં અત્યાર સુધી સાયન્સ પ્રવાહ રાખનાર ત્રણ વિદ્યાર્થીઓમાં સૌથી વધુ ટકાવારીનો રેકોર્ડ.

તે સમયે પી.ટી.સી. પ્રાયમરી ટિચર્સ સર્ટિફિકેટ મેળવી શિક્ષક બની જવાનો જબરજસ્ત ટ્રેન્ડ. આ શિક્ષણ મેળવવું એટલે નોકરી અને છોકરી બંને પાકા. પરિવાર માટે ખુલી જતો સુખદ ખજાનો. રવજીભાઈ લોકભારતી અધ્યાપન મંદિરમાં નીતિવાન, મૂલ્યનિષ્ઠ અધ્યાપકો પાસે અભ્યાસ કરવા લાગ્યા. પ્રથમ વર્ષ માતૃધારા માયધાર કેમ્પસ તાલુકો પાલિતાણા પર રહેવાનું. સારસ્વત દર્શક પણ મોટાભાગનો સમય ત્યાં રહેતા. રાત્રે બે વાગે પણ વાચન—લેખનમાં એકાકાર થઈ જતા, કયારેક રડી પડતાં. દર્શકથી તેઓ પ્રભાવિત થવા લાગ્યા. દાદાની રોજિંદી જવાબદારી સંભાળવાનું સૌભાગ્ય તેમને સાંપડેલું અને હવે તેમના સાહિત્યમાંથી જ પસાર થવાનું પણ આકર્ષણ જાગ્યું હતું. સોક્રેટિસ, પરિત્રાણ, ઝેર તો પીધાં છે જાણી જાણી વગેરે પુસ્તકો તેમણે આકંઠ માણ્યાં. સ્વામી સચ્ચિદાનંદજી પણ પ્રિય લેખક. બીજા વર્ષનો અભ્યાસ લોકભારતી. અહીં જીવનલક્ષી કેળવણી, સૌ કાર્યકરોની સમર્પિતતા, નિષ્ઠા, પ્રયોગશીલતા, ભલમનસાઈ, ભાવસમાધિમાં ગરકાવ કરતી પ્રાર્થના તેમને જચી ગયા. અહીંના વિશાળ ગ્રંથાલયે વાંચનની ભૂખ જગાડી. લેખનકળા, કાવ્યસર્જન ઉમદા શિક્ષક બનવાના, માનવ તરીકે જીવન જીવવાના બીજ અહીં રોપાયા. લોકભારતી તેમના જીવન ઘડતરની

આધારશિલા સિદ્ધ થઈ. અહીંના બે પ્રસંગો તેમના મન પર અમીટ છાપ મૂકી ગયા છે. એક : સચ્ચિદાનંદજીનું મનનીય વ્યાખ્યાન અને તેમના પ્રવચન પછી તેમણે સ્વામીજીની લીધેલી દસ મિનિટની મુલાકાત. બે : ખેડૂતમંડળમાં મનુભાઈએ આપેલી શીખ આપણને મતભેદ હોઈ શકે પણ ક્યારેય મનભેદ ન જ રાખીએ.

લોકભારતી અભ્યાસ સંપન્ન કર્યા પછી તેઓ બોટાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળામાં પ્રવૃત્ત હતા. આ સમય દરમિયાન નિસ્બત ધરાવનાર સમાજસેવી શિક્ષક તરીકેનો એક ભાવવાહી પ્રસંગ. બોટાદ શહેરની એક છઠ્ઠા ધોરણમાં શાળામાં ૬૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. એ પૈકીના બક્ષીપંચ અને અનુસૂચિત જાતિના ૬૨ વિદ્યાર્થીઓને ગુજરાત સરકારની યોજના અન્વયે પાઠ્યપુસ્તકોના સેટનું જાહેરમાં વિતરણ કરવામાં આવ્યું. બીજા દિવસે રવજીભાઈ ગુજરાતી વિષયની કવિ કાંતની કવિતા ગાન કરીને સમજાવતા હતા.

ઓ હિન્દ દેવભૂમિ સંતાન સૌ તમારા
સૌની સમાન માતા, સૌએ સમાન તેથી
ના ઉચ્ચ–નીચ કોઈ, સંતાન સૌ તમારા

કવિતા ભણાવવાનું પૂરું થયું. રિસેસમાં ઘંટ વાગતા બધા બાળકો વર્ગમાંથી બહાર ગયા. હવે વર્ગમાં બે જ જણ હતા. એક પોતે અને બીજો એક બ્રાહ્મણ બાળક.સાહેબ, એક વાત પૂછું ? અચાનક પ્રશ્ન પૂછાયો.

અમે બધા ભારત માતાના સંતાન છીએ અને બધા સમાન છીએ તેવું ભણાવવામાં આવ્યું પણ સાહેબ, મને પાઠ્યપુસ્તકો આપવા માટે કેમ બધા સાથે સમાન ન ગણ્યો ?

સાહેબની હાલત કાપો તો લોહી ન નીકળે તેવી હતી. તે બાળકના નિર્દોષ, વાજબી પ્રશ્નથી તેઓ હચમચી ઉઠયાં.

બેટા, તને હમણાં જ પુસ્તકો મળી જશે.

તેઓ સાયકલ લઈને શહેરમાં ઉપડયા. ધોરણ– ૬ ના પુસ્તકો પોતાના ખર્ચે ખરીદી બાળકને આપીને કહ્યું મારા તરફથી તને આ ભેટ.

ગુજરાત સરકારને આ અસમાનતા ધ્યાન આવતા અત્યારે શાળામાં ભણતા તમામ બાળકોને વિનામૂલ્યે પાઠ્યપુસ્તકો અપાય છે. પ્રાથમિકશાળાના શિક્ષકમાંથી ડેપ્યુટી કલેકટર કક્ષાના અધિકારી પદે બિરાજમાન રવજીભાઈની સાધનાના રસની વાત આપણે જાણીએ. તેઓ કૌટુંબિક પરિસ્થિતિને કારણે તત્કાલીન ઉચ્ચઅભ્યાસ કરવા સક્ષમ બની શકયા નહોતા. શિક્ષક બન્યા પછી ગામડે આવેલા રવજીભાઈને વડીલ મોહનભાઈએ હવે આગળ ભણવા સૂચવ્યૂં. તેમને દાદાના શબ્દોથી ચાનક ચડી ગઈ. તેમણે બારમા ધોરણની પરીક્ષા આપી. એમ.એ., બી.એડ્. થયા. ગુજરાત જાહેર સેવા આયોગ જી.પી.એસ.સી.માં ઉત્તીર્ણ થઈ વહીવટી વર્ગ–રના તાલુકા વિકાસ અધિકારીના પદે પહોંચ્યા. તેમના પ્રજાલક્ષી પ્રમાણિક વહીવટનો એક પ્રસંગ નોંધીએ. પ્રજાલક્ષી કામો માટે કરોડો રૂપિયાની ગ્રાંટ ઉપયોગમાં લેવાની હતી. તેમણે વંચિત લોકોની સુખાકારી માટે એક નવતર યોજના બનાવી. ગરીબી રેખા નીચે જીવતા અતિગરીબ, અનુસૂચિત જાતિ અને વિધવા મહિલાઓના પરિવારને શોધી દરેક પરિવારને એક દૂઝણી ભેંશ આપવાની. ભેંશની કિંમત રૂ. ૪૦,૦૦૦/–. તે પૈકી લાભાર્થીએ રૂ. ૭૫૦૦/– લોક ફાળો ભરવાનો. સમગ્ર રાજયમાં એક માત્ર આ તાલુકા પૂરતી જ યોજના હતી. ૫૦૦ શ્રેષ્ઠ ભેંશોની ખરીદી માટે એક પ્રતિષ્ઠિત ડેરીનો સંપર્ક કર્યો. વાટાઘાટો શરૂ થઈ. રવજીભાઈએ શરત મૂકી ત્રણ વેતર સુધીના વિયાણ વાળી જ ભેંશ જોઈએ અને સાથે પાડી જ આવે તેવી ભેંશ. પ્રતિનિધિ હસી પડયા સાહેબ, આપનું લોજીક અમને સમજાયું નહીં. ભેંશને પાડી આવે અને પાડો પણ.

જુઓ આ ભેંશો ગરીબ પરિવારને આપવાની છે. પાડાવાળી ભેંશ મળે અને પાડો મરી જાય તો તેને દોહવા ન દે અને લાભાર્થીને લોકફાળાના ભરેલા પૈસા માથે પડે. એ ભાઈને આ વાત હૃદયમાં વસી ગઈ. ભેંશોનું વિતરણ થવા લાગ્યું. ત્યાં એક દિવસ રામપર ગામના વાલજી યાદવ મળવા આવ્યા. સાહેબ, કરમની કઠણાઈ કે મારી ભેંશ મરી ગઈ. અમે ફરિયાદ કરવા નથી આવ્યા પણ આપને જાણ કરીએ છીએ. બીજા દિવસે રવજીભાઈએ વાલજીભાઈની હાજરીમાં

ડેરીના પ્રતિનિધિને બોલાવ્યા જુઓ, આ ભાઈને આપણે ભેંશ આપેલી. ભેંશ ઉત્તમ હતી પણ મરી ગઈ. હવે તમે આ લાભાર્થીને ફાળાની રકમ પ્રેમપૂર્વક પરત કરી દ્યો. પરિવારને બુહ મોટો સધિયારો મળશે. પેલા સજ્જને તુરંત ૭૫૦૦/– રૂપિયા પરત આપ્યા અને ઉમેર્યુ સાહેબ, મેં ઘણા વહીવટ થતાં જોયા પણ આવો વહીવટ પહેલીવાર જોયો છે. સૌ અવાક થઈ ગયા. રવજીભાઈ અત્યારે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી પીએચ.ડી. પદવી મેળવવા સંશોધાનકાર્ય કરી રહ્યા છે. પોતે સન્માનીય સ્થાને કઈ રીતે પહોંચ્યા તેના પ્રેરણાદાયી સંસ્મરણો, સ્વાનુભૂતિનું આલેખન કરતું પુસ્તક તેમણે લખ્યુ છે ઝેડ કેડ પબ્લિકેશન અમદાવાદે પ્રકાશિત કરેલા ૨૦૪ પાનાના જિંદગીના સ્ક્રિન શોટ્સને આવકાર આપતા નવલકથાકાર અશોક ગોસ્વામીએ નોંધ્યું છે સામૂહિક ડહાપણનો દસ્તાવેજ. અહીં ઉજાગર થયેલા શ્રદ્ધા, માનવતાના પ્રસંગો ભાવકોની સંવેદનાની ધારને સજાવે તેવા છે.

લોકભારતીના સંસ્કારી સંતાન રવજીભાઈની મનીષા છે માનવીય અભિગમ કેન્દ્રસ્થાને રાખી નમ્ર સમાજનું નિર્માણ, શિક્ષણ અને કેળવણીને મહત્ત્વ આપતી વ્યવસ્થા ઊભી કરવી, વિદ્યાર્થીઓને નિઃશુલ્ક માર્ગદર્શન, મદદ. યુવાપેઢીને તેમનો સંદેશ છે વૈજ્ઞાનિક દષ્ટિકોણ સાથે આગળ વધો. કોઈ એક ક્ષેત્ર કે વિષયમાં નિપૂણતા હાંસલ કરો જેથી એ વિષય કે ક્ષેત્રના લોકો તમને સામેથી શોધતા આવે. આપણે બીજાનું ધ્યાન રાખવાનું છે બીજાને ધ્યાનમાં નથી રાખવાના.

(૨૦૨, ઓર્કિડ, તસ્કીન સોસાયટી, શુકલનગર ચાર રસ્તા, સમા, વડોદરા–૩૯૦૦૦૨, મો. ૯૪૨૬૪૬૧૦૯૦)

**શ્રદ્ધાંજલિ**

- લોકદક્ષિણામૂર્તિ પરિવારના શ્રી બકુલભાઈ મૂળશંકરભાઈ ભટ્ટનું ૮૫ વર્ષની વયે તા. ૧૧-૦૧-૨૦૨૩ના રોજ અમેરિકા ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
  સંપર્ક : શ્રી વિક્રમભાઈ ભટ્ટ, મો. ૯૮૭૯૨૧૨૨૨૬
- ગ્રામદક્ષિણામૂર્તિ આંબલાના કાર્યકર શ્રી દીપકભાઈ પંડ્યાના મોટાબહેનનું ૬૧ વર્ષની વયે તા. ૧૨-૦૧-૨૦૨૩ના રોજ અમરેલી મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
  સંપર્ક : શ્રી દીપકભાઈ પંડ્યા, મો. ૯૮૭૯૩૩૦૩૦૦
- ગ્રામદક્ષિણામૂર્તિ આંબલાના કાર્યકર શ્રી ગૌરાંગભાઈના બાપુજી (મોટા પપ્પા)નું તા. ૧૩-૦૧-૨૦૨૩ના રોજ બગદાણા દુઃખદ અવસાન થયેલ છે.
  સંપર્ક : શ્રી ગૌરાંગભાઈ વોરા, મો. ૯૪૨૬૯૫૪૩૨૮
- શ્રી ઋષિકેશભાઈ દિનુભાઈ શુકલ (આપણા ભૂતપૂર્વ વિદ્યાર્થીની ડોલરબહેનના પતિ)નું તા. ૨૦-૦૧-૨૦૨૩ના રોજ અમદાવાદ મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
  સંપર્ક : શ્રી ડોલરબહેન, મો. ૭૪૦૫૨૪૫૪૬૮
- લોકભારતીના શુભેચ્છક ડૉ. સમીરભાઈ એમ. શાહના માતુશ્રી ઉર્મિલાબહેન મનસુખલાલ શાહનું ૮૭ વર્ષની વયે તા. ૩૧-૦૧-૨૦૨૩ના રોજ ભાવનગર દુઃખદ અવસાન થયેલ છે.
  સંપર્ક : ડૉ. સમીરભાઈ શાહ–મો. ૯૪૨૭૨૧૫૨૫૩

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પરમેશ્વરને પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## ૦૭. કદી નહીં ભુલાય સત્યનો એ અંતિમ પ્રયોગ

**સોનલ પરીખ**

સંત રાબિયા ઝાડ નીચે કંઈક શોધતા હતા. લોકોએ પૂછ્યું, 'શું શોધો છો, મદદ કરીએ ?' રાબિયાએ કહ્યું, 'સોય શોધું છું. ઘણા દિવસ પહેલા ઝૂંપડીમાં ખોવાઈ ગઈ હતી. ત્યારે ત્યાં મળી નહીં ને, એટલે આજે અહીં શોધું છું.'

ગાંધીજીના સંદર્ભે આ ઉદાહરણ યાદ કરવા જેવું છે. ગાંધીજીને લગતો કોઈપણ 'દિવસ' આવે એટલે પ્રશ્ન આવે જ, 'ગાંધીજી આજે પ્રસ્તુત છે કે નહીં ?' અરે ભાઈ, પહેલા એ શોધો કે આપણે પ્રસ્તુત છીએ ખરા? આપણે આપણને, આપણા સમયને, આપણા ઈતિહાસને કે ભવિષ્યને સુસંગત છીએ? આપણે અસંગતિઓ-વિસંગતિઓથી ભરેલા છીએ અને પાછા ગાંધીજીની સુસંગતતા શોધવા નીકળ્યા છીએ. ખોયું છે ક્યાંક,શોધીએ છીએ ક્યાંક.

ગાંધીજી શું હતા, આપણને ખબર છે? દક્ષિણ આફ્રિકામાં જ્યાં માત્ર અંગ્રેજો પ્રેકટિસ કરી શકતા ત્યાં બેરિસ્ટર ગાંધીએ ધીકતી કમાણી કરી. એવા મુત્સદી રાજનીતિજ્ઞ કે બ્રિટિશ શાસકોને હંફાવ્યા. એવા આધ્યાત્મિક સાધક કે દરિદ્રમાં નારાયણને જોયો. એવા માનવતાવાદી કે અહિંસક સમાજની કલ્પના આપી ને છેક છેવાડાના માણસનો ઉત્કર્ષ સાધવા ઈચ્છ્યું. સત્યના એવા કઠોર ઉપાસક કે સિદ્ધાંત માટે કદી બાંધછોડ ન કરી. અહિંસાના એવા પૂજારી કે દુશ્મનમાં રહેલા ઈશ તત્ત્વને કદી ન વિસાર્યું. એવા પત્રકાર હતા જેનું ધ્યેય ઉત્તમ પત્રકાર બનવાનું ન હતું, પણ લોકો સુધી પહોંચવા એમણે પોતાનાં છાપાં કાઢ્યાં, દેશના ખૂણે ખૂણે પહોંચ્યા ને લોકમતને એવો આબાદ કેળવ્યો કે આજે પણ પત્રકારત્વ શીખવા માગનારે ગાંધીજીના પત્રકારત્વ વિશે ભણવું પડે છે. મેનેજમેન્ટ અને કૉમ્યુનિકેશન શીખવનારા ગાંધીજીને ટાંકે છે. કેળવણીકાર એવા કે વિદ્યાર્થી ભણવા સાથે હુન્નર શીખી સ્વાવલંબી થાય તેવી નઈ તાલીમ શોધી. સ્ત્રીઓના એવા હમદર્દ કે ઉદ્ધારક બનવાને બદલે એમનામાં સૂતેલી શક્તિને જગાડી અને દેશના કામમાં પ્રયોજી. એમનું ધ્યેય સાહિત્યકાર બનવાનું પણ ન હતું છતાં સાહિત્યના ઈતિહાસમાં એમના નામે એક યુગ બોલે છે. એવા અપરિગ્રહી કે એમની પાસે પોતાનું મકાન, વાહન, નાણું કે બેંકમાં ખાતું સુદ્ધાં નહીં. મૃત્યુ પછી એમની કહેવાય એવી ચશ્માં, ચાખડી, લાકડી, ગીતા, લાકડાનો વાટકો જેવી માત્ર આઠ દસ ચીજો હતી.

ખૂબ મૌલિક, અત્યંત સ્પષ્ટ. જે કરે, ખુલ્લું. સામાને જાણ કરે.વિચારવાનો, પગલાં લેવાનો મોકો આપે અને પછી કરે. સંકલ્પ એવો કે મરી જઈશ પણ તાબે નહીં થાઉં. અત્યાચાર સહન કરીશ, પણ સામો હાથ નહીં ઉઠાવું. અન્યાય સામે લડીશ, પણ અન્યાય કરનારને નુકસાન નહીં કરું. માણસ થોડો પણ સિવિલાઈઝ્ડ હોય તો આ બળ એના પર અસર કરે જ. આવા ગાંધીજી આજે પણ વિશ્વના સૌથી પ્રેરણાદાયક નેતા છે. તેઓ એમના લોકો જેવા થઈને જ જીવ્યા ને એમને એવા જગાડ્યા કે એક ગરીબ, શોષિત, ગુલામ સમુદાય અજેય ગણાતા બળવાન સામ્રાજ્ય સામે ખડો થઈ ગયો.

અનેક પ્રતિભાશાળી લોકો આ આત્મબળથી આકર્ષાઈ એમના સાથીઓ બન્યા. દેશસેવકોમાં શિસ્ત અને આધ્યાત્મિક ઊર્જા આવે એટલે એમણે અગિયાર વ્રતો આપ્યાં, રચનાત્મક કાર્યો આપ્યાં. ખાદી, અસ્પૃશ્યતા નિવારણ, વ્યસનમુક્તિ, ગ્રામોદ્ધાર. લોકો નિર્ભય અને સ્વનિર્ભર ન બને તો સ્વરાજ કેવી રીતે આવે, કેવી રીતે ટકે? એમની લડત બહાર અને અંદર બન્ને મોરચે ચાલતી ને એ શુદ્ધ હોવી જોઈએ એ એમની શરત હતી.

જીવનનાં છેલ્લાં વર્ષો એ એમની નિષ્ફળતાનાં વર્ષો હતાં. અખંડ ભારતનું સપનું રોળાયું. જીવનભર કોમી એકતા માટે કરેલી મથામણ પછી પણ હુલ્લડો ચરમસીમાએ પહોંચ્યા. ભાગલા ટાળી શકાયા નહીં. એમણે કહ્યું, વસ્તીની

ફેરબદલી ન કરશો, પણ માઉન્ટબેટન, સરદાર અને નહેરુ માનતા રહ્યા કે થોડીઘણી આરાજકતા થશે, પણ પહોંચી વળીશું. ગાંધીજી આઝાદી પછી કૉંગ્રેસને વિખેરવાનું કહેતા રહ્યા, કોઈએ સાંભળ્યું નહીં. સાદાઈ, અપરિગ્રહ વગેરે ભૂલીને એમના મોટા ભાગના અનુયાયીઓ સત્તા અને સંપત્તિ પાછળ પડી ગયા. એન્ડ્રુઝ, કસ્તૂરબા અને મહાદેવભાઈ જેવા સાથીઓ ગુમાવ્યા. ભારતમાં રહેવા માગનાર મુસ્લિમોના ભય અને આશંકાને દૂર કરવાના એમના પ્રયત્નોનો ઊંધો અર્થ થયો અને એમાં જ એમની હત્યા થઈ. સુભાષબાબુ, આંબેડકર, ઝીણા, સમાજવાદીઓ, કૉંગ્રેસી આગેવાનો બધા સાથે મતભેદો અને વિવાદો ખૂબ ચગ્યા. અનેક ગૂંચવાડાભર્યા પ્રશ્નોનો સામનો કરવાનો આવ્યો.

પણ આ જ વર્ષો એમનાં ઊર્ધ્વારોહણનાં વર્ષો પણ હતાં. સપનાં તૂટતાં ગયાં તેમ તેમ તેમની સાધના એક એકથી ઉચ્ચ શિખરો સર કરતી ગઈ. સત્તા તેમનું ધ્યેય કદી ન હતી. તેઓ તો ગરીબ અને દુઃખીની વધારેમાં વધારે સેવા કરવા તેઓ સત્યને વધુ ને વધુ આત્મસાત કરતા ગયા, દરેક કસોટીમાંથી આંતરિક શક્તિ મેળવતા ગયા અને સામી છાતીએ ગોળી ઝીલતાં પણ હત્યારાને ન ધિક્કારવા અને રામનામ લેતા મરવાની કસોટીમાંથી પાર ઊતરવાની ઈચ્છા સેવતા ગયા. એમના સત્યનો આ અંતિમ પ્રયોગ હતો.

૧૯૪૭ના જાન્યુઆરીમાં દિગ્ગજ પત્રકાર વિન્સટન શીન ગાંધીજીને મળવા ખાસ અમેરિકાથી ભારત આવ્યા હતા. એમને બીક હતી કે ગાંધીજીની હત્યા થશે. બીજા વિશ્વયુદ્ધ અને એટમબૉમ્બ વિશે વાત કર્યા પછી એમણે પોતાની આશંકા વ્યક્ત કરી ત્યારે ગાંધીજીએ કહ્યું, ‘એવું બને કે મારું મૃત્યુ થાય એમાં માનવજાતનું ભલું હોય.’ અને એમ થયું. ગાંધીહત્યા પછી તરત હિંસા અટકી, સરદાર-નહેરુ એક થયા.

‘ધ રાઈઝ એન્ડ ધ ફૉલ ઑફ ધ થર્ડ રિશ’ જેવું પ્રસિદ્ધ પુસ્તક લખનાર પુલિત્ઝર વિજેતા પત્રકાર-લેખક વિલિયમ શિરર ૧૯૩૦માં ‘શિકાગો ટ્રિબ્યૂન’ વતી ગાંધીજીને કવર કરવા આવ્યા હતા.ગાંધીજી મીઠાનો સત્યાગ્રહ કરવાના હતા. શિરર ગાંધીજી સાથે થોડું રહ્યા હતા અને ગાંધીજીના મિત્ર થઈ ગયા હતા. એમણે ગાંધીજીની અહિંસા, મુત્સદ્દીપણું, રાજનીતિ, રમૂજ, હાજરજવાબી, અને પ્રખર આત્મબળને ઉજાગર કરતી અનેક વાતો લખી છે.

‘ગાંધીઃ અ મૅમ્વાર’માં વિલિયમ શિરરે લખ્યું છે કે ‘ગાંધીજી સાથે વીતાવેલા દિવસો મારા જીવનનો શ્રેષ્ઠ સમય છે. બીજો કોઈ અનુભવ એટલો પ્રેરણાદાયક, અર્થપૂર્ણ અને દીર્ઘજીવી નથી રહ્યો.બીજા કોઈ અનુભવે મારા પાશ્ચાત્ય, ભૌતિકવાદી અને સાધારણ એવા અસ્તિત્વને આટલો ગહન સ્પર્શ નથી આપ્યો.ભારત છોડ્યા પછીનાં વર્ષોમાં હું અનેક ઊથલપાથલોમાંથી પસાર થયો. પશ્ચિમના દેશોની લોકશાહી જોખમમાં મુકાઈ, હિટલરનો ઉદય થયો, એને પગલે બીજું વિશ્વયુદ્ધ આવ્યું, હિટલર જીતતો ગયો અને દુનિયાએ એનાં કૉન્સન્ટ્રેશન કેમ્પોમાં ૬૦ લાખ યહૂદીઓનો મહાવિનાશ જોયો. અમેરિકામાં બુદ્ધિહીન વિચહન્ટિંગ અને વિયેટનામની લડાઈ જેવા ન બનવા જોઈતા બનાવો બન્યા. મનુષ્યને અંદરબહારથી તોડી નાખે એવા આ અનુભવોના ચાલીસ વર્ષ દરમિયાન ગાંધી સાથે વીતાવેલા દિવસો મને અને વિશ્વનેબળ આપતા રહ્યા. એમનું પ્રદાન એમને ઈશુ અને બુદ્ધ જેટલા મહાન અને શાશ્વત બનાવે છે. જેમણે એમની જ્વલંત પ્રેરણાને ક્ષણભર પણ ઝીલી છે, એમની મહાનતાનો જરાસરખો સ્પર્શ પણ પામ્યા છે તેઓ મારી સાથે સંમત થશે. નિયતિનો હું અત્યંત કૃતજ્ઞ છું કે એણે મને ગાંધી સુધી પહોંચાડ્યો.’

ખેર, ગાંધીજીનું મૃત્યુ તો એવું જ થયું જેવું એમના જેવા મહામાનવનું થવું ઘટે. વિનોબાજી કહેતા એમ મહાપુરુષો જ્યારે દેહની સીમાઓમાંથી ખસી જાય છે ત્યારે એમની ચેતના વધારે વિસ્તાર પામે છે એ પણ સાચું. પણ અંગ્રેજોએ ગાંધીજી સાથે પચાસ વર્ષ લડીને પણ એમની હત્યા નહોતી કરી અને સ્વતંત્ર ભારતે એમને એટલા અઠવાડિયાં પણ જીવવા નહોતા દીધા એ વાતનું દુઃખ તો સૌના હૈયે રહેવાનું જ.એથી જ ઉમાશંકર જોષી લખે છે, ‘અમે ન રડીએ પિતા, મરણ આપનું પાવન. કલંકમય નિજ દૈન્યનું રડી રહ્યા જીવન.’

## ૦૮. ગીતાનો કર્મયોગ

ડૉ. બી. એમ. શેલડિયા

આ વિશ્વમાં જે કંઈ શ્રેષ્ઠતમ છે, એ પણ કર્મનું જ પરિણામ છે. આ સંસારમાં જે કંઈ નિમ્ન છે, તે પણ કર્મનું જ પરિણામ છે. સમગ્ર માનવ જાતની જે કોઈ એક વિશેષ ઓળખ ઊભી થાય છે, તે જાતિ, લીંગ કે ધર્મને કારણે નહીં પણ કર્મને કારણે થાય છે.

માગશર સુદ એકાદશીને ભારતીયો ગીતા જયંતી તરીકે ઉજવે છે. ભારતીયોની એક વિશેષતા એ છે કે જેમ લોકો મહામાનવની જન્મજયંતી ઉત્સાહથી ઉજવે છે, તેમ ભારતીયો અતિશય ઉત્સાહથી, પવિત્ર ભાવથી ગીતા જયંતી ઊજવે છે. છેલ્લા પચ્ચાસ વર્ષથી ગીતાને વાંચવા પ્રામાણિક પ્રયાસ કરું છું. છતાં આજે પણ એમ લાગે છે કે ગીતાની પ્રાથમિક વાતથી આગળ વધી શકાયું નથી. સામાન્યથી લઈ અસામાન્ય માણસ માટે ગીતા દીવાદાંડી છે. પશુજીવન જીવતાં માનવથી લઈને ગુણવત્તાયુક્ત જીવન જીવતાં,પરમાત્મા સાથે એકરૂપ થયેલા જ્ઞાનીભક્તને પણ ગીતા માર્ગદર્શન આપી શકે એવો શાશ્વત ગ્રંથ ગીતા છે. ગીતા કોઈ એક પ્રદેશના, કોઈ એક જાતિના, કોઈ એક ધર્મના લોકોનો ગ્રંથ નથી. જે લોકોએ ગીતાને ધર્મગ્રંથ કહ્યો છે અથવા જે લોકોએ ગીતાને સાંપ્રદાયિક ગ્રંથ બનાવવાની કે કહેવાની કોશિશ કરી છે, તે લોકો નથી શ્રીકૃષ્ણને સમજ્યા કે નથી ગીતાને સમજ્યા. કારણ કે ગીતા તો જીવન જીવવાનો સાર્વજનીય, સ્થળ અને કાળની મર્યાદારહિત જીવનનું શાશ્વત ગીત ગાતો ગ્રંથ છે. જો કોઈ એમ કહેતું હોય કે ગીતા એ હિન્દુઓનું બાઈબલ છે, તો એ લોકો ગીતા અને શ્રીકૃષ્ણનું અપમાન કરે છે. પછી ભલે એ લોકોને ખબર હોય કે ન હોય. ગીતા હિન્દુઓનું બાઈબલ નથી, ગીતા માનવતાનું બાઈબલ છે. અને આ વિશ્વમાં માનવતાથી બીજો કોઈ મોટો ધર્મ નથી. અને જે ધર્મના પાયામાં માનવતા ન હોય, એ ધર્મ ધર્મ નથી.

અર્જુન મહાભારતનાં યુદ્ધમાં સામેલ થવા ઈચ્છતો નથી – લડાઈ લડવા માગતો ન હતો તેથી શ્રીકૃષ્ણે અર્જુનને લડાઈ કરવા પ્રેર્યો અને ગીતાનું સર્જન થયું.

મહાભારતના યુદ્ધમાં ઉભયપક્ષે સ્વજનો હતા,વડીલો અને ગુરુ પણ હતા. આમની સામે કેમ લડાય! એ વિચારથી અર્જુનમાં વિષાદ જન્મ્યો અને એ વિષાદને કારણે અર્જુન યુદ્ધથી છટકવા માટે હિંસા, પાપ, વર્ણસંકરતા જેવા કારણોથી અર્જુન પોતાના વર્તનનું જસ્ટિફિકેશન કરવા માગે છે અને પાછો શ્રીકૃષ્ણનું કન્ફરમેશન મેળવવાની અભિપ્સા રાખે છે. શ્રીકૃષ્ણ એક મહાન મનોવૈજ્ઞાનિક છે, અર્જુનની માનસિક નબળાઈ જાણી જાય છે અને અંતે અર્જુનનું રૂપાન્તરણ થાય છે. અંતે અર્જુન શ્રીકૃષ્ણને કહે છે : करिष्ये वचनं तव।

વિષાદ જ્યારે પ્રસાદમાં પરિણમે ત્યારે વિષાદ પણ યોગ બની શકે છે. શ્રીકૃષ્ણ જેવા રસાયણવિદ્ વિષાદને યોગમાં રૂપાન્તરણ કરવાનો કસબ સારી રીતે જાણે છે. અર્જુન તો યુદ્ધથી ભાગવા માગતો હતો પરંતુ અર્જુન પાસે યુદ્ધ કરાવ્યું અને વિજય પણ મેળવ્યો. ગીતાના પ્રથમ અધ્યાયનું નામ અર્જુન વિષાદયોગ છે.

ગીતાના બીજા અધ્યાયનું નામ સાંખ્યયોગ છે. શ્રીકૃષ્ણ જેને સૌથી પ્રથમ પંક્તિમાં રાખે છે, તે સાંખ્ય છે - જ્ઞાન છે. આત્માની અમરતા અને શરીરની નશ્વરતાનો વિવેક એ સાંખ્યયોગ છે. પરંતુ અર્જુનને સાંખ્યયોગથી તૃપ્તિ ન થઈ. શ્રીકૃષ્ણની વાતથી અર્જુનને પ્રશ્નો થયા. જો અર્જુનને સાંખ્યયોગથી તૃપ્તિ થઈ હોત, સમાધાન મળ્યું હોત તો ગીતાને આગળ લંબાવવાનું કોઈ કારણ ન હતું. પણ શ્રીકૃષ્ણ અર્જુનની શંકાના નિર્મૂલન માટે અઢાર અધ્યાય સુધી બોલતાં રહ્યા અને અંતે અર્જુનનું રૂપાન્તરણ થયું પણ ખરું. ખરું કહીએ તો ગીતા જીવન રૂપાન્તરણનો ગ્રંથ છે.

આ લેખમાં અતિ સંક્ષેપમાં ગીતાના કર્મયોગની વાત કરવી છે. વાતને સ્પષ્ટ કરવા ત્રણ શબ્દોને સમજવા

અનિવાર્ય છે.

ગીતાએ કર્મને અનેક - અનેક આયામોથી જોયું છે. ગીતાએ કર્મ, અકર્મ અને વિકર્મની વાત કરી છે. ગીતાએ પ્રારબ્ધ, સંચિત અને ક્રિયમાણ કર્મોની વાત કરી છે. ગીતાએ સકામ અને નિષ્કામ કર્મની વાત કરી છે. ગીતાએ સાત્વિક, રાજસિક અને તામસિક કર્મની વાત કરી છે. ગીતાએ સહજ, નિયત, સ્વાભાવિક, પરિસ્થિતિ પ્રાપ્ત અને યજ્ઞીય કર્મની વાત કરી છે. આ બધાનો વિગતે વિચાર ગીતામાં થયેલો છે.

આપણે જે કર્મ કરીએ છીએ, તે સ્વેચ્છાથી કરીએ છીએ કે કોઈ અન્ય પરિબળ આપણી પાસે અનિચ્છાએ પણ કર્મ કરાવી લે છે? હજારો વર્ષમાં ક્યારેક કોઈ કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ઈશુ, સ્વેચ્છાએ કામ કરે છે. બાકી સમગ્ર માનવજાત પરેચ્છાથી, લાચારીથી, લાલસાથી કર્મ કરે છે.

ઈચ્છા સ્વાતંત્ર્ય એ માનવને ઈશ્વર તરફથી મળેલી મહામૂલી ભેંટ છે. તેથી આપણે અનંત અનંત ઈચ્છાઓ કરી શકીએ છીએ. પરંતુ એ ઈચ્છાઓને પરિપૂર્ણ કરવા માટે આપણી પાસે શક્તિ મર્યાદિત છે. આ મર્યાદિત શક્તિને કારણે કેટલીક ઈચ્છાઓ સંતોષાય છે, કેટલીક ઈચ્છાઓ અતૃપ્ત રહે છે. આ અતૃપ્ત ઈચ્છાઓને પૂર્ણ કરવા માણસ સતત દોડધામ કરે છે. અને ઈચ્છાની વિશેષતા એ છે કે એક ઈચ્છા પૂરી કરી નથી કે બીજી ઈચ્છા જન્મી નથી. તેથી હંમેશા ઈચ્છાઓ અતૃપ્ત જ રહે છે. ધીરે - ધીરે આ અતૃપ્ત ઈચ્છાઓ અજાગૃત મનમાં ધકેલાય જાય છે. અને આ જે અજાગૃત મનમાં અતૃપ્ત ઈચ્છાઓ પડી છે, તે ઈચ્છાઓ આપણી બુદ્ધિને ધક્કો મારે છે અને એ અતૃપ્ત ઈચ્છાઓને પૂર્ણ કરવા માટે આપણને કર્મમાં ધકેલે છે. આ ભૂમિકાએ આપણે પહેલા લેમ્પથી વિશેષ નથી. આપણને દોડાવે છે, આપણી અતૃપ્ત ઈચ્છા. મનોવિજ્ઞાન જેને અતૃપ્ત ઈચ્છા કહે છે, એને ભારતીય પરંપરા વાસના કહે છે. વાસના આપણી સામ્રાજ્ઞી છે, વાસુદેવ આપણા સમ્રાટ નથી. જેમ વાસના આપણને દોડાવે છે, તેમ આપણે વાસનાનું રમકડું બનીને કર્મ કરવા પ્રેરાઈએ છીએ.

યોગ શું છે? યોગ શબ્દનો અર્થ થાય છે, જોડાવવું. કોઈ સાથે જોડાવવું? અસ્તિત્વ સાથે. આપણે અસ્તિત્વથી વિખૂટા કેમ પડી ગયા છીએ? અહંકારને કારણે આપણે ચેતનાના મહાસાગરમાંથી જુદા પડી ગયા છીએ. અને આ અહંકાર વિના વાસના જન્મવી અસંભવ છે. તેથી જ્યારે આપણી ચેતના વાસનાશૂન્ય બને છે, બીજા શબ્દોમાં કહીએ, તો આપણે જ્યારે અહંકારશૂન્ય બનીએ છીએ, ત્યારે આપણે દ્વિપ મટીને ચેતનાના મહાસાગરમાં વિલીન થઈએ છીએ. આ યોગ છે. યોગ એ કોઈ મદારી કે જાદુગરનો ખેલ નથી.પતંજલિએ યોગની વ્યાખ્યા આપી છેઃ **योगः चित्तवृत्तिनिरोधः** । આપણી જે ચિત્તની વૃત્તિઓ છે, તે બહિર્ગામી છે, તેને અંતર્ગામી બનાવીને સ્વમાં લીન કરવી આ પતંજલિની યોગની વ્યાખ્યા છે.

ગીતાએ યોગની બે વ્યાખ્યા આપી છે, એક જ્ઞાનની દ્રષ્ટિએ આપી છે અને બીજી કર્મની દ્રષ્ટિએ આપી છે. **समत्वं योगः उच्यते।** સમત્વ યોગ છે. આ ગીતાએ જ્ઞાનની દ્રષ્ટિએ આપેલી યોગની વ્યાખ્યા છે, સમત્વ. ચેતનાની બહુજ ઊંચાઈની આ સ્થિતિ છે.

ગીતાએ કર્મની દ્રષ્ટિએ યોગની એક બીજી વ્યાખ્યા આપી છેઃ **योगः कर्मसु कौशलम्** ।-કર્મમાં કુશળતા તે યોગ છે. કર્મ કરવાનું છે પણ કર્મથી બંધાવાનું નથી.જ્યારે કર્તા બનીને કર્મ કરીએ છીએ, ત્યારે કર્મનું અનિવાર્ય પણે વહેલું કે મોડું, ગમતું કે ન ગમતું ફળ કર્તાને મળે જ છે. જ્યારે ગમતું ફળ મળે, ત્યારે એ ફળ વધારે પ્રમાણમાં મળે એવી લાલસાથી માણસ બીજા કર્મમાં જોડાય છે અને આ એક કર્મનું વિષચક્ર છે. જેને ગીતા કર્મનું બંધન કહે છે.

જ્યારે કર્મનું ન ગમતું ફળ મળે, ત્યારે કર્તા એ ન ગમતાં ફળથી છૂટવા માટે બીજા અન્ય કર્મમાં જોડાય છે અને કર્મનું એક વિષચક્ર રચાય છે. ગીતા આને પણ કર્મનું બંધન કહે છે. **योगः कर्मसु कौशलम्।** કર્મમાં કુશળતા એટલે યોગ. અર્થાત કર્તા વિહીન કર્મ એટલે યોગ. માણસ જ્યારે અહંકારશૂન્ય, વાસનાશૂન્ય બને છે, ત્યારે આવા માનવનાં માધ્યમથી અસ્તિત્વ કર્મની ગંગા વહાવે છે. જે પરમ પવિત્ર છે.

ગીતાનો કર્મયોગ ચતુર્સૂત્રી છે.

"कर्मण्येवाथिकारस्ते मा फलेषु कदाचन।
मा कर्मफलहेतुर्भूर्मा ते सङगोऽस्त्वकर्मणि"॥"

(૧) માણસનો કર્મ કરવામાં જ અધિકાર છે.

(૨) માણસનો ફળમાં કોઈ અધિકાર નથી. આનો અર્થ એ પણ થતો નથી કે માણસને કર્મનું ફળ મળતું નથી.

(૩) માણસે કર્મફળની વાસનાવાળું પણ થવાનું નથી.

(૪) માણસે અકર્મણ્ય પણ થવાનું નથી - માણસે ભૂલથી પણ કર્મથી દૂર ભાગવાનું નથી. આ ચાર શરતો પૂર્ણ થાય, ત્યારે કર્મનું યોગમાં રૂપાન્તરણ થાય છે. યાદ રાખીએ યોગ કર્મનો અભાવ નથી પરંતુ કર્મનું રૂપાન્તરણ છે.

આપણે મનુષ્ય તરીકે જે કંઈ કર્મો કરીએ છીએ, તેને સમજવા માટે પાંચ વિભાગોમાં વિભાજિત કરી શકીએ.

(૧) સહજ કર્મ : જે કર્મો ઉપર આપણો કોઈ કાબૂ નથી. આપણી ઈચ્છા હોય કે ન હોય, તો પણ અનિવાર્ય રીતે થાય જ, તે સહજ કર્મ. દા.ત. શ્વાસોશ્વાસ, રક્તનું પરિભ્રમણ.

(૨) નિયત કર્મઃ આપણી જવાબદારીના ભાગ સ્વરૂપે આપણે જે કામો કરીએ છીએ, તે નિયત કર્મ છે . આપણે કોઈ સંતાનના પિતા છીએ, તો સંતાનનો ઉછેર એ નિયત કર્મ છે. આપણે કોઈ નોકરી – ધંધો કરીએ છીએ, એ આપણું નિયત કર્મ છે.

(૩) સ્વાભાવિક કર્મ :

કેટલાક કર્મો એવા હોય છે, જે સ્વાભાવિક હોય છે. પ્રકૃતિ એ કામ આપણી પાસે કરાવતી હોય છે. જેમકે બાળક નાનું હોય છે, ત્યારે નિષ્કામ હોય છે. એ બાળક પંદર, સત્તર વર્ષનું થાય ત્યારે સ્વાભાવિક રીતે જ કામનો આવેગ અનુભવે છે અને કંઈક ક્રિયા-પ્રતિક્રિયા કરે છે, એ સ્વાભાવિક કર્મ છે.

(૪) પરિસ્થિતિનું કર્મ :

કોઈ વિશેષ પરિસ્થિતિનું સર્જન થતાં માણસે જે કંઈ વિશેષ કર્મ કરે છે, તે પરિસ્થિતિનું કર્મ છે. ધરતીકંપ થયો અને તેનાથી સ્વને કે અન્યને બચાવવા જે વિશેષ કરીએ, એ પરિસ્થિતિ પ્રાપ્ત કર્મ છે.

આ ચાર કર્મો સાથે માણસનો કર્તાભાવ જોડાયેલો હોય છે. ગીતા તેને કર્તૃત્વભાવ કહે છે. આ કર્મ હું કરું છું. આ ભાવને કર્તૃત્વ ભાવ કહેવામાં આવે છે. કર્તાનો કર્મ સાથે એક બીજો ભાવ જોડાયેલો હોય છે. જેને ગીતા ભોક્તૃત્વ ભાવ કહે છે. આ કર્મ હું કરું છું, તેથી આ કર્મનું આટલું ફળ મને મળવું જોઈએ, એવો જે કર્તાનો આગ્રહ છે, તેને ગીતા ભોક્તૃત્વ કહે છે. આમ કર્તાના કર્મની સાથે બે ભાવ, કર્તૃત્વ અને ભોક્તૃત્વ જોડાયેલા હોય છે. આ બે ભાવો કર્મયોગ માટે બાધક છે. તેથી ગીતાએ એક કર્મનો પાંચમો પ્રકાર કહ્યો.

(૫) યજ્ઞકર્મ :

જે કર્મમાં કર્તૃત્વ અને ભોક્તૃત્વ ન હોય, છતાંય કર્મની ગંગા વહેતી હોય, એવા કર્મને ગીતા યજ્ઞકર્મ કહે છે.આ યજ્ઞકર્મ માણસ જે કંઈ કર્મો કરે છે, તેનાથી અલગ નથી. માત્ર કર્તૃત્વ અને ભોક્તૃત્વની ભાવના વિનાનું કર્મ હોય છે. બીજા શબ્દોમાં કહીએ, તો અહંકારશૂન્ય અને વાસનાશૂન્ય કર્મને ગીતા યજ્ઞકર્મ કહે છે. આ યજ્ઞકર્મ એ જ કર્મયોગ છે. કર્મયોગમાં વ્યક્તિ વિલીન થયેલ હોય છે અને સમષ્ટિ જ બચેલી હોય છે. આ ભૂમિકાએ જેમ બંસરી કૃષ્ણનું સાધન છે, બંસરીના પોતાના કોઈ સૂર નથી, સૂર તો શ્રીકૃષ્ણના છે. બંસરી તો પોલી વાંસની ભૂંગળી છે, તેમ માણસ આ ભૂમિકાએ પરમાત્માનું સાધન બની જાય છે અને આવા અહંકારશૂન્ય અને વાસનાશૂન્ય માનવ દ્વારા અસ્તિત્વની ગંગા વહે છે, એ જ ગીતાનો કર્મયોગ છે.

**ભેદ**

'મહંમદઅલી ઝીણાને કોઈકે પૂછેલું :
'મહાત્મા ગાંધી તો રાતે વહેલા સૂઈ જાય છે. તમે રાતે મોડે સુધી જાગો છો એનું કારણ શું?'
ઝીણાસાહેબનો જવાબ સાંભળોઃ
'ગાંધી વહેલા સૂઈ જાય છે કારણ કે એમનું રાષ્ટ્ર જાગી ગયું છે, પરંતુ મારું રાષ્ટ્ર હજી ઊંઘે છે.'

## ગાંધીભારતી—ગાંધીનો ધબકાર

લોકભારતી સણોસરા. જીવનલક્ષી કેળવણી, ગોપાલન, સમૂહજીવન, શરીરશ્રમ, ખાદી-ગ્રામોદ્યોગ, સંસ્કૃતિ અને પ્રકૃતિનાં સંરક્ષણ-સંવર્ધન દ્વારા સ્થાયી વિકાસ માટે શિક્ષણ, સંશોધન અને સમાજલક્ષી કાર્યોની ગુણવત્તાએ લોકભારતીને વિશ્વભારતી તરીકે ઉજાગર કરી છે. લોકભારતીના પાયામાં સ્વપ્નદૃષ્ટા નાનાભાઈ ભટ્ટની દાર્શનિક દૃષ્ટિ છે. અહીં નાનાવિધ પ્રયોગ દ્વારા શિક્ષણનું કોડિયું પ્રજ્વલિત રાખવાનો યજ્ઞ તા. ૨૮-૫-૧૯૫૩થી આરંભાયો, જેનાં સરસ પરિણામો સમાજને મળ્યાં છે.

અહીંના જબરજસ્ત દાદાઓ નાનાદાદા, મનુભાઈ પંચોળી 'દર્શક', મૂળશંકર મો. ભટ્ટ, નટવરલાલ પ્ર. બુચ, ઈસ્માઈલ નાગોરી, કૃષ્ણલાલ શુક્લ, ડૉ. ઝવેરભાઈ પટેલ, મનુભાઈ દવે, રતિલાલ અંધારિયા તેમ જ માતૃશક્તિ વિજયાબહેન અને જયાબહેન સૌએ સંસ્થાને માનવલક્ષી બનાવવા સહયોગ આપ્યો છે. સાંપ્રતમાં ડૉ. અરુણભાઈ દવે લોકભારતી-સણોસરા, ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા-મણાર અને માઈધારની સંસ્થાઓને સુવિદ્યાસભર અને નૂતન બનાવવા પુરુષાર્થ કરી રહ્યા છે.

આપણે માનવઇતિહાસનાં એવાં બિંદુએ ઊભા છીએ જ્યાં આપણા હાથે, આપણે જે સર્જેલું નથી તેનો વિનાશ થઈ જવાની પૂરી શક્યતા છે - એટલે કે પૃથ્વી અને તેનું જીવનદાયી પર્યાવરણ. આ ઉપરાંત વિશ્વ યુદ્ધ,ભૌતિકવાદ, આપખુદી, આર્થિક અસમાનતા, શોષણ, ટૅક્નોલૉજીનો અતિરેક જેવા સવાલો સામે પણ ઝઝૂમી રહ્યું છે.

મહાત્મા ગાંધીએ જીવનનાં દરેક પાસાંને ધ્યાનમાં રાખીને કરેલા ટકાઉ જીવનશૈલી-ટકાઉ સમાજવ્યવસ્થા માટેના સફળ પ્રયોગો અને સમગ્ર માનવજાતનું હિત જોતાં તેમના વિચારો આ બંને આ સંદર્ભે સમજવા જેવા છે. તેમનાં શબ્દો અને કાર્યો જાગૃતિ, સાદગી, શાંતિમય સંઘર્ષ-ઉકેલ, સંવાદિતા, સમાનતા, ન્યાય અને કર્તવ્યપાલનનો માર્ગ કંડારનારા છે. વિશ્વના અનેક કર્મશીલોને મહાત્મા ગાંધીએ વિવિધ રીતે પ્રેરણા પૂરી પાડી છે.

આથી, લોકભારતીમાં ગાંધીજીવનદર્શનના અધ્યયન, સંયોજન, વિસ્તરણ અને આચરણ માટે એક વિશ્વકક્ષાના જ્ઞાનકેન્દ્ર 'ગાંધીભારતી'ની સ્થાપના થઈ છે. ગાંધીને એક વ્યક્તિ કરતાં વિશેષ એક વિચાર-એક જીવનશૈલી તરીકે જોઈ ગાંધીભારતીએ સારપ સાથે જ્ઞાન, સાહસ અને નિષ્ઠાનું સંયોજન આ ગાંધી-સિદ્ધાંત તેના દરેક કાર્યમાં અપનાવ્યો છે.

શિક્ષણ જેટલું પ્રવૃત્તિમય એટલું વધારે અસરકારક. ગાંધીવિચાર તેમ જ ટકાઉ જીવનશૈલીના અભ્યાસ માટે કોઈપણ વ્યક્તિ કે સંસ્થાને તમામ પ્રકારની ભૌતિક તથા બૌદ્ધિક સુવિધાઓ, નીવડેલા પ્રયોગો અને તાલીમી કાર્યક્રમો પૂરાં પાડવાં એ આ કેન્દ્રની એક મહત્ત્વની યોજના છે.

શૈક્ષણિક શિબિરો દ્વારા ગાંધીભારતી એક અનોખું અભિયાન આદરવાની તક પૂરી પાડે છે.

ગાંધીભારતી શૈક્ષણિક શિબિરો આનંદપૂર્ણ, મજેદાર, બંધિયાર યાંત્રિક રુટિનને તાજી હવા આપનારી અને સાથે એક ઘડી માટે પણ પોતાનું ધ્યેય ન વીસરનારી છે. કયું ધ્યેય? લોકભારતી અને ગાંધીભારતીનું મુખ્ય ધ્યેય એક જ છે, વિદ્યાર્થીને સારો માણસ બનાવવો અને શાશ્વત પ્રસન્નતા તેમ જ ખરો વિકાસ આપતી જીવનશૈલી જીવતો કરવો. આના માટે જરૂરી છે અભિગમ. ગાંધીભારતી આવા વૈજ્ઞાનિક તેમ જ સર્જનાત્મક અભિગમને કેળવતી અનેકસ્તરીય વિવિધ શિબિરોની શ્રેણી પૂરી પાડે છે.

આ શિબિરોમાં કોણ જોડાઈ શકે?

- ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની શાળાઓના તેમ જ કૉલેજોના વિદ્યાર્થીઓ અને શિક્ષકો.
- બી.એડ., ડી.એડ., પી.ટી.સીના વિદ્યાર્થીઓ(ભાવિ શિક્ષકો)

- કૉર્પોરેટ કલ્ચરના અધિકારીઓ અને કર્મચારીઓ.
- લગ્નોત્સુક યુવાનયુવતીઓ, ભાવિ અને વર્તમાન માતાપિતાઓ, વરિષ્ઠ નાગરિકો.
- સમાજસેવા કરવા ઇચ્છનારાઓ.
- ખેડૂતો-ભૂમિ સાથે જોડાયેલા લોકો.

આ શિબિરો દ્વારા તેઓ શાનો અનુભવ કરશે?

- શિક્ષણ અને તેની સાથે જોડાયેલું ભાવાવરણ.
- શિક્ષણનો જિવાતા જીવન સાથેનો અનુબંધ.
- પ્રકૃતિનાં રહસ્યો, પ્રકૃતિ અને વિજ્ઞાન.
- નિર્મળ અને પ્રસન્નતા.
- જીવનલક્ષી શિક્ષણ માટેનો વૈજ્ઞાનિક અભિગમ.
- પરિશ્રમ અને કૌશલ્યનો વિકાસ.
- નાગરિકધર્મ અને રાષ્ટ્રભાવનાની ખીલવણી.
- વ્યક્તિત્વનો, ક્ષમતાઓનો વિકાસ.
- પોતાની નવી ઓળખ.
- માનવધર્મની, મનુષ્યત્વની ખીલવણી.
- સાદું જીવન - મિનિમાલિઝમનો પરિચય.
- આત્મવિશ્વાસ, આત્મનિર્ભરતા અને સ્વાવલંબન.

ટૂંકમાં, વિદ્યાર્થીઓ પ્રવૃત્તિઓ અને અનુભવ દ્વારા 'શીખતાં શીખે' - લર્નિંગ ટુ લર્ન - એ પ્રકારનો સઘન અનુભવ આપવો.

શિબિર કેવી રીતે ગોઠવવી?

- થીમ તમે નક્કી કરો.
- એક્સપર્ટ તમે નક્કી કરો અથવા ગાંધીભારતી શોધી આપે.
- પ્રાકૃતિક પરિસર આપીએ.
- રહેવા-જમવાની સગવડ આપીએ.
- કુદરતમય-મૈત્રીપૂર્ણ ભાવાવરણ અમે પૂરું પાડીએ .
- લેક્ચર હોલથી માંડી લાઈવ લોકેશન અને જરૂરી દૃશ્ય-શ્રાવ્ય સુવિધાઓ આપીએ.
- લોકભારતી પહોંચી ગયા પછીની તમામ વ્યવસ્થા સંભાળીએ.

શિબિરનો ખર્ચ : લાભાર્થીઓનીસંખ્યા, શિબિરના દિવસો અને શિબિરના પ્રકાર આધારે જે તે શિબિરની આર્થિક ગણતરી સાથે મળીને કરવામાં આવશે.

આપણી નવી પેઢીને માનવમૂલ્યો તરફ અભિમુખ કરવાનો આ એક સહિયારો પુરુષાર્થ છે.

**સંયોજકોઃ**

ગાંધીભારતી - આંતરરાષ્ટ્રીય ગાંધીવિચાર અનુશીલન કેન્દ્ર, લોકભારતી

સંપર્કઃ ડૉ. દિનુભાઈ ચુડાસમા - ૯૯૭૯૧ ૮૭૫૮૭, સોનલ પરીખ - ૯૮૩૩૭૦૮૪૯૪

email : appliedgandhi150@gmail.com

## ૦૯. સંસ્થા સમાચાર (જાન્યુઆરી, ૨૦૨૩)

પ્રશાંત મહેતા

---

### લોકભારતી સમાચાર

- તા.૧ના રોજ સંસ્થાના બી.એડ. બેઝિક વિભાગમાંથી ફાજલ થયેલ કાર્યકરો શ્રી ધીરુભાઈ રાઠોડ અને શ્રી કાળુભાઈ લુણી ને ઉ.શિ.કમિ. કચેરીના આદેશ મુજબ લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયમાં સમાવેશ કરવામાં આવ્યા.
- તા.૧ થી ૧૦ના સમયગાળા દરમિયાન લોકસેવા મહાવિદ્યાલયના બીજા વર્ષના વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ ગુજરાતના જાણીતા શૈક્ષણિક સ્થળો, Ngo, ધાર્મિક ઐતિહાસિક, પ્રવાસન અને કોર્પોરેટર કંપનીઓના વિવિધ સ્થળોએ જઈ આવ્યો. આ કાર્યક્રમમાં સંયોજક તરીકે શ્રી જયેન્દ્રસિંહ સરવૈયા, શ્રી મનોજભાઈ અગ્રાવત, શ્રી મહોબતસિંહ ચાવડા અને શ્રી કિશોરભાઈ હિરાણી જોડાયા.
- તા.૩થી ૭ના સમયગાળા દરમ્યાન લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓની જગતના ધર્મો અને અધ્યાત્મ વિષયના ભાગરૂપે જીવનવિદ્યા શિબિર યોજાઈ ગઈ. આ શિબિરના પ્રબોધક તરીકે શ્રી વંદનભાઈ રાવળે અને સંયોજક તરીકે શ્રી યોગેશભાઈ ત્રિવેદીએ જવાબદારી સંભાળી.
- તા. ૦૫ અને ૧૧ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા મેઢા અને નાગધનીબા ગામે અનુક્રમે કપાસ અને મરચીના ફિલ્ડ-ડેનું આયોજન કરવામાં આવ્યું.
- તા. ૫ના રોજ લોકભારતી અધ્યાપન મંદિરના ૯૮ તાલીમાર્થીઓનો પ્રમુખ સ્વામી નગર અમદાવાદ ખાતે એક દિવસીય પ્રવાસ શ્રી જગદીશગિરિ ગોસાઈ અને શ્રી અજયભાઈ પંડ્યાના માર્ગદર્શનમાં યોજાયો.
- રાજકોટ મુકામે વેદ નમન નામે પ્રાકૃતિક અને વેદ આધારિત સંસ્કૃતિ માટે કાર્યરત સંસ્થાના પંદરેક જેટલાં ભાઈઓ-બહેનો તા.૦૭ અને ૦૮ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયાં.
- લોકસેવા મહાવિદ્યાલયની સને ૧૯૮૨ની બેચના પૂર્વવિદ્યાર્થીઓનું પરિવાર સાથેનું એક મિલન તા.૦૭ અને ૦૮ના રોજ મળી ગયું. તે સમયગાળાના અધ્યાપકો શ્રી ભરતભાઈ ભટ્ટ, શ્રી પ્રવીણભાઈ ઠક્કર, શ્રી નાનાલાલ વંડ્રા અને શ્રી મહિપતસિંહજી ઝાલા પણ ઉપસ્થિત રહ્યા. શ્રી અરુણભાઈ દવેએ લોકભારતીની ગતિવિધિઓથી સૌને અવગત કર્યા.
- તા. ૯ અને ૧૦ ના રોજ અધ્યાપન મંદિરની ઇન્ટર્નશીપ અભિમુખતામાં વિવિધ પ્રવૃત્તિ અંગે માર્ગદર્શન આપવા ડૉ. નલિનભાઈ પંડિત, ડાયેટ અમરેલીથી ડૉ. સુરેશભાઈ ઢીલા અને શ્રી બિંદુબા ઝાલા આવી ગયા. ડૉ. ભાવનાબેન પાઠકે ઓનલાઈન પ્રવૃત્તિઓ શીખવી.
- તા.૦૯મીના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા-મણારના વાર્ષિકોત્સવ કાર્યક્રમમાં હાજરી આપવા લોકભારતીમાંથી ઘણા કાર્યકરો જઈ આવ્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૦ના રોજ ગ્રામ પંચાયત મંત્રી ઓપવર્ગ-૨૩૯ના સમાપન કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવેની પ્રેરક ઉપસ્થિતિ રહી.
- લોકભારતીના દાતા પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ-મુંબઈના બારેક ચિફ એક્ઝીક્યૂટીઝની એક ટીમ શ્રી સ્મિતાબહેન દલવીના નેતૃત્વ તળે તા.૧૧ અને ૧૨મીના રોજ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગઈ.

- તા. ૧૨ના રોજ આત્મા, ભાવનગર દ્વારા યોજાયેલ કૃષિમેળામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખેતી આધારિત પ્રદર્શન યોજવામાં આવ્યું.
- તા.૧૩ના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના ટ્રસ્ટીમંડળની એક બેઠક સંવાદકક્ષ, લોકભારતી, સણોસરા મુકામે રાખવામાં આવી, જેમાં કેટલાક વહીવટી અને નીતિવિષયક નિર્ણયો લેવામાં આવ્યા.
- તા. ૧૬ થી તા. ૩૦ સુધી નેસ વિદ્યાઉત્સવ માટે લોકભારતી અધ્યાપન મંદિરનો આ વખતનો ઈન્ટર્નશીપ કાર્યક્રમ ગીર સોમનાથ, જુનાગઢ અને અમરેલી જિલ્લાના ૧૩ ગામ અને નેસ વિસ્તારમાં યોજાયો. ચાપરડા આશ્રમના પૂ. મુક્તાનંદ બાપુ પ્રેરિત અને ડૉ. નલિનભાઈ પંડિતના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ ઈન્ટર્નશીપમાં ભાઈઓની ટુકડીએ ગીર નેસના ટીમ્બરવા, ચિખલકૂબા, જસાધાર, ઘોડાવાડી, દલિનેસ અને અમૃતવેલમાં તેમજ બહેનોની ટુકડીએ ચાપરડા આશ્રમ આસપાસના જૂની ચાવંડ, રાવણી(કૂબા), માંડાવડ, લેરિયા, નાનાકોટડા, દાદર ગામોમાં વાચન,લેખન ગણનની સાથે અન્ય પ્રવૃત્તિઓ કરાવી. તાલીમાર્થીઓએ સાચા અર્થમાં પ્રકૃતિ અને નેસના લોકો સાથે તાદાત્મ્ય કેળવી સતત શિક્ષણની મજા માણી. તમામ અધ્યાપકો પણ જોડાયા. સાથે સાથે નિવૃત નાયબ નિયામક શ્રી આર.એસ. ઉપાધ્યાય, શ્રી ટી.એસ.જોશી (જી.સી.ઈ.આર.ટી.), ડાયટ ભાવનગર પ્રાચાર્ય શ્રી હિરેનભાઈ ભટ્ટ , ડાયટ અમરેલી પ્રાચાર્ય શ્રી રાજુભાઈ ભટ્ટ , ડાયટ જૂનાગઢના શ્રી ભરતભાઈ મેસિયા, શિક્ષક શ્રી તરુણભાઈ કાટબામણા, શ્રી જીજ્ઞેશગિરિ ગોસ્વામી, પૂર્વ આચાર્યા ડૉ.ભાવનાબેન પાઠક તેમજ સ્થાનિક કેળવણી નિરીક્ષકશ્રીઓ, બી.આર.સી., સી.આર.સી. અને લોકભારતીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ તાલીમાર્થીઓની પ્રવૃત્તિઓને બિરદાવી ઉત્સાહ વધાર્યો. ચાપરડા આનંદધારાના શ્રી કાળુભાઈ, શ્રી ભાનુભાઈ, શ્રી દીપકભાઈ અને શ્રી ઘનશ્યામભાઈ સમગ્ર ઇન્ટર્નશીપમાં વ્યવસ્થામાં મદદરૂપ થયા.
- તા.૧૬ થી ૨૧ ના KCG અમદાવાદ ખાતે INNOVATION CLUB અંતર્ગત યોજાયેલ FDP-FACULTY DEVELOPMENT PROGRAMMEમાં ભાગ લેવા માટે ઈનોવેશન કલબના સંયોજક શ્રી યોગેશભાઈ ત્રિવેદી જઈ આવ્યા.
- તા.૧૭ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ માટે કેન્દ્ર નિવાસ કાર્યક્રમ માટેની અભિમુખતા યોજાઈ ગઈ. આ કાર્યક્રમ ગુજરાતની નઈ તાલીમ ક્ષેત્રે જાણીતી સંસ્થાઓ, એગ્રો ઈન્ડસ્ટ્રીઝ, કંપનીઓ, ડેરી પશુપાલન ક્ષેત્રે સંકળાયેલ સંસ્થાઓ, પ્રગતિશીલ ખેડૂતો વગેરે જગ્યાએ વિધાર્થીઓને પ્લેસમેન્ટ માટે મોકલવામાં આવે છે. આ કાર્યક્રમની અભિમુખતામાં શ્રી કાંતિભાઈ ગોઠી અને શ્રી હસમુખભાઈ સુથારે માર્ગદર્શન આપ્યું. આ કાર્યક્રમનું સંકલન શ્રી અલ્કેશભાઈ ચૌહાણે કર્યું.
- તા.૧૮ના રોજ G20 અંતર્ગત યોજાયેલ કારકિર્દી માર્ગદર્શન સેમિનારમાં શ્રી વિષ્ણુભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા વિદ્યાર્થીઓને રસપ્રદ રીતે માહિતી આપવામાં આવી. આ કાર્યક્રમમાં શ્રી હસમુખભાઈ સુથારે પ્રાસંગિક વાત કરી. G20ના નોડલ ઓફિસર શ્રી વિશાલભાઈ જોશી પણ હાજર રહ્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૮ના રોજ ગ્રામ પંચાયત મંત્રી ઓપવર્ગ-૨૪૦ નો વર્ગ પ્રારંભ કાર્યક્રમમાં શ્રી રામચંદ્રભાઈ ઉપસ્થિત રહ્યા.
- તા.૧૯ના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠના

ટ્રસ્ટીશ્રી અને લોકભારતીના મુખ્ય દાતા માનનીય શ્રી મધુકરભાઈ પારેખ ઘણા સમય પછી લોકભારતીમાં રોકાય શકાય તેમ આવ્યા. તેઓની સાથે શ્રી લવીનાજી ફર્નાન્ડીઝ અને શ્રી પી.કે.શુક્લજી પણ આવ્યાં. સૌએ લોકભારતીમાં રસપૂર્વક વિભાગોની મુલાકાત લીધી.

- તા.૨૩મીના રોજ રાત્રે એસ્ટ્રોનોમી ક્લબના આયોજન તળે પાલીતાણાની સાંદીપનિ શાળાના પચાસ-સાંઈઠ વિદ્યાર્થીઓ અને કેટલાક આકાશદર્શનના ચાહકોનો આકાશદર્શનનો એક કાર્યક્રમ રાજેન્દ્ર હિલ પર શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબહેન જોગરાણાના માર્ગદર્શનમાં યોજાઈ ગયો.
- તા.૨૪મીના રોજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, મહેસાણાના આયોજન તળે મહેસાણા જિલ્લાના પચાસેક બી.આર.સી./સી.આર.સી. શિક્ષકોનું એક જૂથ નઈ તાલીમ શિક્ષણ પદ્ધતિને સમજવા-જોવા આવી ગયું. તેઓએ લોકભારતીના વિભાગોની મુલાકાત લીધી.
- પ્રજાસત્તાક પર્વ નિમિત્તે સવારે મેદાનમાં પરેડ અને કુલપતિ શ્રી ભદ્રાયુભાઈ વછરાજાનીના હસ્તે ધ્વજવંદન તથા ત્યાર બાદ સારસ્વત ભવનમાં પ્રજાતંત્ર મુદ્દા પર વિદ્યાર્થીભોગ્ય વક્તવ્ય રજૂ કર્યું. બે વિદ્યાર્થીઓએ સ્વાધ્યાય રજૂ કર્યા.
- ગાંધીનિર્વાણ દિન નિમિત્તે સવારે સારસ્વત ભવનમાં પ્રાતઃ પ્રાર્થના યોજાઈ, જેમાં મંગળ પ્રભાતમાંથી એક વ્રત વિશે વાચન કરવામાં આવ્યું. સવારે ૦૮-૦૦થી ૧૦-૦૦ સુધી લોકભારતી અને સણોસરા ગામ સમસ્તની જુદી જુદી ટુકડીઓમાં વહેંચાઈને સફાઈ કરવામાં આવી. બરાબર અગિયાર વાગે બે મિનિટનું મૌન પાળ્યું. બપોર પછી ૦૩-૩૦ કલાકે સારસ્વત ભવનમાં ગાંધી નિર્વાણદિન કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવેએ વિદ્યાર્થીભોગ્ય પ્રાસંગિક વક્તવ્ય રજૂ કર્યું. બે વિદ્યાર્થીઓએ સ્વાધ્યાય પણ રજૂ કર્યા. ત્યાર બાદ સાંજે ૦૫-૧૫ કલાકે સાયં પ્રાર્થનાથી કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો.
- ગાંધી નિર્વાણદિન નિમિત્તે લોકભારતી ગાંધીભારતી કેન્દ્રના સંયોજકો શ્રી દિનુભાઈ ચુડાસમા અને શ્રી સોનલબહેન પરીખ અનુક્રમે કબા ગાંધીનો ડેલો-રાજકોટ અને સાબરમતી આશ્રમ-અમદાવાદમાં વક્તવ્ય આપવા માટે જઈ આવ્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા. ૩૧ના રોજ ગ્રામ પંચાયત મંત્રી ઓપવર્ગ-૨૪૦ના સમાપન કાર્યક્રમમાં શ્રી રાજેન્દ્રભાઈ ચોટલીયા ઉપસ્થિત રહયા અને તેઓના હસ્તે પ્રમાણપત્ર વિતરણ કરાયેલ.
- શ્રી અરુણભાઈ દવે યુનિવર્સિટીના બાંધકામો અને તે માટેનું જરૂરી ફંડ ઉઘરાવવામાં તથા ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થાના વાર્ષિકોત્સવ સંદર્ભે વ્યસ્ત રહ્યા. સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ દ્વારા યોજાતી રેલીના આયોજનમાં પણ સારો એવો સમય જઈ રહ્યો છે. આંબલા, મણાર અને માઈધાર ખાતે પણ નવાં થઈ રહેલાં બાંધકામો સંદર્ભે વ્યસ્ત રહ્યા. તા. ૫થી ૭ પ્રમુખસ્વામી નગર અમદાવાદનું જબરું આતિથ્ય માણ્યું અને ૭૪મા જન્મદિવસની ભાવસભર શુભેચ્છાઓ મેળવી. તા. ૩૧મીએ સાવરકુંડલા ખાતે ગાંધી નિર્વાણદિન સંદર્ભે બે વ્યાખ્યાનો આપી આવ્યા.

**આંબલા સમાચાર**

- તા. ૦૬ના રોજ રેલીના અનુસંધાને એક દિવસની મિટિંગ શ્રી વિશાલભાઈ ભાદાણી અને શ્રી અરૂણભાઈ દવેની ઉપસ્થિતિમાં લોક વિદ્યાલય વાળુકડ મુકામે યોજાઈ.
- તા. ૦૯ના રોજ સંસ્થામાં વિમલ જળ મંદિરનું ઉદઘાટન થયું. શ્રી વિમલ વડેરા સ્મૃતિ પરમાર્થ

ટ્રસ્ટના આર્થિક સહયોગથી પરબનું નિમાર્ણ થયું છે. ઉદ્‌ઘાટનમાં શ્રી અરુણભાઇ દવે, શ્રી ભદ્રાયુ વછરાજાની, શ્રી સુરસંગભાઈ ચૌહાણ વગેરે જોડાયેલ.

- તા. ૦૯ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા તથા મણારના સંયુક્ત વાર્ષિકોત્સવ શિક્ષણવિદ લેખક શ્રી ભદ્રાયુભાઈ વછરાજાનીની ઉપસ્થિતિમાં ઉજવાયો. આ પ્રસંગે બૂચદાદાની પૂણ્યતિથિ હોઈ તેના સ્મરણ શ્રદ્ધાંજલિ સાથે અહીં મહાનુભાવોના હસ્તે પ્રારંભે દીપ પ્રાગટ્ય કરાયું હતું. શ્રી પ્રશાંતભાઈ ભટ્ટે નવી શિક્ષણનીતિમાં આ સંસ્થાના મૂલ્યોનો સમાવેશ થયાનો હરખ વ્યક્ત કરી ૮૫ વર્ષ પૂરા કરતી આ વિરાસત શાળાનું કામ થયું, ઊગ્યું અને સમાજમાં વિસ્તર્યું હોવાનું જણાવ્યું. આવકાર ઉદ્‌બોધન શ્રી સુરશંગભાઈ ચૌહાણે કરેલ. શ્રી અરુણભાઈ દવેએ આભાર દર્શન વેળાએ જણાવ્યું કે અહીં આભારના બદલે આનંદ વ્યક્ત કરવો છે. શ્રી વાઘજીભાઈ કરમટિયાએ તથા શ્રી ડાયાભાઈ ડાંગરે વાર્ષિક અહેવાલો રજૂ કર્યા. સંદેશા વાંચન શ્રી રાજુભાઈ વાળાએ કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નરેન્દ્રભાઈ મકવાણાએ કર્યું. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભરતસિંહ ગોહિલ, શ્રી લાલજીભાઈ નાકરાણી, શ્રી ફાઝલભાઈ, શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી રઘુભાઈ પટેલ, શ્રી ભીખાભાઈ કૌરાંટ, શ્રી રવુબાપુ, શ્રી સુખદેવાનંદબાપુ, શ્રી જશુભાઈ રાવલ, શ્રી મેહુરભાઈ લવતુકા, શ્રી કિશોરસિંહ ગોહિલ, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી જીજીભાઈ ચૌહાણ, શ્રી યોગેશભાઈ ભટ્ટની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.
- તા. ૧૧ના રોજ પીડીલાઈટ કંપનીના ૧૪ મહેમાનો સંસ્થાની મુલાકાતે આવી ગયા.
- તા. ૧૨ના રોજ ઉત્તરાયણ નિમિત્તે ગો-પૂજન અને ગોશાળા સફાઈ કાર્યક્રમ તેમજ લોકભારતીથી પધારેલ શ્રી વિક્રમભાઈ દેસાઈનું પ્રેરક પ્રવચન રહ્યું.
- તા. ૧૮ અને ૧૯ના રોજ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ ગાંધીનગર પ્રેરિત , ભાવનગર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પરિષદ, જિલ્લા શિક્ષણાધિકારી જિલ્લા પંચાયત ભાવનગર કચેરી, ભાવનગર શિક્ષણ સમિતિ તથા ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા દ્વારા પ્રાથમિક અને માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું વિભાગીય કક્ષાનું વિજ્ઞાન ગણિત પર્યાવરણ પ્રદર્શન-૨૦૨૨-૨૩ યોજાયું. શ્રી અરુણભાઈ દવે એ ઉદ્‌ઘાટન કર્યું. ભાવનગર , બોટાદ , રાજકોટ , મોરબી , કચ્છ અને સુરેન્દ્રનગર જિલ્લાના પ્રતિભાવંત વિદ્યાર્થી બાળકો વિવિધ કૃતિઓ સાથે જોડાયા. બે દિવસના આ પ્રદર્શનમાં મુખ્ય મહેમાન રહેલા પૂર્વ સાંસદ શ્રી રાજેન્દ્રસિંહ રાણા હતા. મહાનગરપાલિકા ભાવનગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી શિશિરભાઈ ત્રિવેદી તથા શિક્ષણ વિભાગના શ્રી રમેશભાઈ ઉપાધ્યાય એ પ્રાસંગિક વાત કરી.
- તા. ૧૮ના રોજ સંગીતસંધ્યાનું આયોજન થયેલું.
- તા. ૨૪ અને ૨૫ના રોજ મહેસાણા જિલ્લાની પ્રાથમિક શાળાના ૫૬ જેટલા શિક્ષકોની ટીમ શૈક્ષણિક એક્સપોજર માટે શાળા મુલાકાતે આવી.
- તા. ૨૬ના રોજ ગણતંત્ર દિવસ નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાઈ ગયો.
- તા.૨૭ના રોજ માન.વડાપ્રધાનશ્રીનો પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં ઓનલાઈન વિદ્યાર્થીઓ અને કાર્યકરો સામેલ થયા.

**મણાર સમાચાર**

- તા. ૦૧થી ૦૭ દરમ્યાન ધોરણ-૧૧નો એન.એસ.એસ કેમ્પ લાખણકા ગામ મુકામે યોજાઈ ગયો. જેમાં પી.એન.આર સોસાયટી

ભાવનગર તથા અંધજન મંડળ ભાવનગરના સંયુક્ત ઉપક્રમે નેત્ર નિદાન કેમ્પ તથા રૂબેલા રસીકરણ કેમ્પ યોજવામાં આવ્યો. નેત્રનિદાન કેમ્પમાં ૫૦૦ કરતાં વધારે દરદીને તપાસવામાં આવ્યા તથા ૩૨૧ દરદીને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું. ૨૨ કિશોરીઓનું રૂબેલા રસીકરણ કરવામાં આવ્યું. આ શિબિર દરમ્યાન પ્રભાતફેરી, ગ્રામસફાઈ, દરિયા કિનારાની સફાઈ, ફાયરસેફટી ડેમોસ્ટ્રેશન, અકસ્માત નિવારણ, રોડ સલામતી, ગ્રાહકસુરક્ષા તથા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા.

- ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા, મણારનો સંયુક્ત વાર્ષિકોત્સવ યોજાઈ ગયો, જેમાં સંસ્થાના તમામ છાત્ર-છાત્રાઓ અને કાર્યકરો પરિવાર સહિત જોડાયા. આ કાર્યક્રમમાં મણાર સંસ્થાનો વાર્ષિક અહેવાલ આચાર્યશ્રી ડાયાભાઈ ડાંગર દ્વારા રજૂ થયો. ઉત્સવ પૂર્ણ થયા બાદ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ તથા પાલીતાણાના માનસિક વિકલાંગ આશ્રમની મુલાકાત લેવામાં આવી.
- તા.૧૧ના રોજ એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર શ્રીમતિ કંચનબેન થડોદા ઉચ્ચ શિક્ષણની કચેરી –ગાંધીનગર મુકામે યોજિત ''માર્ગ સલામતી તાલીમ'' માં જઈ આવ્યા.
- સંસ્થાના વડીલશ્રીઓ શ્રી રઘુભાઈ-અરૂણાબહેન, શ્રી લાલજીભાઈ-નર્મદાબહેન, શ્રી યોગેશભાઈ, શ્રી ભીખાભાઈ વગેરે સૌ સંસ્થા મુલાકાતે આવી ગયા અને રાત્રી રોકાણ કર્યું.
- મકરસંક્રાતિ પર્વ નિમિત્તે ગૌશાળાની સમૂહસફાઈ યોજવામાં આવી. સમૂહમાં શેરડી ખાવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. ગૌશાળામાં ઘાસચારો તથા ખાણદાણ દાનમાં આપવામાં આવ્યા.
- તા.૨૨ના રોજ મોડેલ સ્કૂલ તળાજા મુકામે 'આઈ એમ એન ઈનોવેટર' કાર્યક્રમમાં અહીંના છાત્રા તથા ''મોજીલું શિક્ષણનો''સ્ટાફ ભાગ લઈ આવ્યા.
- સરકારશ્રી દ્વારા આયોજિત ''ગુણોત્સવ'' કાર્યક્રમ અંતર્ગત ક્લાસ-૨ ઓફિસર શ્રી બારૈયાસાહેબ(ગાંધીનગર) શાળાનું ઈન્સ્પેકશન કરવા તા.૨૩ના રોજ આવી ગયા.
- તા.૨૪ના રોજ ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના ઈ.આ. શ્રી સંજયભાઈ ડોડીયા તથા શ્રી સાગરભાઈ પંડ્યા સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- શ્રી વિશાલભાઈ ભાદાણી ધો.૧૦ તથા ૧૨ના છાત્રોનો પરીક્ષાનો ભય કેવી રીતે દૂર થાય તે માટે મોટીવેશન સ્પીચ આપવા આવી ગયા. તેમણે લોકભારતી યુનિવર્સિટીનો તથા તેના અભ્યાસક્રમો વિષે વિગતે માહિતી આપી અને છાત્રોને મોટીવેટ કર્યા.
- કસ્તુરબા સેવાશ્રમ-મરોલીના ટ્રસ્ટી (એન.આર.આઈ) શ્રી શશીભાઈ પટેલ, શ્રી પલ્લવીબહેન, શ્રી લલિતાબહેન તથા શ્રી ભીખાભાઈ કોરાટ સંસ્થા દર્શને આવી ગયા. તેઓ સાયં-પ્રાર્થનામાં જોડાયા.
- પ્રજાસત્તાક દિવસની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી. જેમાં એન.સી.સી તથા એન.એસ.એસ.ના કેડેટની પરેડ, રાષ્ટ્રભાવનાને લગતા સૂત્રોચ્ચાર તથા ગીતો,ધ્વજવંદન અને કવાયત જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા.
- તળાજા મુકામે જિલ્લા કક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ યોજાતા તેમાં આપણી શાળાના ૩૬ ભાઈઓએ ''પીરામીડ'' તથા બહેનોએ ''હેલ્લારો'' નૃત્યમાં ભાગ લીધો અને આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સૌની પ્રશંસા પ્રાપ્ત કરી. તેમને માર્ગદર્શન આપવાનું કામ અહીંના શિક્ષક શ્રી વિપુલભાઈ સરવૈયા અને સંગીત શિક્ષક મહેન્દ્રભાઈ ડાભીએ આપ્યું હતું.
- તા.૨૭ના રોજ શ્રી મધુકરભાઈ પારેખ, શ્રી લવીનામેડમ, શ્રી પી.કે. શુક્લાજી વગેરે કૃષિ-

બાગાયત વિકાસ કેન્દ્રની મુલાકાતે આવી ગયા. આ દિવસે ખેડૂત સંમેલન પણ યોજવામાં આવ્યું અને આ. મધુકરભાઈએ ખેડૂતોને સંબોધિત પણ કર્યા.

- આ માસમાં સમન્વય ટ્રસ્ટ સુરતના શ્રી જેરામભાઈ પટેલ, શ્રી મધુકરભાઈના કાકા શ્રી નટુભાઈ પારેખ, શ્રી રાજનભાઈ દેસાઈ, શ્રી મૌલિકભાઈ કોટક સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- તા.૩૦ના ગાંધી નિર્વાણદિન નિમિત્તે પ્રાથર્નાસભામાં બે મિનિટનું મૌન અને પ્રાસંગિક વાતો કરી તથા મણાર સંસ્થા પ્રાથમિક શાળાનો રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો.

**માઈધાર સમાચાર**

- તા.૧ના રોજ લોકકલ્યાણ વિદ્યાલયના વિદ્યાર્થીઓ અને કાર્યકરોની ૮ કિમી અંતરની બાખલકા (બાલડ માતાજીના મંદિર) સાહસ દોડ યોજાઈ ગઈ. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને દરેક કાર્યકરો પણ જોડ્યા હતા.
- તા. ૩ના રોજ લોકકલ્યાણ વિદ્યાલયના બહેનોએ પ્રાચીન ગરબાની રજૂઆત કરી. જિલ્લા કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં જઈ આવ્યા, તેમની સાથે શ્રી નિર્મળભાઈ, શ્રી પ્રતીક્ષાબહેન અને શ્રી વિજયભાઈ જોડાયા.
- તા ૩ના રોજ દંગાપરા મુકામે યોજાયલ જિલ્લાકક્ષાના મેળામાં આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર અને મોજીલા શિક્ષણના કાર્યકરોએ વિજ્ઞાન પ્રયોગ, રમકડાં, રમતો વગેરે પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને મોજ કરાવી.
- તા. ૪ના રોજ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે બાલવૈજ્ઞાનિકો અને શિક્ષકો આવી ગયા. DIET ભાવનગરના પ્રાચાર્ય શ્રી હિરેનભાઈ, શ્રી રાજશ્રીબહેન, શ્રી યાજુષીબહેન તથા શ્રી નલિનભાઈ પંડિત, શ્રી આર.એસ ઉપાધ્યાય પણ જોડાયા. શ્રી અરુણભાઈએ સૌને રમુજી શૈલીમાં વિજ્ઞાનની સાચી સાર્થકતા જીવનને પ્રસન્ન અને મંગલ બનાવવામાં રહેલી છે તેમ સમજાવ્યું. શ્રી ભાવનાબહેને ગીતો ગવરાવ્યા હતા.
- ભાવનગર વિકાસ વર્તુળ ટ્રસ્ટ દ્વારા લેવાતી GK-IQ બુદ્ધિ કસોટીમાં સંસ્થાના ૨૩ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા. તેમાં રાજ્યમાં પ્રથમ ક્રમે ધોરણ ૯નો પરમાર પાર્થ પસંદ થયો તેમજ બીજા ક્રમે જાદવ ભાર્ગવ તેમજ મકવાણા કલ્પેશ અને ગોહિલ નીકુંજ રાજયમાં ચોથા ક્રમે પસંદ થયા.
- તા. ૧૦ના રોજ શ્રી યોગેશભાઈ ભટ્ટ, શ્રી ભીખાભાઈ, શ્રી રઘુભાઈ તથા શ્રી લાલજીભાઈ પરિવાર સાથે સંસ્થા મુલાકાતે આવી ગયા. શ્રી યોગેશભાઈ ભટ્ટે વિદ્યાર્થીઓને કાવ્યનો રસાસ્વાદ કરાવ્યો.
- તા. ૧૨ ના રોજ પીડીલાઇટ મુંબઈની ટીમ મુલાકાતે આવી ગઈ.
- તા. ૧૬ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ વિદ્યાર્થીઓને આકાશ-દર્શન કરાવવા માટે આવી ગયા.
- તા ૨૧થી ૨૩ શ્રી ભાવનાબહેન લોકભારતી અધ્યાપન મંદિરના ભાઈઓ-બહેનોની સાથે રહેવા ગીર-નેસ વિસ્તારમાં જઈ આવ્યા. બ્રહ્માનંદ આશ્રમ ચાપરડા દ્વારા સંચાલિત ૨૫ જેટલી શાળાઓમાં ગીતો- વાર્તાની મોજ કરાવી.
- તા. ૨૫ના રોજ મહેસાણા શિક્ષણ સમિતિ દ્વારા પસંદગીના પ્રયોગશીલ શિક્ષકો માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા.
- તા. ૨૬ના રોજ માઈધાર પ્રાથમિક શાળામાં યોજાયેલ ધ્વજ વંદન કાર્યક્રમમાં શ્રી ભરતભાઈ તથા શ્રી ભાવનાબહેને પ્રાસંગિક વાતો કરી.
- તા. ૩૦ના રોજ ગાંધી નિર્વાણદિન નિમિત્તે યોજાયેલ પ્રાર્થના સંમેલનમાં વિદ્યાર્થીઓએ તથા શ્રી નિર્મળભાઈ અને શ્રી ભાવનાબહેન દ્વારા પ્રાસંગિક વાતો અને ગાંધીગીતો રજૂ કરાયા.

# ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા-મણાર સંયુક્ત વાર્ષિકોત્સવ



ભાવવિભોર શ્રોતાગણ



શાલ અર્પણવિધિ
શ્રી અરુણભાઈ દવે, શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ




સમાપન અને આભાર વિધિ
શ્રી અરુણભાઈ દવે



વાતાવરણને સુમધુર બનાવતું સંગીતવૃંદ



સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા થતી કેળવણી




To.

From :

**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*
**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*
**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।
**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-